◆ તરણેતરનો ભાતીગળ લોકમેળો પ્રવાસીઓ માટે આજે પણ આકર્ષણનું કેન્દ્ર



વર્ષ : ૫૧ ■ અંક : ૧૮ ■ તા. ૧૬-૦૯-૨૦૧૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક






શિક્ષકદિને શ્રેષ્ઠ શિક્ષકોને પુરસ્કાર એનાયત



**Ford પછી Peugeotનું પણ ગુજરાતમાં આગમન...**



ગુજરાત

વર્ષ : ૫૧ ■ અંક : ૧૮ ■ તા. ૧૬-૦૯-૨૦૧૧

તંત્રી : વિ. થિરૂપુગલ
સંપાદક : અરવિંદ પટેલ
કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી
સહ સંપાદક : પલ્લવ પટેલ, તુષાર જોષી
ઉપસહ સંપાદક : દેવાંગ મેવાડા, શિરીન સૈયદ, મનીષા સોલંકી
કલા નિર્દેશક : જસ્મીન દવે
વિતરણ : શરદ બુબડીયા, જયેશ દવે

- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.
- રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

લવાજમ નીચેના સ્થળોએ સ્વીકારાય છે :

- માહિતી કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૭, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
- જિલ્લા મથકોએ આવેલી માહિતી કમિશનરશ્રીની કચેરીઓ તથા માહિતી કેન્દ્રો.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, ખેતાન ભવન, પહેલા માળે, ૧૯૮, જે. તાતા માર્ગ, રીટ્ઝ હોટલ સામે, ચર્ચગેટ, મુંબઇ - ૪૦૦૦૨૦.

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય,
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫

**વિતરણ વિભાગ**
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨

**વેબસાઇટ**
http://www.gujaratinformation.net

**ઇ-મેઇલ એડ્રેસ**
gujaratmagazine@gmail.com

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. અમદાવાદ દ્વારા મુદ્રિત

**તા. ૧૬-૦૯-૨૦૧૧ થી તા. ૩૦-૦૯-૨૦૧૧**



# શબ્દશઃ

કોઇપણ સમાજના વિકાસ માટે શિક્ષણ જ પાયો છે અને ગુજરાતે છેલ્લા એક દશકમાં ગુજરાતના શિક્ષણમાં ગુણાત્મક બદલાવ લાવવાની પ્રતીતિ કરાવી છે.

- સમગ્ર દેશમાં ઉચ્ચ શિક્ષણ અને યુનિવર્સિટીઓની કોલેજોનું ગુણવત્તા માટે ગ્રેડેશન થાય છે પરંતુ ગુજરાત સરકારે તો પ્રાથમિક શાળા, શિક્ષક, વિદ્યાર્થીના સ્તરનું ગ્રેડેશન કરવાની ગુણોત્સવ દ્વારા પહેલ કરી છે
- ગુજરાતમાં ગુણોત્સવના માધ્યમથી પ્રાથમિક શિક્ષણમાં ગુણાત્મક બદલાવ માટે શિક્ષકોએ જ રાહ અપનાવી લીધો છે
- શિક્ષકમાં ઇચ્છાશકિત, સંકલ્પશકિત, પુરૂષાર્થશકિત હોય તો મજબૂત રાષ્ટ્રનો પાયો બાંધવાની સફળતા મળે જ.
- સંપૂર્ણ પારદર્શિ પદ્ધતિથી ગુણવત્તાના ધોરણે ભરતી આ ગુજરાતમાં જ શકય છે અને પારદર્શિતા કોને કહેવાય તે ગુજરાત સરકારે પુરવાર કરી છે.
- ગુજરાતનો આધુનિક વિકાસ પંચામૃત શકિતના આધારસ્થંભ ઉપર જ્ઞાનશકિતનો મહિમા કરીને ગતિમાન બન્યો છે
- શિક્ષકોના હાથમાં માત્ર નિયુક્તિ પત્ર જ નહીં પણ ગુજરાતની આવતીકાલની જવાબદારી સરકારે સોંપી છે
- કોઇ પણ રાજયનો વિકાસ રસ્તા કે બીજી ભૌતિક સુવિધાના વિકાસના આધારે જ નહીં પણ શિક્ષણ ઉપર જ નિર્ભર છે.
- જે શિક્ષક ગર્વથી તેજસ્વી વિદ્યાર્થીને હોનહાર તૈયાર કરે તેનું જ શિક્ષક તરીકેનું જીવન સાર્થક ગણાય, કારણ શિક્ષક માત્ર જ્ઞાન નથી આપતો જીવનનું ઘડતર કરે છે.
- શિક્ષક નિત્યનૂતન હોવો જોઇએ. સ્થગિતતા અને લઘુતાગ્રંથીથી પીડાય નહીં.

(શિક્ષક દિને યોજાયેલા મુખ્યમંત્રીશ્રીના ઉદ્‌બોધનમાંથી...)




















**૪ વાચકોના અભિપ્રાય**

**૫ દિલ્હી ડાયરી**
- નિલેશ શુક્લ

**૬ સમયના હસ્તાક્ષર**
- વિષ્ણુ પંડ્યા

**૨૨ ફોટોફીચર**

**૨૪ પર્વ**
- દિનેશ દેસાઇ

**૨૮ સમાચાર વિશેષ**

**૩૧ લોકવિરાસત**
- જોરાવરસિંહ જાદવ

**૪૧ સર્જન**

**૪૩ વનસ્પતિ વૈભવ**
- વૈદ્ય પારુલ જોષી

**૪૪ આસપાસ**

**૪૬ યોજનાની વાત**
- વિનોદ કોટેચા

**૪૭ ચલો તાલુકે**

**૪૮ પરામર્શ**

**3 સંવેદના**
શાંતિ-સદ્‌ભાવના અને વિકાસ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ પત્ર

**૭ પહેલ**
i-create પ્રોજેક્ટનો ગુજરાતમાં પ્રારંભ

**૧૪ લોકમેળો**
તરણેતર પ્રવાસીઓ માટે આજે પણ આકર્ષણ

**૧૭ નિમણૂક**
મહેસૂલ વિભાગમાં ૩૬૮ સર્વેયરોની નિમણૂક

**૧૮ લોકાર્પણ**
સેન્ટર ઓફ એક્સલન્સ (ઓટોમોબાઈલ સેક્ટર)નું લોકાર્પણ

**૧૯ નાવિન્ય**
ચંદનનાં વૃક્ષો જીવનમાં સુગંધ અને આર્થિક સધ્ધરતા બક્ષી શકે

**૨૦ ગોપાલન**
ગૌરક્ષા-ગૌસંવર્ધન માટે અવિરત કાર્યરત ગુજરાત ગૌ સેવા આયોગ

**૨૧ સન્માન**
ઉદ્યોગો સાહસિકોને એવોર્ડ એનાયત

**૨૬ પ્રતિબધ્ધતા**
સુવર્ણજયંતિ શહેરી રોજગાર યોજનાના (બી.પી.એલ.) કાર્ડ વિતરણ


**૨૭ સવલત**
જી.સી.એસ. મેડિકલ કોલેજ, હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટરનું લોકાર્પણ

**30 ઇચ્છાશક્તિ**
રવિવાર કે રજા, શિક્ષણ કાર્ય નિરંતર ચાલે છે...

**૪૦ સંભાળ**
સમાજમાં મહિલા કલ્યાણ અને વડીલ સારસંભાળ કેન્દ્રો જરૂરી બન્યાં છે.

**૪૨ ઘડતર**
વિદ્યાસહાયકોને નિમણૂક પત્રો એનાયત


તસવીર સહયોગ : જગદીશ પી. મેવા • રમેશ ઘડાકે • મનોજ તિવારી



# શાંતિ - સદ્‌ભાવના અને વિકાસ
# ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ પત્ર

**તા. ૧૩.૦૯.૨૦૧૧**

***વ્હાલા નાગરિક ભાઈઓ અને બહેનો..***

***સાદર પ્રણામ.***

ગઈ કાલે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે ૨૦૦૨ના ગુજરાતના કોમી હુલ્લડો સંબંધે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે.

દેશમાં સહુકોઇ પોતપોતાની રીતે આ ચુકાદાના અર્થ કરી રહ્યા છે. રાજકીય નિરિક્ષકો માટે ચુકાદાનો એક અર્થ છે, તો કાનૂનવિદો માટે અર્થ જુદો છે. કોઇ તેને જીત તો કોઇ તેને હારના સ્વરૂપે મૂલવે છે. સહુના પોતપોતાના દષ્ટિકોણ છે.

સર્વોચ્ચ અદાલતના ચુકાદાને કારણે એક વાત સ્પષ્ટ થઇ છે. સને ૨૦૦૨ પછી વ્યકિતગત મારા ઉપર અને ગુજરાત સરકાર ઉપર મન ફાવે તેવા જુઠા આક્ષેપો થતા રહ્યા, ગંભીર પ્રકારના આરોપો થતા રહ્યા; આ બધાં જુઠાણાના દુષિત વાતાવરણનો અંત આવ્યો છે. લગભગ દશ વર્ષ સુધી ગુજરાતને અને મને બદનામ કરવાની ફેશન થઇ ગઇ હતી. ગુજરાતની કોઇ પણ સારી વાત સહન ન કરી શકતાં આવાં તત્ત્વો ગુજરાતને બદનામ કરવાની એક પણ તક જતી નહોતા કરતાં. સર્વોચ્ચ અદાલતના આ ચુકાદા પછી પણ ગુજરાતને બદનામ કરવાનું બંધ થશે કે કેમ ? તે કહેવું મુશ્કેલ છે. પરંતુ એક વાત નક્કી છે કે જુઠાણા ફેલાવનારાં, ગુજરાતને બદનામ કરનારાં તત્ત્વોની વિશ્વસનીયતા પણ હવે તળિયે ગઇ છે. દેશની જનતા હવે આવાં તત્વોની કોઇ પણ વાત ઉપર વિશ્વાસ કરશે નહીં..

વ્હાલા નાગરિકો... સને ૨૦૦૨ની ઘટના પછી અપપ્રચાર, જુઠાણાં, ષડ્‌યંત્રો, આરોપો વચ્ચે પણ ગુજરાતે સ્વસ્થતાપૂર્ણ શાંતિ, સદ્‌ભાવના અને વિકાસના માર્ગે પૂરઝડપે આગળ ધપવામાં કોઇ કસર નથી રાખી.

'છ કરોડ ગુજરાતી' - આ માત્ર શબ્દ નહીં પરંતુ એકતા અને પુરુષાર્થનો મંત્ર બની ગયો છે. ગુજરાતના દરેક નાગરિકે શાંતિ - સદ્‌ભાવ અને વિકાસના મહત્ત્વને પચાવી બતાવ્યું છે. ભૂતકાળમાં કયારેય ન અનુભવ્યો હોય તેવો શાંતિ અને સદ્‌ભાવનો માહોલ છેલ્લા એક દશકમાં ગુજરાતે અનુભવ્યો છે. ગુજરાતે અપનાવેલી આ શાંતિ-સદ્‌ભાવ અને વિકાસના માર્ગે જ ગુજરાત આગળ ધપવા માંગે છે.

ગુજરાતીમાં બહુ પ્રચલિત કહેવત છે. "વેર થી વેર શમતું નથી." એકતા અને સદ્‌ભાવના જ આપણા દેશની સાચી શકિત છે. વિવિધતામાં એકતા એ જ ભારતની વિશેષતા છે. આપણા સમાજજીવનની વિવિધતામાં એકતાને વધુ ને વધુ મજબૂત કરતા જ રહેવું પડે. શાંતિ અને સદ્‌ભાવના પાટા ઉપર ગુજરાતના વિકાસની ગાડી આગળ ધપી રહી છે. ગુજરાત વધુ મજબૂતીથી, એકતાથી, શાંતિથી, સદ્‌ભાવથી આગળ વધે તે આપણી જવાબદારી છે. નકારાત્મકતાને ખંખેરીને સકારાત્મકતાના માર્ગે આગળ ધપવાનો ઉત્તમ અવસર આપણને મળ્યો છે ત્યારે આવો, આપણે સૌ સાથે મળી ગુજરાતની ગરિમામાં કંઇક ને કંઇક યોગદાન આપીએ. આ જવાબદારીના ભાગરૂપે આગામી દિવસોમાં સમાજની એકતા વધુ મજબૂત બને, ભાઇચારો વધે તેવા શુભ આશયથી "સદ્‌ભાવના મિશન"નો એક કાર્યક્રમ શરૂ કરવાની મારી અભિલાષા આપ સૌ સમક્ષ વિનમ્રભાવે વ્યકત કરું છું.

તા. ૧૭મી સપ્ટેમ્બર-૨૦૧૧ શનિવારના રોજ સદ્‌ભાવના મિશનના મારા કાર્યક્રમ અંતર્ગત ત્રણ દિવસના ઉપવાસ કરવાનો મેં નિર્ધાર કર્યો છે.

તા. ૧૭મી સપ્ટેમ્બરે સદ્‌ભાવના મિશન ઉપવાસનો હું આરંભ કરીશ. તા. ૧૯મી સપ્ટેમ્બરે સદ્‌ભાવના મિશનના ત્રણ દિવસના મારા ઉપવાસ પૂર્ણ થશે. મારી અંતઃકરણથી શ્રદ્ધા છે કે સદ્‌ભાવના મિશન સ્વરૂપે મારા આ અનશન ગુજરાતની શાંતિ, એકતા અને સૌહાર્દના વાતાવરણમાં નવા ઓજ અને તેજ પાથરશે.

સદ્‌ભાવના મિશનનો મારો આ કાર્યક્રમ સંપૂર્ણપણે દેશભક્તિ અને સમાજભકિત માટેનો રહેશે. શાંતિ, એકતા, અને સદ્‌ભાવનાની શક્તિથી ગુજરાતને વધુ ને વધુ વિકાસની નવી ઊંચાઇઓ ઉપર લઇ જવાનો આ પ્રયાસ ભારતની પ્રગતિ અને ઉન્નતિ માટે યોગદાન આપશે તેવી મારી અભિલાષા છે.

**સદાય આપ સહુની સેવામાં સમર્પિત**

**- નરેન્દ્ર મોદી**

### ✧ પરિવારનું મનગમતું પાક્ષિક

ગુજરાત પાક્ષિક શહેરમાં-ગામડે-લાયબ્રેરીમાં હોવુ જરૂરી છે. ગુજરાત પાક્ષિક આજે પરિવારને ગમતું પાક્ષિક બની ગયું છે. રાજયનાં જિલ્લામાં અને ગામડાંમાં જે પ્રકારના બનાવો બને છે તેનો અહેવાલ ફક્ત ગુજરાત દ્વારા જાણવા મળે છે. જાહેરાત વગર ગુજરાત જે પ્રકારનું વાંચન પ્રકાશિત કરે છે તે અભિનંદને પાત્ર છે. ગુજરાતના ૧લી ઓગષ્ટના અંકમાં 'પહેલ' હેઠળ મુખ્યમંત્રીને મળતી ભેટસોગાદોની હરાજીના સમાચારે મનને ખુશ કરી દીધું. આ રીતથી પ્રાપ્ત થતી આવક જનકલ્યાણના હેતુ માટે વાપરવામાં આવે, આ રીતે ઘણા દાનવીરો પોતાને મળતી ભેટો પોતાના માટે ન રાખતા તેની હરાજી કરાવીને પૈસાનો ઉપયોગ ગરીબોને શિક્ષણ માટે, હોસ્પિટલો માટે વાપરતાં હોય છે.

- ઘનશ્યામ એમ. ભરૂચા, મુંબઇ

### ✧ સુંદર પાક્ષિક છે

ફક્ત ₹ ૫૦ના વાર્ષિક લવાજમમાં ગુજરાત પાક્ષિક ખરેખર સુંદર છે. ગ્લેઝ પેપર, સુંદર છપાઇ સાથે, આકર્ષક ફોટા સાથેનું લખાણ વાંચકોને ગમી જાય એવું છે.




પોતાનો પતિ રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓ કરે છે અને બીજી ગુનાહિત પ્રવૃત્તિ કૃત્યોમાં સંડોવાયેલો છે, તેના વિરૂધ્ધ પોલીસને હિંમતપૂર્વક બાતમી આપનાર રેશ્માબેન રંગરેજને કોટિ કોટિ વંદન. ગૃહ રાજ્ય મંત્રી, શ્રી પ્રફુલ્લભાઇ પટેલે ₹ ૨૫,૦૦૦નું ઇનામ અર્પણ કર્યું અને રેશ્મા બહેનની કદર કરી. આવી રીતે બીજી મહિલાઓએ બોધપાઠ મેળવી હિંમતનાં કાર્યો કરવાં જોઇએ. હંમેશા સારા કામની કદર થાય છે.

- ભીખુભાઇ સી. શર્મા, સુરત

### ✧ ગુર્જર ધરાની માહિતી આપે છે

ગુજરાત પાક્ષિક ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા વિના મૂલ્યે મોકલવામાં આવે છે. જે આનંદની વાત છે. ગુજરાતના પ્રાથમિક શાળાના શિક્ષકોની સાથે બાળકો અને વાલીઓને પણ ગુજરાત પાક્ષિક વાંચવું ગમે છે. ગૌરવવંતી ગુર્જર ધરા વિશે ખૂબ જ સારી માહિતી આપતું ગુજરાત પાક્ષિક સાચે જ ગુજરાતીઓનું વિશ્વસનીય પાક્ષિક છે. હું મારી શાળાના શિક્ષકો અને બાળકોને ગુજરાત પાક્ષિક વંચાવું છું અને ગુજરાતના તમામ અંકોનો સંગ્રહ કરી પુસ્તકાલયમાં રાખું છું. ગુજરાત પાક્ષિકમાં ગુજરાતની વિવિધ પ્રાથમિક શાળાના વિકાસની વાત, ફોટોગ્રાફને સ્થાન આપવામાં આવે એવી આશા સાથે આભાર.

- અશ્વિનસિંહ એલ. સોલંકી, જિ બનાસકાંઠા ■

## તમારા પ્રિય પાક્ષિક 'ગુજરાત'ના તમે ખબરપત્રી બનો...

**વિકાસની વાતો અમને લખી મોકલો... તમારી વાત અન્યને પ્રેરણા આપશે...**

વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ગુજરાતમાં છેલ્લા દાયકામાં થયેલા વિકાસે સમગ્ર દુનિયામાં ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સંદર્ભે રાજ્યના ખૂણે ખૂણે કોઇને કોઇ વિકાસ કાર્યો થયા છે. ગુજરાતના ગામડે ગામડે પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓના માધ્યમથી વિકાસ કામોનો ઉજાસ ફેલાયો છે. ક્યાંક શાળા બની છે તો ક્યાંક બસ સ્ટેન્ડ, ક્યાંક આંગણવાડી બની છે તો ક્યાંક હોસ્પિટલ, કેટલાય લોકોને સરકારી યોજનાઓના લાભ મળ્યા હશે, આવા તો અનેક ઉદાહરણો હશે... સૌનો સાથ લઇને પ્રજાની લોકભાગીદારીથી થયેલા વિકાસ કાર્યો આપની નજરે પણ પડતા જ હશે. આવી અનુભૂતિ અને આનંદની લાગણી તમે પણ **'ગુજરાત'** પાક્ષિકને લખીને મોકલી શકો છો. આપ આપના ગામમાં થઇ રહેલા વિકાસની વાતો ગુજરાતના લાખ્ખો વાચકો સુધી પહોંચાડી શકો છો. અભિવ્યક્તિ કોરા કાગળ પર સુવાચ્ય અક્ષરે અથવા ટાઇપ કરીને વધુમાં વધુ ૮ થી ૧૦ લીટીમાં, મુદ્દાસર મોકલી શકો છો. આપનું લખાણ અને વિકાસ કાર્યોની તસવીર પ્રસિધ્ધ કરવા યોગ્ય જણાશે તો અમે જરૂર પ્રસિધ્ધ કરીશું. પ્રસિધ્ધ કરવા - ન કરવાના અબાધિત હક્ક તંત્રી મંડળનો રહેશે. તમે મોકલેલું લખાણ પરત મળશે નહિ અને આ બાબતે કોઇ પુછપરછ પણ ન કરવા વિનંતી. તો થઇ જાઓ તૈયાર, નજર દોડાવો તમારી આસપાસના વિકાસકામો ઉપર અને લખીને મોકલો તમારી અનુભૂતિ. ■

નિલેશ શુકલ

# દસ આદિવાસી ગામોના ૪૫૦ વિસ્થાપિત પરિવારોના વિકાસના દ્વાર ખૂલ્યા...

ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયે પંચમહાલ જિલ્લાના ગોધરા અને શહેરા તાલુકાના ૧૦ ગામોની આશરે ૧૦૫૮ હેકટર જેટલી રિઝર્વ ફોરેસ્ટની જમીનને વન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૦ હેઠળ ડાયવર્ઝનની તાજેતરમાં મંજુરી આપી છે. વર્ષ ૧૯૭૮માં પંચમહાલ જિલ્લાના હાડફ, કસ્તુરી અને ઇદલવાડા સિંચાઇ યોજનાના ૪૫૦ વિસ્થાપિત પરિવારોને વન વિસ્તારના દસ ગામોમાં વસાવવામાં આવ્યા હતા. પરંતુ વન (સરંક્ષણ) અધિનિયમ મુજબ રીઝર્વ ફોરેસ્ટ જમીન વિસ્થાપિત માટે આપી શકાય તેમ ન હતી તેના કારણે આ પ્રશ્ન ૩૦ વર્ષથી ગુંચવાયેલો હતો.

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આદિવાસી લોકોની મુશ્કેલીના ઉકેલના મક્કમ નિર્ધારના કારણે તેમને રાજયના વન વિભાગના અધિકારીઓ નવી દિલ્હી સ્થિત નિવાસી આયુકતશ્રીએ આ મુશ્કેલીનો ઉકેલ લાવવા માટે કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલય અને સુપ્રિમ કોર્ટ દ્વારા નિયુકત સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી (CEC) સાથે ચર્ચા વિચારણા કરી આ ગુંચવણભર્યા પ્રશ્નનો માર્ગ ખોલ્યો. ત્યાર બાદ રાજયના વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષણ શ્રી પ્રદિપ ખન્નાએ એક દરખાસ્ત તૈયાર કરી. જેને રાજય સરકારે સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી (CEC) સમક્ષ મુકી હતી. પર્યાવરણ અને વન મંત્રાલયની આ મંજુરીથી વિવિધ વિકાસલક્ષી યોજનાઓના અમલીકરણમાં આ કાયદાના કારણે જે અડચણો ઉભી થતી હતી તે દૂર થશે અને આ તમામ આદિવાસી વસતી ધરાવતા ગામોને કેન્દ્રીય અને રાજય સરકારની યોજનાઓનો લાભ મળશે.

૩૦ વર્ષનો ગાળો એટલે નાનો ગાળો ન કહેવાય એક પેઢીમાંથી બીજી પેઢી આવી ગઇ પરંતુ ટેકનીકલ કારણોસર રસ્તો નીકળતો ન હતો. પરંતુ ગુજરાતીમાં એક કહેવત છે ને કે “મન હોય તો માળવે જવાય” અને સતત પ્રયાસો કરવાથી મુશ્કેલ કામ પણ સરળ થઇ જાય. વન વિભાગના અધિકારીઓ અને નિવાસી આયુકતશ્રીની કચેરીના સતત ફોલો-અપના કારણે આ દસ ગામોના વિકાસના કામોનો માર્ગ ખુલ્લી ગયો... કાયદાની આંટીઘુટીમાંથી પણ રસ્તો નીકળી શકે છે તેનું એક ઉમદા ઉદાહરણ ગુજરાત સરકારના અધિકારીઓએ સૂઝબૂઝથી પુરૂં પાડ્યું

આ દસ ગામોની જમીન ફોરેસ્ટ લેન્ડમાંથી મુકત થતાં આ ગામોના લોકોએ પણ રાહતનો દમ લીધો અને વિકાસના દ્વાર તેમના માટે પણ ખુલ્લી જશે તે જાણીને તેઓમાં ખુશીની લહેર ફેલાઇ ગઇ. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની આદિવાસીઓ પ્રત્યેની સંવેદના અને તેઓના વિકાસની વચ્ચે આવતા તમામ રોડાઓને દૂર કરવાની તેમની રાજકીય ઇચ્છા શકિતના પરિણામનો સુઃખદ અંત આવ્યો.

## દિલ્હીમાં ગુજરાતના હેન્ડીક્રાફ્ટનું ધૂમ વેચાણ

ગુજરાતના હેન્ડલૂમ અને હેન્ડીક્રાફટ ચીજવસ્તુઓની જેટલી રાજયમાં માંગ છે તેનાથી વિશેષ માંગ અન્ય રાજયો અને ખાસ કરીને દિલ્હીમાં છે. ગુજરાતની હસ્તકલા કારીગીરીનું આકર્ષણ વિદેશીઓમાં પણ એટલું જ છે.

તાજેતરમાં રાજય સરકાર દ્વારા દિલ્હીમાં ૧૪ દિવસનું એક પ્રદર્શન- કમ-સેલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન અધિક મુખ્ય સચિવ શ્રી બી.કે. સિંહાએ કર્યુ હતું. ગુજરાતની પરંપરાગત હસ્તશિલ્પ, એમ્બ્રોડરી, મોતીકામ, પ્રિન્ટેડ સાડી, ટ્રાઇબલ આર્ટ પ્રખ્યાત છે. શ્રી બી.કે. સિંહાએ કહ્યું હતું કે, ગુજરાતની હસ્ત કલાકારીગીરીની આઇટેમોમાં કચ્છની આઇટેમો મશહુર છે અને આ જિલ્લાએ તેમની કલા-કારીગીરી માટે કેટલાય રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય એવોર્ડો જીત્યા છે. ગુજરાતની હેન્ડલૂમની આઇટેમો દિલ્હીવાસીઓ માટે એક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. શ્રી એ.એમ. સોલંકી, સચિવ, કોટેજ એન્ડ રૂરલ ઇન્ડસ્ટ્રીઝ, શ્રી એ.કે. ઝા, મેનેજીંગ ડાયરેકટર, હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફટ, નિવાસી આયુકત શ્રી ભરત લાલ વગેરેએ ઉદ્ઘાટન કાર્યક્રમાં હાજરી આપી હતી.

## ગુજરાતઃ ઓટોમોબાઇલ હબ

પાટનગરમાં હાલમાં જ બે હચમચાવી નાખે તેવી ઘટના બની. એક તો દિલ્હી હાઇકોર્ટમાં બોમ્બ બ્લાસ્ટ અને બીજી ૬.૬ રિચર સ્કેલનો ધરતીકંપ. બંને ઘટના એક જ દિવસે બની. નસીબજોગે ધરતીકંપથી કોઇ જાનહાનિ થઇ ન હતી પરંતુ બોમ્બ બ્લાસ્ટથી દિલ્હીવાસીઓ હતપ્રત થઇ ગયા હતા. બોમ્બ બ્લાસ્ટની ઘટનાને દરેક લોકોએ વખોડી કાઢી હતી. આ બે સમાચાર વચ્ચે પણ એક સમાચારે લોકોનું ધ્યાન આકર્ષિત કર્યુ હતુ તે સમાચાર હતા કે ગુજરાત એક ઓટો હબ તરીકે વિકસિત થઇ રહ્યું છે. ટાટા, ફોર્ડ, Peugeot અને હવે મારૂતિ ગુજરાતમાં આવી રહી છે.

ગુજરાત રોકાણકારોને શા માટે આકર્ષે છે તેના એક નહિ પરંતુ ઘણા બધા કારણો છે. સારા રસ્તાઓ, રેલ અને એર કનેકટીવીટી, ૨૪ કલાક વીજળી અને પાણી અને ખાસ કરીને લેબરનો કોઇ પણ પ્રકારનો પ્રોબ્લેમ જ નહિ. ગુજરાતમાં ઉદ્યોગો આવવાથી ઇકોનીમી સાથે રોજગારીનો ગ્રાફ પણ ખાસ્સો એવો ઉંચો આવ્યો છે તેથી જ સમગ્ર દેશમાં ગુજરાતના વિકાસ વિશે ચર્ચા થઇ રહી છે. ■

વિષ્ણુ પંડ્યા

# ગુજરાત ગૌરવના 'સરોદ'-ગાન!

ગુજરાત ગૌરવના માર્ગે ચાલનારાં પાત્રોની યાદી કયાંય પૂરી થતી નથી, કારણ ?

કારણ આપણી જીવનશૈલી આપણી, ફિલસૂફી, આપણાં જીવન અને કવન, આપણા ખમીર અને ખુમારી, સંઘર્ષ અને સંવાદ, સામજસ્ય અને સિધ્ધિ. ઊંચો ગઢ ગિરનાર અને પાવાગઢ કે દ્વારકા અને સોમનાથ; ખળભળતો, ઈજન આપતો સમુદ્ર કિનારો અને વનવાસી-ખેડૂ-આયર-મેર-રાજપૂત-બ્રાહ્મણ-વાઘેર-મોલેસલામ-વણિક અને છેક દલિતોનો સમુદાય આ બધાએ સાથે રહીને 'એકાત્મ ગુજરાત'ને સર્જ્યું છે.

સ્વર્ણિમ વર્ષ પછી હવે સ્વર્ણિમ યુગમાં તેવા નર-નારી રત્નોની પીછાણ નવી પેઢીને થવી જોઇએ. શાળાના વર્ગોમાં, કોલેજનાં વ્યાખ્યાનોમાં, યુનિવર્સિટીના સિલેબસમાં, પંડિતોની સભાઓમાં, નાટકમાં અને ગીત સંગીતમાં, ચિત્રમાં અને શિલ્પ સ્થાપત્યમાં, શાસ્ત્રમાં અને સાહિત્યમાં.

હમણાં કૃષ્ણલાલ શ્રીધરાણીની જન્મશતાબ્દીનું વર્ષ ચાલે છે. ત્રણ વર્ષ પછી આપણાં એક મોટા ગજાના કવિ - ગઝલકાર- ભજનિકનાં એકસોમાં વર્ષનું સ્મરણ કરવાં જેવું છે. એમનું નામ મનુભાઇ ત્રિવેદી. એટલે કે 'સરોદ' અને 'ગાફિલ' ગુજરાતી સાહિત્યના મંચ પર મકરંદ દવે, અમૃત ઘાયલ, ગની દહિંવાલા અને સ્વામી આનંદની સાથે મનુભાઇને ય સંભારવા પડે! વારસદારીમાં પિતાનો માણાવદર નવાબના દીવાન, પણ મનુભાઇ ન્યાયાધીશ હોવા ઉપરાંત સંવેદનશીલ કવિ બની રહેતા. તેમનામાં રહેલા 'સરોદ' થી ભકિતના તાર રણઝણ્યા. એકતારો અને તંબુર કાઠિયાવાડનાં ગામતરાંના અદ્‌ભૂત પ્રતીકો છે. સ્વામી આનંદે (ગાંધીજીના અંતેવાસી, 'નવજીવન' ના તંત્રી અને ધરતીની સોડમ પ્રકટ કરતું ગદ્ય, નિર્ભેળ સંન્યાસી; કહે છે કે અકાદમીએ તેમનું સન્માન કર્યુ તો નમ્રતાથી ના પાડી દીધીઃ 'સંન્યાસીને વળી આવા વળગણ શાના ?') મનુભાઇને કદી જોયા ન હતા પણ 'રામરસ' નામે ભજનોનું પુસ્તક હાથમાં આવતા વેંત છેક ૧૯૫૬માં તેમણે લખ્યું "લગભગ એક એક ભજનમાં અંતરના તાર રણઝણાવી મુકે એવી આરત, અભિવ્યકિત અને ભક્ત હદયની નમ્રતા પડયા છે. અને એને અડફેટે આવનાર પાવન જ થાય ને એના મનના મેલ ધોવાય!"

'પેંખ્યામાં જ પીછાણ, એ સાચા શબદના પરમાણ!' આવું 'સરોદ'ની કલમે જ લખાય. ન ઉપદેશ ન ગુરૂગ્રંથિ, ન કૃત્રિમતા... બસ ધસમસતી નદી!

આ આધુનિક કવિનું અંતર વલોણું જન્મ માણાવદરમાં(૨૯ જુલાઇ ૧૯૧૪) માણાવદરમાં નવાબી શાસનને શિક્ષણની ખેવના હતી. બે મોટાં શાનદાર મકાનોમાં વિદ્યાર્થીઓનું ભણતર થતું, આજે તો તેનાં રૂપરંગ ફેરવાઇ ગયા છે. પ્રાથમિક શાળાની 'હવેલી' વિસરાઇ ગઇ ! મનુભાઇ ત્યાં ભણ્યા, જુનાગઢ-રાજકોટમાં વધુ અભ્યાસ કર્યો, વકીલ થયા, પછી બિલખા, ધ્રોળ, ધ્રાગધ્રા, હળવદ, સાવરકુંડલા, રાજકોટ, સુરેન્દ્રનગર, જુનાગઢ,ભાવનગર, સુરત, નડિયાદ અને છેવટે અમદાવાદમાં ન્યાયાધિશ તરીકે રહ્યા. ૧૯૭૨ની આઠમી એપ્રિલે ટાઉન હોલના કવિ સંમેલનમાં એકાદ-બે ગઝલો પ્રસ્તુત કરીને પોતાની બેઠક પર પાછા ફર્યા ને હ્રદય રોગનો હુમલો થયો, નવમીએ આ છેલ્લી ગઝલમાં મોકળાશથી સંકેત આપ્યો હતો આ શબ્દોમાં 'જીવન જેમ જુદાં છે, કાયા ય જુદી, છે મૃત્યુય જુદાં જનાજે જનાજે!'

કોઇ આધુનિક કવિ પર સ્વામી આનંદ જેવા હેતથી વરસીને 'ભક્તરાજ' કહીને નવાજે એવી આનંદજનક ઘટના બે ગણાય. મકરંદ દવેને 'ઓલિયા કવિ' કહેવાયા, મનુભાઇ ત્રિભુવનદાસ કવિને 'ભક્તરાજ!' એનો સ્વર કેવો, એમાં શું થનગનો?, પછડીના પાંચ હાથ પનો!

વિરક્તિની વચ્ચેય એ કર્મયોગી હતા. તેમનો ન્યાય પ્રિયતાના ચુકાદાઓ, મનુષ્ય સમુદાય પ્રત્યેની કરુણા, કવિ મિત્રોને ખબરેય ના પડે એવી મદદ અને જીવનની મસ્તીને વણી લેતી ગઝલોથી માંડીને બાળકો માટેનાં કાવ્યો! ગઝલ માટે તેમની જાણીતી પંક્તિ છે 'ન ગાંઉ કેમ હું ભજનોની સાથે ગઝલો પણ ગાફિલ?/ અહીં ખેંચે છે મીરાંબાઇ, તો ત્યાં મીર ખેંચે છે!'

ગુજરાતે આવા કવિ વિશેનાંયે ઓવારણા લેવાં જોઇએઃ ગુજરાતની ગરવાઇને વિંટેલા સર્જકોએ પ્રગટો કરી તેમાં વીસમી સદીમાં ઉમાશંકર, શ્રીધરાણી, સુંદરમ્, જેવા જ 'સરોદ' પણ પ્રચિતયશ છે... ■

> *મનુભાઇ ત્રિવેદી એટલે કે 'સરોદ' અને 'ગાફિલ' ગુજરાતી સાહિત્યના મંચ પર મકરંદ દવે, અમૃત ઘાયલ, ગની દહિંવાલા અને સ્વામી આનંદની સાથે મનુભાઇને ય સંભારવા પડે! વારસદારીમાં પિતાનો માણાવદર નવાબના દીવાન, પણ મનુભાઇ ન્યાયાધીશ હોવા ઉપરાંત સંવેદનશીલ કવિ બની રહેતા. તેમનામાં રહેલા 'સરોદ' થી ભકિતના તાર રણઝણ્યા.*

# i-create પ્રોજેક્ટનો ગુજરાતમાં પ્રારંભ
# સંશોધન સામર્થ્ય ધરાવતા યુવાનો માટે દિશાસૂચક

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યુવાનોના નવતર શોધ સંશાધનો અને પહેલ કરનારા વિચારોને વિશ્વ સમક્ષ સાકાર કરવાનો અવસર આપતા, ગુજરાત સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેકટ i-create (આઇ-ક્રિએટ)નો પ્રારંભ કરતા હિન્દુસ્તાનની યુવાશકિતને સર્જનશકિતમાં સામર્થ્યવાન બનાવવાનું પ્રેરક આહ્‌વાન આપ્યું હતું.

વિશ્વભરમાં ૯/૧૧ ના ઐતિહાસિક દિવસની ભૂમિકા અને તેના સંદર્ભમાં મહાત્મા મંદિર ગાંધીનગરના વિશાળ સભાકક્ષમાં ઉપસ્થિત રહેલા હજારો યુવાનોને i-create (ઇન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રિનિયોરશીપ એન્ડ ટેક્નૉલૉજી)ની વેબસાઇટ લોન્ચ કરીને અને યુવા સંમેલન યોજીને પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વ જે સમસ્યાઓનું સમાધાન ઇચ્છે છે તે માટેના વિચાર સંશોધનનું સામર્થ્ય રાખનાર કોઇપણ યુવાનના સપના i-create દ્વારા સાકાર થાય તેવી ક્ષમતા સાથેના આ વિશ્વસ્તરના કેન્દ્રને વરિષ્ઠ ટેકનોક્રેટ એન્ડ મેનેજમેન્ટ તજજ્ઞ શ્રી નારાયણ મૂર્તિનું પ્રેરક નેતૃત્વ મળ્યું છે. જેમાં રાજ્ય સરકાર હોનહાર યુવાનોની સર્જન શક્તિ જોડવા પણ પ્રતિબધ્ધ છે.

૯-૧૧ના દિવસની ઐતિહાસિક ભૂમિકા સંદર્ભમાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, “૧૧૮ વર્ષ પહેલા ભારતના હોનહાર યુવાસન્યાસી સ્વામી વિવેકાનંદે અમેરિકાની ધરતી ઉપર સમગ્ર વિશ્વને જોડવાનો આધ્યાત્મિક સંદેશ આપીને હિન્દુસ્તાનની માનવકલ્યાણની સાંસ્કૃતિક તાકાતનો પરિચય કરાવેલો એ જ અમેરિકામાં આજથી દસ વર્ષ પહેલા સને ૨૦૦૧ના ૯-૧૧ના રોજ માનવતાવિરોધી આતંકવાદે રકતરંજિત માનસિકતાથી વિશ્વને આઘાત આપેલો. આજે ગુજરાતની આ ધરતી ઉપરથી i-create ૯-૧૧ના દિવસે પ્રારંભ, એ હિન્દુસ્તાનની યુવાશકિત વિશ્વની સમસ્યાઓના સમાધાન માટેની નવી પહેલનું બીજારોપણ કરે છે તે ઈતિહાસની સ્વર્ણિમ પૃષ્ઠ સમાન ઘટના છે.”

મુખ્ય મંત્રીશ્રીએ ઉપસ્થિત યુવાવર્ગને પ્રભાવક શૈલીમાં જણાવ્યું હતું કે “કોઈ પણ વિચાર વાંઝિયો હોતો નથી મને આપ સહુ ઉપર અને સમગ્ર યુવાનો ઉપર પૂર્ણ શ્રદ્ધા અને ભરોસો છે. યુવાનોના વિચારોને સાકાર કરવા અને કંઈક કરી બતાવવા માટેનું પ્લેટફોર્મ આ i-create પૂરું પાડશે.”






વિડિયો કોન્ફરન્સ માધ્યથી સંબોધન કરતાં શ્રી નારાયણ મૂર્તિએ i-createના સલાહકાર મંડળના અધ્યક્ષ તરીકેના મુખ્યમંત્રીશ્રીના આમંત્રણનો સ્વીકાર કરતાં આજના વૈશ્વિક સ્પર્ધાના યુગમાં સફળ યુવા ઉદ્યોગ સાહસિક બનવા માટેના જે ગુણો વિકસાવવા જરૂરી છે તેનું તલસ્પર્શી પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. i-createની સંકલ્પના સાકાર કરવા માટે મુખ્યમંત્રીશ્રીના દ્રષ્ટિવંત અને ગતિશીલ અભિગમને શ્રી નારાયણ મૂર્તિએ અદ્‌ભૂત ગણાવ્યો હતો. નિરમા યુનિવર્સિટીના ડિરેકટર જનરલ શ્રી ડૉ. એન.આર.વસાણીએ ૩૪ એકર જમીનમાં સ્થપાનારૂપ i-create સંકુલ વિશ્વકક્ષાનું ઇનોવેશન માટેનું ઇન્કયુબેટર સેન્ટર બની રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ઊર્જા રાજ્ય મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, મુખ્ય સચિવ શ્રી એ.કે.જોતિ, જી.એમ.ડી.સી.ના એમ.ડી. શ્રી વી.એસ.ગઢવી સહિત ઉચ્ચ અધિકારીઓ અને યુવાનો હાજર રહ્યા હતા.

# ગુજરાતમાં ગુણોત્સવના માધ્યમથી શિક્ષણમાં ગુણાત્મક બદલાવ

## શિક્ષકદિને શ્રેષ્ઠ શિક્ષકોને પુરસ્કાર એનાયત

"જો એક વર્ષનો વિચાર કરતા હો તો અનાજ વાવો, દસ વર્ષનો વિચાર કરતા હો તો ફળનાં વૃક્ષો વાવો પરંતુ જો પેઢીઓનો વિચાર કરો તો માણસો વાવો"

આ કહેવત ચીન દેશની છે અને આપણે ત્યાં ઋષિ સંસ્કૃતિથી મનુષ્યની વાવણીનું કામ શિક્ષકો કરી રહ્યા છે.

"કેળવણી એટલે બાળકોનાં શરીર, મન અને આત્માનાં જે ઉત્તમ અંશો હોય તેમનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર લાવવા" આવું મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું. એટલે જ પોતીકી શૈલીથી શિક્ષણ પધ્ધતિનું શિક્ષણ આપનારા શિક્ષકો સમાજમાં આદરપાત્ર છે. "શિક્ષક રાષ્ટ્રનો ઘડવૈયો છે. માતા - પિતા બાળકને જન્મ આપે છે. પરંતુ જીવન ઘડતરની કેળવણી તો શિક્ષક આપે છે. શિક્ષકો બાળકોમાં પ્રાણ પૂરે છે." એમ કહેતા મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી કહે છે શિક્ષક સ્વપ્ન વિનાનો ન હોઇ શકે અને શિક્ષક આપણી ચેતનાનું કેન્દ્ર છે.

આપણે ત્યાં શાળાને મંદિર ગણાવ્યું છે. શાળા એ સમાજનું દર્પણ છે. અહીંથી જ આદર્શ વ્યક્તિત્વ, આદર્શ સમાજ અને આદર્શ રાષ્ટ્રનું નિર્માણ થાય છે. શાળાઓમાં અપાતા શિક્ષણ દ્વારા યુવાનો નવપલ્લવિત થાય છે. સામાજિક વાતાવરણ જીવંત બને છે અને એથી જ કહેવાય છે કે એક શિક્ષક એક રાષ્ટ્રના ભાવિ ઘડતરમાં પોતાનો અમૂલ્ય ફાળો આપી રહ્યો છે.

ગુજરાતમાં આજે પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે વ્યાપક પ્રયાસો થઇ રહ્યા છે. શૈક્ષણિક ક્ષેત્રે નૂતન પ્રયોગો અમલીકરણ પામ્યા છે. તાલીમની પધ્ધતિમાં પરિવર્તન આવ્યું છે. અભ્યાસના વિષયોમાં વૈવિધ્યકરણ દાખલ થયું છે.

૨૦૧૧ના વસતિ ગણતરીના આંકડા બતાવે છે કે ગુજરાતમાં સાક્ષરતાનો દર વધ્યો છે.મહિલાઓના શિક્ષણમાં ૨૦૦૧માં જે સ્થિતિ હતી તેની સામે ૨૦૧૧ના આંકડા વધુ પરિણામદાયી છે. (૨૦૧૦માં સાક્ષરતા ૫૭.૮% હતી તે ૨૦૧૧માં ૭૦.૭૩% થઇ છે.)

ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં શૈક્ષણિક ક્ષેત્રે વ્યાપક ફેરફારો કરીને શિક્ષણના વ્યાપને વધુ પરિણામદાયી બનાવ્યો છે. શિક્ષણમાં મહત્વના સુધારા રૂપે ધોરણ આઠને પ્રાથમિક શિક્ષણમાં સમાવિષ્ટ કરાયું છે. શિક્ષકોની ઘટને પૂરી કરવા ગયા વર્ષે ૧૦,૦૦૦ શિક્ષકોની નવી ભરતી કર્યા બાદ વધુ ૧૦,૦૦૦ પ્રાથમિક શાળાના શિક્ષકોની ભરતી થનાર છે. ગણિત - વિજ્ઞાન અને અંગ્રેજી વિષય માટે શિક્ષકોની પસંદગી કરતી વખતે ભરતીના નવા નિયમો દાખલ કરાયા છે, જેથી વધુ ગુણવત્તાયુક્ત શિક્ષકોની ભરતી થઇ શકે.

ગુણોત્સવ કાર્યક્રમ થકી પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તાની તપાસણીનું સારું કાર્ય થઇ શક્યું છે. ભારતભરમાં માત્ર ગુજરાતમાં જ આ પ્રકારનો કાર્યક્રમ છે. શાળાઓ પોતાનું સેલ્ફ એસેસમેન્ટ કરે પછી રાજ્ય સરકારના ૩૦૦૦ અધિકારીઓ ૯૦૦૦ શાળાઓની મુલાકાત લે છે અને શાળાકીય શિક્ષણમાં શ્રેષ્ઠ પરિણામ કેવી રીતે આવે ? તે દિશામાં અવલોકન - સુધારા - અમલીકરણ કરે છે.

ચાલુ વર્ષમાં ૧૦ જેટલી મોડેલ ડે સ્કૂલ શરૂ કરવાનું આયોજન છે. જેમાં પ્રત્યેકમાં ૧૦૦૦ વિદ્યાર્થી હશે નજીકના ગામડામાંથી બાળકોને બસ દ્વારા શાળામાં લઇ જવાશે.

*"છું સતત હું દોડતો શોધવા નાવીન્યને*
*ઉછેરું છું પ્રેમથી શિક્ષણ નામે વૃક્ષને"*

આ પંક્તિમાં સમાયેલી લાગણી પ્રત્યેક શિક્ષકના હ્રદયમાં ધબકી રહી છે. બાળકને વધુ ને વધુ પ્રમાણમાં શિક્ષણમાં રસ - રૂચિ વધે તે માટે તે






**જ્ઞાનશક્તિના આધારે ગુજરાતમાં એક દશકમાં શિક્ષણના સર્વાંગી પરિવર્તનની સતત નવી કેડી કંડારી છે.**
**- મુખ્યમંત્રીશ્રી**

**શિક્ષણની ગૌરવપૂર્ણ ભારતીય પરંપરાઓને જારી રાખવાનું આપણું દાયિત્વ છે**
**- રાજ્યપાલશ્રી**

પ્રયાસ થતો રહે છે. બાળકો પોતાની કલ્પના શક્તિના રંગોની રંગોળી પૂરીને નીત નવા સપના સાકાર કરવાની મથામણ કરતા રહે છે અને એમાંથી જ આવતીકાલના ભવ્ય અને દિવ્ય રાષ્ટ્રના નિર્માણના બીજ ક્યાંક રોપાય છે. આ બીજને વટવૃક્ષ બનાવવાનું કપરું અને મહત્વનું કામ શિક્ષકોનું છે.

આવા શિક્ષકોના સન્માનનો એક અવસર ગાંધીનગરમાં શિક્ષક દિન તા. ૫ સપ્ટેમ્બરના રોજ યોજાયો હતો.

રાજ્યપાલ શ્રીમતી ડૉ. કમલાજી અને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતના ૨૯ શ્રેષ્ઠ શિક્ષકોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૨૩મી જન્મજયંતીના અવસરે શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર પ્રદાન સમારોહનું જીવંત પ્રસારણ ઉપગ્રહ સેવા દ્વારા સમગ્ર ગુજરાતમાં થયું હતું.

રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે આપણી પ્રાચીન શિક્ષણ પ્રણાલી તેના સમયથી ઘણી આગળ હતી એટલું જ નહીં, પણ આપણા વિશ્વવિદ્યાલયોની ખ્યાતિ સમગ્ર વિશ્વમાં ફેલાયેલી હતી. શિક્ષણની આ ગૌરવપૂર્ણ ભારતીય પરંપરાઓને જારી રાખવાનું આપણું ઉત્તરદાયિત્વ બને છે.

મહાન શિક્ષક અને પ્રખર તત્વચિંતક પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ "શિક્ષક દિન" તરીકે મનાવવામાં આવે છે. તે નિમિત્તે ગાંધીનગર ટાઉન હોલમાં ગુજરાત સરકાર દ્વારા આયોજિત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિકોથી સન્માનવાના સમારોહમાં રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી સંબોધન કરી રહ્યાં હતાં.

તેમણે જણાવ્યું હતું કે શિક્ષકો નવી પેઢીના ભવિષ્યના નિર્માતા છે. તેઓ તેમને આવનાર પડકારોનો મુકાબલો કરવામાં સમર્થ બનાવી સમાજ અને રાષ્ટ્રની અમૂલ્ય સેવા કરે છે. તેમણે ઉમેર્યું હતું કે આપણે યાદ રાખવું જોઇએ કે શિક્ષણ નૈતિક મૂલ્યો પ્રદાન કરનારૂં સૌથી સબળ માધ્યમ છે, જેના થકી સામાજિક બદલાવ લાવી શકાય છે.

ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે શિક્ષકોએ વિદ્યાર્થીઓના મનમાં એવા પ્રકારની જિજ્ઞાસાની ચેતના પ્રજ્વલ્લિત કરવાની છે કે તેમનામાં જીવનભર જ્ઞાન પ્રાપ્ત કરવા માટેની અભિલાષા જાગૃત કરે અને












તેઓ સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ અને કલ્યાણના માર્ગે અગ્રેસર બને. આપણા વિદ્યાર્થીઓને એક વિશ્વ નાગરિક બનાવવાની સાથે ભારતની ગૌરવપૂર્ણ સાંસ્કૃતિક વિરાસત પણ સુરક્ષિત રહે તેવા માર્ગદર્શકની ભૂમિકા શિક્ષકોએ અદા કરવાની છે.

રાજયપાલશ્રીએ રાજય પુરસ્કારોથી સન્માનિત શિક્ષકોને હાર્દિક અભિનંદન આપ્યા હતા અને તેમણે આશા વ્યક્ત કરી હતી કે આપણા શિક્ષકો જે શહેરોના હોય કે અંતરિયાળ વિસ્તારોની શાળાઓના હોય તેઓ સખ્ત પરિશ્રમ અને લગનની સાથે તેમનું કર્તવ્ય નિભાવવા માટેના ભરપૂર પ્રયાસો જારી રાખશે.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના સ્થિર ગતિના વિકાસમાં શિક્ષકોના ઉત્તમ યોગદાનને પ્રેરક ગણાવતા શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન અને શુભેચ્છા આપ્યા હતાં.

ગુજરાતનો આધુનિક વિકાસ પંચામૃત શકિતના આધારસ્થંભ ઉપર જ્ઞાનશકિતનો મહિમા કરીને ગતિમાન બન્યો છે તેનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે શિક્ષક દિવસ અને શ્રેષ્ઠ શિક્ષકોના સન્માનના અવસરમાં આ સરકારે પ્રાણ પૂર્યા છે અને માત્ર સન્માનિત શિક્ષકો જ ગૌરવની અનુભૂતિ કરે એથી ય વિશેષ સમગ્ર શિક્ષક આલમ અને સમાજ પણ શિક્ષકોના ગૌરવની અનુભૂતિ કરે એ હેતુથી ઉપગ્રહ પ્રસારણ સેવાની ટેક્નૉલૉજીનો વિનિયોગ કરીને ગુજરાતભરમાં એક કરોડથી વધારે શિક્ષકો અને વિદ્યાર્થીઓ એમાં ભાગીદાર બની રહ્યા છે. દુનિયાનો કદાચ આ સૌથી મોટો પ્રેરણાવર્ગ છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમાં શિક્ષક દિવસની ઉજવણી અને શિક્ષક સન્માનનો આવો અવસર સમગ્ર શિક્ષણ જગતમાં સર્વસ્વીકૃત આદર પામ્યો છે તેનો આનંદ વ્યક્ત કરતાં શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે કોઈપણ સમાજના વિકાસ માટે શિક્ષણ જ પાયો છે અને ગુજરાતે છેલ્લા એક દશકમાં ગુજરાતના શિક્ષણમાં ગુણાત્મક બદલાવ લાવવાની પ્રતીતિ કરાવી છે.

શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન માટે ગુજરાતના શિક્ષકનો અંતરાત્મા જાગી ઉઠયો છે અને ભવિષ્યમાં ઉત્તમ શિક્ષણની ઉજ્જવળ કેડી આજના શિક્ષકો નિત્ય નૂતન નવા પ્રયોગો કરીને કંડારી રહ્યા છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ગુણોત્સવના માધ્યમથી પ્રાથમિક શિક્ષણમાં ગુણાત્મક બદલાવ માટે શિક્ષકોએ જ રાહ અપનાવી લીધો છે તેને આવકાર આપ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સમગ્ર દેશમાં

ઉચ્ચ શિક્ષણ અને યુનિવર્સિટીઓની કોલેજોનું ગુણવત્તા માટે ગ્રેડેશન થાય છે પરંતુ ગુજરાત સરકારે તો પ્રાથમિક શાળા, શિક્ષક, વિદ્યાર્થીના સ્તરનું ગ્રેડેશન કરવાની ગુણોત્સવ દ્વારા પહેલ કરી છે જે અવિરત પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેનું પ્રેરક બળ બની રહ્યું છે.

શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાતના તમામ શિક્ષકો સાચા અર્થમાં શ્રેષ્ઠ શિક્ષક છે પરંતુ, આમાંથી પણ શ્રેષ્ઠત્તમ શિક્ષકોનું સન્માન થઇ રહ્યું છે. જ્યોતિગ્રામ કારણે આજે ગ્રામ્યકક્ષાના ૬૫ ટકા વિદ્યાર્થીઓ જાહેર પરીક્ષાઓમાં પ્રથમ હરોળમાં આવી રહ્યા છે. આમ, સારૂં અને ગુણવત્તાસભર શિક્ષણ છેવાડાના વિસ્તાર સુધી ઉપલબ્ધ થાય તેવો રાજ્ય સરકારનો પ્રયાસ છે.

શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી જયસિંહજી ચૌહાણ, શ્રીમતી વસુબેન ત્રિવેદી, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયા અને પ્રાથમિક શિક્ષણ સચિવ શ્રી આર. પી. ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષકો-શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં ઉપસ્થિત હતા.

**ઈન્ટરનેશનલ ગુજરાત કવીઝ કોમ્પીટીશનનો ઓનલાઈન પ્રારંભ**

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતની અસ્મિતા અને ગરિમાપૂર્ણ વિકાસથી વિશ્વભરમાં વસતા ગુજરાતીઓ માહિતગાર થાય એ માટેની આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુજરાત કવીઝ ઓનલાઈન કોમ્પીટીશનની વેબસાઈટ શિક્ષક દિવસે લોન્ચ કરી હતી.

વિશ્વમાં વસતા કોઈપણ ગુજરાતી, આ ગુજરાત કવીઝની ઓનલાઈન સ્પર્ધામાં બીજી ઓક્ટોબર ૨૦૧૧ સુધી ભાગ લઈ શકશે જેમાં ગુજરાત, રાજ્ય બહારના અને વિદેશોમાં વસતા ગુજરાતીઓ માટે અલગ અલગ વિજેતા કક્ષા સુનિશ્ચિત કરવામાં આવી છે અને ગુજરાત વિષયક ૫૦૦૦ જેટલા પ્રશ્નોની બેંક પ્રસ્તુત કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ જાહેર કર્યું હતું કે, આ ઈન્ટરનેશનલ ગુજરાત કવીઝ કોમ્પીટીશનમાં વિજેતા બનેલા દશ વિદેશના, પાંચ ભારતના અને પાંચ ગુજરાતના એમ કુલ વીસ વિજેતાઓને સહકુટુંબ રાજ્ય સરકારના શિક્ષણ અને પ્રવાસન વિભાગોના ઉપક્રમે ચાર રાત્રિ અને પાંચ દિવસ માટે 'ગુજરાત દર્શન' પર્યટનના ઇનામો અપાશે. ગુજરાતીઓ અને શાળા-કોલેજોના, વિદ્યાર્થીઓ સર્વાધિક સંખ્યામાં 'ગુજરાત કવીઝ' સ્પર્ધામાં ભાગ લે એવા શિક્ષણના આ અભિયાનને સફળ બનાવવા આહ્‌વાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ વિભાગ આયોજિત એક કરોડ વિદ્યાર્થીઓ સાથેના શૈક્ષણિક સંવાદ સત્રનો પ્રારંભ કરતા પૂર્વે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ઊંચે લાવવાના શિક્ષકોની નવતર સફળ પ્રયોગાત્મક સિધ્ધિઓ વિષયક ત્રણ પુસ્તિકાઓનું પણ વિમોચન કર્યું હતું. ■

બાળકો તો એવા રતન છે, જેને ચમકાવવા માટે મહેનત કરવી પડે. અને, આ મહેનત એટલે જ શિક્ષણ. શિક્ષકો બાળકોની યોગ્ય સારસંભાળ રાખશે અને, તેમની જિજ્ઞાસાઓને સંતોષશે તો તે બાળકને ભણવા પ્રત્યે રૂચિ કેળવાશે. અને, આ બાળકો આવતીકાલનાં ભારતનું ભાવિ બનશે. વર્ષ ૨૦૧૧ માટે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ જીતનાર શિક્ષકોમાં પણ આવી કંઈક ખૂબી જોવા મળતી હતી. દરેક શિક્ષક પોતાની સાથે કંઈક ખૂબી લઈને આવ્યા હતા. તેમનાં દ્વારા સેંકડો વિદ્યાર્થીઓએ પોતાના જીવનમાં સફળતાની નવી કેડી કંડારી છે.



ગાંધીનગરની એમ.બી.પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કુલમાં કાર્યરત ડો.વર્ષાબેન પરીખે પોતાની સફળતા માટે માતાપિતા તેમજ સહકર્મીઓનો આભાર વ્યકત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'મને નાનપણથી જ શિક્ષણ પ્રત્યે લગાવ હતો. તેથી મેં શિક્ષક તરીકેનો વ્યવસાય સ્વીકાર્યો. બાળકોને શિક્ષણ સાથે અન્ય પ્રવૃત્તિમાં રસ લેતાં કરીને તેનો સંપૂર્ણ વિકાસ કરવાનો પ્રયત્ન કરૂ છું. રાજ્ય સરકારે મને સન્માનિત કરીને મારા કાર્યોને વધારે વેગવાન બનાવ્યું છે.

**વર્ષાબેન પરીખ, ગાંધીનગર**

**પ્રકાશભાઈ પટેલ, કપરાડા, વલસાડ**



વલસાડનાં કપરાડા તાલુકાનાં સુખાલા પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતાં પ્રકાશભાઈએ પોતાની શારીરિક અક્ષમતાઓને બાજુ પર રાખીને વિદ્યાર્થીઓમાં નવી શૈક્ષણિક ક્ષમતાઓ ભરી રહ્યાં છે. 'છેલ્લાં વીસથી વધુ વર્ષથી શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલો છું. આ ઉપરાંત, વિવિધ શૈક્ષણિક તાલીમ વર્ગોમાં ભાગ લઈને મને ખૂબ ફાયદો થયો છે. જેનો લાભ મારા વિદ્યાર્થીઓને આપી રહ્યો છું.

# શિક્ષકદિન નિમિત્તે વિદ્યાર્થી - મુખ્યમંત્રીશ્રીનો સંવાદ

*શિક્ષકદિને યોજાયેલા સમારોહમાં વિદ્યાર્થીઓ અને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી વચ્ચે સંવાદ - પ્રશ્નોતરી યોજાઈ હતી. અહીં તેઓના કેટલાક પ્રશ્નો સંકલિત રૂપે મુકાયા છે.*

**ભૂમિકા પરમાર : આપશ્રીને અમારા જેવા બાળકો સાથે બાળક જેવું થવું ગમે ? (ધોરણ-૬, રાંદરી પ્રાથમિક શાળા, જિ. ખેડા)**

**મુખ્યમંત્રીશ્રી :** કોઇને પણ બાળક જેવું થવું ગમે છે. બાળપણ તો નિર્દોષ છે. બાળકોમાં અહમ નથી હોતો પરિણામે ફરીથી ભૂલ ન કરે તેવી મક્કમતા હોય છે. બાળકો હંમેશા ભૂલને સુધારવા માટે પ્રયાસ કરે છે.

**ગ્રીષ્મા સુથાર : આજના વૈજ્ઞાનિક યુગમાં અમારાં જેવા બાળકો માટે આપના શું સૂચનો છે ? (ધોરણ-૮, રાયસણ પ્રાથમિક શાળા, જિ. ગાંધીનગર)**

**મુખ્યમંત્રીશ્રી :** સૌથી પહેલાં જીવનની જરૂરિયાત હોય છે જિજ્ઞાસા. જો જિજ્ઞાસા ના હોય તો વિજ્ઞાનનું પહેલું પાનુ ખુલે જ નહીં. આ વિજ્ઞાન તરફ જવાનું પગથિયું છે. વિદ્યાર્થીઓ માટે જિજ્ઞાસા ખૂબજ આવશ્યક શક્તિ છે. અનિવાર્ય શક્તિ છે. મારો શિક્ષક મિત્રોને અનુરોધ છે કે બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિને જાગૃત રાખવી, નાનકડા છોડને જેમ ખાતર-પાણી આપીએ, તેમ બાળકોની જિજ્ઞાસાવૃત્તિને વિકસાવવી જોઇએ.

**વેદાન્ત દવે : સારા નાગરિક બનવા રમતગમતનું કેટલું મહત્ત્વ કહેવાય ? (ધોરણ ૬, ગણપાદરી પ્રાથમિક શાળા, જિ. અમરેલી)**

**મુખ્યમંત્રીશ્રી :** કોઇપણ સમાજની મોટામાં મોટી શક્તિ હોય તો તે સ્પોર્ટસ સ્પીરીટ છે. કુટુંબમાં પણ એકાદ ભાઇનો સારો વ્યવહાર હોય તો તે ખેલદીલ કહેવાય છે. સ્પોર્ટસમેન સ્પીરીટ જીવનના ગુણોની પરિચાયક છે. ખેલ વગર ખેલદીલી આવે જ નહીં. ખુલ્લા મેદાનમાં રમો. ખુલ્લી હવાનો લાભ લો. સાથે સાથે રમતના મેદાનમાં પ્રતિસ્પર્ધી અને પોતાની ટીમની શક્તિઓને ઓળખવાની છે, તેને ટીમસ્પીરીટ કહેવામાં આવે છે. રમતગમતમાં વ્યક્તિત્વના વિકાસની બહુ મોટી શક્તિ હોય છે. સાહસ, ચપળતા, નિરીક્ષણશક્તિ ટીમસ્પીરીટથી આવે છે. ભારતમાતાની ધૂળમાં રમતનાં મેદાનમાં જઇને આળોટિએ તો મા ભારતના ઉત્તમ સંતાન બનવાનો સ્વભાવ બની જાય છે અને તેજ ઉત્તમ નાગરિક બની શકે.







**દેવાંગ શાહ : પ્રકૃતિની જાળવણી માટે અમારો- બાળકોનો શું ફાળો હોઈ શકે? (સુરત)**

**મુખ્યમંત્રીશ્રી :** પ્રકૃતિને વ્યાપક અર્થમાં સમજવી જોઇએ. પ્રકૃતિ એટલે માત્ર વૃક્ષ-ફૂલ-ઝાડ-પાન-બગીચો પૂરતુ સિમીત ન રાખીએ. જરૂરીયાત કરતાં વધારે પાણી બગાડવું એનો અર્થ એમ થયો કે હું પ્રકૃતિને પ્રેમ કરતો નથી. હું વાંચતો હોઉ ત્યારે મને મળવા કોઇ મિત્ર આવે અને બહાર જવાનું થાય ત્યારે મેં લાઇટ- પંખો બંધ ન કર્યો એનો અર્થ એમ થયો કે મેં કારણ વગર વીજળી વેડફી નાંખી અને પ્રકૃતિનું રક્ષણ કર્યું નથી. આવી નાની નાની બાબતોની કાળજી લઇને પ્રકૃતિ પ્રેમ કર્યો કહેવાય. પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરીએ. થેલીનો ઉપયોગ કરીએ. આ નાના નાના સામાન્ય વ્યવહારથી પ્રકૃતિની રક્ષા થાય છે.

**માધવકુમાર પટેલ : તમારા કામકાજમાં કોમ્પ્યુટરનો ઉપયોગ કેટલો કરો છો? કેવી રીતે? ( હુમરા પ્રા.શાળા- સાબરકાંઠા)**




**મુખ્યમંત્રીશ્રી :** મિત્રો કોમ્પ્યુટર શરૂઆતથીજ ખૂબ ઉપયોગી હતું જેને આવડતું તેની પાસે શીખવા બેસતો. મનમાં જિજ્ઞાસા હતી જાતેજ જ પ્રયોગો કરું. કામચલાઉ રીતે આવડી ગયું આ ટેક્નૉલૉજીનો મહત્તમ ઉપયોગ કરવાનું શરૂ કર્યુ. હું કોમ્પ્યુટરનો નિષ્ણાત નથી પણ પ્રાથમિક જ્ઞાન તો ધરાવું છું. મોબાઈલ પણ કોમ્પ્યુટરનું એક ઉદાહરણ છે. ટેક્નૉલૉજી ખૂબ ઝડપથી વિકસી રહી છે. બદલાઈ રહી છે, આવી રહી છે. આપણે આ પ્રવાહની સાથે ડગ માંડીને આગળ વધવું છે.

**શબનમ પટેલ : અમારા જેવા વિદ્યાર્થીઓને તિથિ ભોજનનો લાભ મળે છે ? આ વાત તમારા મનમાં કેવી રીતે આવી ? (દેવગઢબારીયા, જિ. દાહોદ)**

**મુખ્યમંત્રીશ્રી :** આ વર્તમાન સરકારની વિશેષતા એ છે કે લોકભાગીદારીને પ્રાથમિકતા આપી છે. સમાજમાં અનેક લોકો હોય છે કે જેઓ કાંઈને કાંઇ પૂણ્ય કરતા હોય છે. ચોકલેટ દાન આપે છે. આને વ્યવસ્થિત કરીએ તો લાભ થાય. કોઇ તિથિ હોય, જન્મદિવસ.. લગ્નતિથિ, માતા-પિતાની પૂણ્યતિથિ. આવા પ્રસંગે શાળામાં બાળકો જમાડાતાં હોય છે. તેઓ જાતે શાળામાં આવે અને બાળકોને જમાડવાના હોય તો પહેલેથી નક્કી કરે, આના પરિણામે મધ્યાહન ભોજનની ગુણવત્તામાં સુધારો થયો. બાળકોની રૂચિ કેળવાઇ. ■

સંકલન : ભાનુપ્રસાદ દવે

એન્જિનિયરીંગનો અભ્યાસ છોડીને શિક્ષક પિતાને આદર્શ માનીને શિક્ષણનાં વ્યવસાયમાં આવનાર શ્રી જયોતિરભાઈએ



શિક્ષણ ક્ષેત્રે રાજયમાં ક્રાંતિ સર્જી છે. તેમણે પોતાની શાળાનાં તમામ ૭૫ વર્ગખંડોમાં એલ.સી.ડી. પ્રોજેકટર, ઈન્ટરેકટીવ બોર્ડ દ્વારા મલ્ટીમીડિયા કલાસરૂમમાં ફેરવી ઈ-સ્કુલમાં ફેરવી દીધી છે. તેમની શાળાનાં વિદ્યાર્થીઓ ઓનલાઈન એજયુકેશન લઈને પરીક્ષા આપી રહ્યાં છે. તેમનાં અથાગ પ્રયત્નોનાં કારણે તેમની શાળાને ઘણાં એવોર્ડ મળી ચુકયાં છે. તેમણે એવોર્ડ મેળવ્યા બાદ પોતાના અનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે, મને લાગ્યું કે એન્જિનિયર બનીશ તો કોઈ બિલ્ડીંગ બનાવીશ. પણ શિક્ષક બનીશ તો મારા હાથ નીચે હજારો એન્જિનિયર ડૉકટરો તૈયાર થશે. આ વિચાર સાથે હું શિક્ષણનાં ક્ષેત્રમાં પ્રવેશ્યો.

**જયોતિર પંડ્યા, સુરત (આચાર્ય)**

**અનિલાબેન ગજેરા, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાની શ્રી કન્યા શાળા ઘોઘવદરના ઉપશિક્ષક શ્રી અનિલાબેન શંભુભાઇ ગજેરાએ જણાવ્યું હતું કે, હું ૨૪ વર્ષથી શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે સંકાળાયેલ છું. અમારી શાળામાંથી ઘણી દીકરીઓ આજે એન્જિનીયરીંગ, ડૉકટર અને અન્ય સારા અભ્યાસ ક્રમમાં અભ્યાસ કરી રહી છે. ગુણોત્સવ કાર્યક્રમથી શાળાઓના બાળકોની વાંચન, લેખન



અને ગણનની તો પરીક્ષા થાય છે. તેની સાથે શિક્ષકે બાળકોના અભ્યાસ પાછળ કેવું ધ્યાન આપ્યું છે. તેનુ પણ મૂલ્યાંકન પણ થઇ જાય છે. વાંચે ગુજરાત અભિયાનની વાત કરતા અનિલાબેને કહ્યું હતું કે, 'આ અભિયાનના લીધે આજે શાળાના બાળકોમાં વાંચવાની સુટેવ પડી છે. અમારી શાળાની વિદ્યાર્થીનીઓમાં ઉત્તમ સંસ્કારોના ઘડતર માટે યોગ, પ્રાણાયમ જેવા કાર્યક્રમોનું આયોજન શાળા કક્ષાએ કરીએ છીએ, આ પ્રકારની પ્રવૃત્તિ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ઉપયોગી નિવડશે. ■



# તરણેતરનો ભાતીગળ લોકમેળો પ્રવાસીઓ માટે આજે પણ આકર્ષણનું કેન્દ્ર

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી વિખ્યાત તરણેતરના મેળામાં ઉમટેલા ઉત્સવઘેલા લાખો માનવીઓ સાથે આનંદમાં સહભાગી બન્યા હતા અને જણાવ્યું હતું કે પ્રવાસન પ્રવૃત્તિનો વિકાસ પ્રકૃતિપ્રેમ સાથે જોડીને કરવાની આગવી પહેલ ગુજરાતે કરી છે.

મેઘરાજાની મહેરથી ગુજરાતના છ કરોડ ગુજરાતીઓમાં વિકાસના પુરૂષાર્થની નવી ચેતના જાગી છે તેનો આનંદ વ્યકત કરતાં, શ્રી નરેન્દ્ર મોદીએ પાંચાળની ભોમકામાં બિરાજેલા ભગવાન ત્રિનેત્રેશ્વરના ભકિતભાવથી દર્શન કરીને મનપાંચમના મેળામાં ઉમંગ-ઉત્સાહથી હિલ્લોળા લેતા વિરાટ માનવ મહેરામણનું અભિવાદન કર્યું હતું. આપણી લોકસંસ્કૃતિના મેળા સામાજિક સમરસતા અને સમાજશકિતના દર્શન કરાવે છે અને પ્રત્યેક મેળાનો આગવો સંદેશ તથા ઓળખ સદીઓથી સમાજ પર્વ તરીકે માણે છે. વર્ષાઋતુમાં ખેતીકામના વિરામ સમયે ભરી ભાદરી લોકસંસ્કૃતિ મન મૂકીને મેળો માણે છે, એમાં પણ મેઘરાજાએ મહેર કરી હોય ત્યારે તો, સમગ્ર જનજીવન અનેરી ચેતનાથી છલકે છે એમ તેમણે જણાવ્યું હતું.

તરણેતરના મેળા સહિત ગુજરાતભરમાં સાંસ્કૃતિક તીર્થધામો અને સાર્વત્રિક પર્યટન આકર્ષણોનું જે વૈવિધ્ય છે તેનો આંતરરાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવાના અનેકવિધ પ્રયાસોની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે જણાવ્યું કે, પ્રકૃતિદત પર્યટન-પ્રવાસન સ્થળો વિકસાવીને પ્રવાસન ઉદ્યોગ દ્વારા ઓછામાં ઓછા મૂડીરોકાણથી વધુમાં વધુ રોજગારીના અવસરો ઉભા કરવા રાજ્ય સરકાર પ્રતિબધ્ધ બની છે.

આ સંદર્ભમાં તેમણે અંબાજી તીર્થક્ષેત્રમાં ભારતની બધી જ બાવન શકિતપીઠોની પ્રસ્તુતિ અને માંગલ્યવન ચોટીલામાં ભકિતવન, પાવાગઢમાં વિરાસત વન, સોમનાથમાં હરિહરવન, તારંગાતીર્થમાં તીર્થંકર વન, પાલીતાણામાં પાવક વન જેવી વિશિષ્ઠ સાંસ્કૃતિક મહિમા ધરાવતી વનરાજી પર્યટકો માટે ઉભી કરી છે તેનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું કે પ્રકૃતિપ્રેમ સાથે પ્રવાસનને જોડવાની પહેલ ગુજરાતે કરી છે.

તરણેતરના મેળામાં યૌવન હૈયાના મેળાનો મહિમા છે એની વિશેષતા સંદર્ભમાં શ્રી નરેન્દ્ર















મોદીએ યુવાશકિતના આ જોમ અને જુસ્સાને, પોતાના સામર્થ્યના અને કૌવતને પ્રસ્તુત કરવા સાહસ અને પરાક્રમ સાથે કૌશલ્યના સંકલ્પો પાર પાડવાનું આહ્વાન કર્યું હતું.

તરણેતરના મેળા પ્રસંગે દર વર્ષે યોજાતા ગ્રામીણ ઓલિમ્પીક્સને ગ્રામખેલકૂદ મહાકુંભ તરીકે ઓળખાવતાં મુખ્યમંત્રીશ્રીએ ગ્રામ્ય યુવક-યુવતિઓના ભારતીય રમતો પ્રત્યેના કૌશલ્યને બિરદાવી વિવિધ રમત સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામો એનાયત કર્યા હતા. તેમણે સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારોની પ્રશંસા કરીને તેમનું પણ અભિવાદન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ 'વાંચે ગુજરાત'ના અભિયાનને જનતાએ સફળ બનાવ્યું એમ 'વાવે ગુજરાત'નું અભિયાન ઉપાડીને ગુજરાતને લીલુંછમ બનાવવા પણ પ્રેરક અનુરોધ કર્યો હતો. શ્રી નરેન્દ્ર મોદીએ એમ પણ જણાવ્યું કે કુદરત અને ઇશ્વરની કૃપા છ કરોડ ગુજરાતીઓની શકિત ઉપર ઉતરતી રહી છે.

આ પ્રસંગે જિલ્લાના પ્રભારી અને નાણાં મંત્રી શ્રી વજુભાઈ વાળા, પ્રવાસન રાજય મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા, સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના કાર્યવાહક અધ્યક્ષશ્રી આઈ. કે. જાડેજા, ગુજરાત પ્રવાસન નિગમના ચેરમેન શ્રી કમલેશ પટેલ, ધારાસભ્યો સર્વશ્રી વર્ષાબેન દોશી, ભરતભાઈ ખોરાણી તથા કાંતિભાઈ અમૃતિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી બચુભાઇ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી બિપીનભાઈ દવે, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહા, પ્રભારી સચિવ શ્રી જી. આર. અલોરીયા, જિલ્લા કલેકટર શ્રી પ્રદિપ શાહ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સી. પી. પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાઘવેન્દ્ર વત્સ, ચોટીલા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી આંબાભાઈ સહિત અધિકારી - પદાધિકારીશ્રીઓ તથા મોટીસંખ્યામાં ગ્રામ્યજનો ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી સવારે પાંચાળના પ્રખ્યાત તરણેતર મેળામાં આવી પહોંચતા તેમનું આ મેળો મહાલવા વિદેશથી આવેલાં પર્યટકોએ પુષ્પગુચ્છ તેમજ કંકુ તિલક કરી સ્વાગત કર્યું હતું. તરણેતર મેળામાં ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ દ્વારા વિદેશી પર્યટકો માટે ખાસ તરણેતર વિલેજની રચના કરવામાં આવી હતી. તરણેતર મેળાની મુલાકાતે આ વખતે ૪૦ જેટલાં વિદેશી પર્યટકો આવ્યાં હતા જેઓ હોલેન્ડ, પોલેન્ડ, તિબેટ, ઇટાલી, ચીન, ઓસ્ટ્રેલિય, જાપાન, જર્મની તથા કેમરૂન અને કેન્યા



દેશમાંથી આવ્યાં હતા. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી તરણેતર વિલેજ ખાતે આવી પહોંચતા પાંચાળની ભાતીગળ સંસ્કૃતિની ઝાંખી કરાવતા લોકસંગીતના તાલે તેમજ રાસગરબાની અને લોકનૃત્યની રમઝટ સાથે તેમનું સ્વાગત અને સત્કાર કરાયો હતો. પરંપરાગત રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરેલા લોકકલાવૃંદે મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોનું સન્માન કર્યુ હતું.

મેળાની મોજ માણવા આવેલા વિદેશી પર્યટકોએ મેળામાં મહાલતા પાંચાળના લોકસમૂહ અને અહીંની પરંપરાગત સંસ્કૃતિની ઝલક કેમેરામાં કંડારી હતી. તેમણે અહીં ખાસ ઉભા કરાયેલાં ક્રાફટ બજારની પણ મુલાકાત લઈ હસ્તકલા કૃતિઓ નિહાળી હતી. વિદેશી પર્યટકો અહીં હસ્તકલા કારીગરો સાથે વાતચીત કરતાં નજરે પડતાં હતા. મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયાં હતા અને ભગવાન ત્રિનેત્રેશ્વર દર્શનપૂજન અને પવિત્ર ગંગા સ્નાન કર્યુ હતું અને ધન્યતા અનુભવી હતી.



મુખ્યમંત્રીશ્રીનું આગમન થયું ત્યારે રાજયના નાણામંત્રીશ્રી અને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી વજુભાઇ વાળા, પ્રવાસન રાજય મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા, સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના કાર્યવાહક અધ્યક્ષ શ્રી આઇ. કે. જાડેજા તેમજ ગુજરાત પ્રવાસન નિગમના ચેરમેન શ્રી કમલેશભાઇ પટેલ, ટુરીઝમ વિભાગના મેનેજીંગ ડીરેકટર શ્રી વિપુલ મિત્રા, ધારાસભ્ય શ્રી વર્ષાબેન દોશી, અને શ્રી ભરતભાઇ ખોરાણી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી બચુભાઇ પટેલ, જિલ્લા પ્રભારી સચિવ શ્રી જી.આર. અલોરીયા, કલેકટર શ્રી પ્રદિપ શાહ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સી.પી.પટેલ વગેરે ઉપસ્થિત રહયાં હતા. ■





## તરણેતરના લોકમેળામાં...

- *સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા યોજાયેલી આઠમી ગ્રામિણ ઑલિમ્પિક્સ સ્પર્ધા અંતર્ગત નાળીયેર ફેંક, ગેડી દડો, ૧૫૦૦ મીટર (ભાઈઓ), ૧૦૦ મીટર (બહેનો) જેવી વિવિધ સ્પર્ધાના વિજેતાઓને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઈનામો એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા.*
- *મુખ્યમંત્રીશ્રીએ ગ્રામિણ રમતોત્સવના સ્થળે શણગારેલા બળદગાડાની હરિફાઈને ફલેગ ઓફ કરી પ્રારંભ કરાવ્યો હતો.*
- *તરણેતરના જગપ્રસિધ્ધ ભાતીગળ મેળામાં મુખ્યમંત્રીશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે, પાંચાલી સાથે જોડાયેલી કથાઓ આજે પણ ગુંજતી હોય તેવું લાગે છે.*
- *તરણેતર ગ્રામ પંચાયત વતી સરપંચ શ્રી હામાભાઈએ બંડી, છત્રી, પાઘડી, તલવાર અને શાલ અર્પણ કરીને મુખ્યમંત્રીશ્રીનું ભાવભર્યુ સ્વાગત કર્યુ હતું.*
- *કાર્યક્રમના પ્રારંભે તરણેતરના બહેનોએ રાસ તથા મેલડી રાસ મંડળ વીજળીયા દ્વારા પરંપરાગત છત્રી રાસ રજૂ કરવામાં આવ્યો હતો.*
- *મેળામાં ભરતકામવાળી રંગબેરંગી છત્રીઓ વિશેષ પ્રમાણમાં જોવા મળી હતી.*
- *આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઉત્તમ ગીર ગાય, ઉત્તમ જાફરાબાદી ભેંસ અને ઉત્તમ કાઠીયાવાડી અશ્વના વિજેતા પશુપાલકોને ઈનામો એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા.*

# મહેસૂલ વિભાગમાં ૩૬૮ સર્વેયરોની નિમણૂક

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના જમીન દફતર ખાતા દ્વારા યોજાયેલા નવનિયુક્ત સર્વેયરોને નિમણૂક હૂકમ આપવાના સમારોહમાં ઉપસ્થિત રાજ્યના મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે યુવાનોને નિમણૂકના હુકમ આપી આવકાર્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે પારદર્શિતા સાથે લોકકલ્યાણના કાર્યો કરવાનાં મંત્ર સાથે વિકાસની વણથંભી વણઝાર સર્જી છે ત્યારે નવનિયુક્ત કર્મચારીઓએ આ મંત્રને સાર્થક કરવા પુરૂષાર્થ કરવાનો છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના કોઇપણ વિભાગમાં સંપૂર્ણ પારદર્શિતા સાથે માત્રને માત્ર મેરિટના આધારે ભરતી કરવામાં આવે છે. તાજેતરમાં શિક્ષણ વિભાગે ૧૩,૫૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરી તેમાં ક્યાંય પણ ભ્રષ્ટાચારને સ્થાન નથી. રાજ્ય સરકારે આવા



ત્રણેક લાખ જેટલા યુવાનોને માત્ર ને માત્ર મેરીટના આધારે આ રાજયમાં નોકરી આપી છે. આ જ રીતે આજે ૩૬૮ જેટલાં સર્વેયરોને નોકરી આપવામાં આવી છે. ભૂમાફિયા ગરીબોની જમીન હડપ કરે નહી તે માટે રાજ્ય સરકારે તકેદારી રાખી ઇ-જમીનના પ્રોજેક્ટમાં ખેડૂત ખાતેદારની સંપૂર્ણ સામેલગીરી કરી છે. આખા દેશમાં માત્ર ગુજરાત રાજ્યે જમીનના રી-સર્વેની કામગીરી શરૂ કરી છે જેનો અભ્યાસ કરવા અન્ય રાજ્યોના અધિકારીઓ આવી રહ્યા છે ત્યારે આ સર્વેની કામગીરીમાં આજથી જોડાતા ૩૬૮ સર્વેયરોને કારણે વધુ ઝડપ આવશે. વર્ષ ૨૦૧૫માં રાજ્યની તસુએ તસુ જમીનનો રી-સર્વે કરવાના લક્ષ્યાંકને સિદ્ધ કરી શકાશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

જમીન મોજણીમાં ટેક્નૉલૉજીનો ઉપયોગ મહત્ત્વનો છે તેમ જણાવી મંત્રીશ્રીએ નવનિયુક્ત સર્વેયરોને આધુનિક ટેક્નૉલૉજીના ઉપયોગ માટે તાલીમબધ્ધ થવા અને કૌશલ્યવાન બનવા અનુરોધ કર્યો હતો. તેમણે જમીન મહેસુલ દફતરના કોમ્પ્યુટરાઇઝેશનનો પણ ઉલ્લેખ કર્યો હતો અને નવનિયુક્ત સર્વેયરોને ઉજ્જવળ નૂતન કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન શ્રી પ્રકાશભાઇ સોની, મહેસુલ વિભાગના અગ્ર સચિવ શ્રી સી. એલ. મીના સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ■

## અનોખો, આગવો પ્રયોગ - "લોકભાગીદારી"થી તિથિ ભોજન

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનું માત્ર ૨૨૦૦ની વસ્તી ધરાવતું છેવાડાનું નાનકડું એવું ધરાઇ ગામ. ગામની પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી કરણભાઇ ભમ્મર. તેમણે પોતાની ધરાઇ પ્રા.શાળામાં ચાલતા મધ્યાહ્ન ભોજનમાં લોકભાગીદારીનો અખતરો કરવાનો વિચાર સૂઝ્યો. તેમણે પોતાના સ્ટાફ સમક્ષ પોતાનો આ વિચાર વ્યક્ત કર્યો. અને લોકભાગીદારીની થઇ શરૂઆત. આજે તમામ શિક્ષક સ્ટાફના પૂર્ણ સહયોગથી ગામના વાલી વર્ગમાં પ્રસંગોપાત ગામના ૧૫૧ દાતાઓ મારફત વર્ષમાં ૧૫૧ તિથિભોજન દાતાઓ મારફત આજીવન મળતું થયું છે.

ગુજરાતમાં જ નહિ, સમગ્ર ભારતમાં આચાર્ય શ્રી કરણભાઇના આ તિથિ ભોજન દાતાઓ મારફત મળતુ કરવાના પુરુષાર્થની સમાજમાં અને ખાસ કરીને પ્રાથમિક શિક્ષણ જગતમાં ખૂબ જ સારી એવી નોંધ લેવાયેલી છે. આ પ્રવૃતિમાં હજી પણ વધુ વાલી સંપર્ક કરીને વર્ષના કામકાજના દિવસો જેટલા બટુક ભોજન દાતાઓ મારફત જ મળતા થાય તેવી કરણભાઇ ભમ્મરની એક પવિત્ર નેમ છે.

સરકાર મારફત પ્રાથમિક શાળામાં ધોરણ-૮નો સમાવેશ થવાના પગલે ધરાઇ પ્રાથમિક શાળામાં આ વર્ષે ધોરણ-૮ની મંજૂરી મળતા તેના અભ્યાસક્રમમાં આવતા કોમ્પ્યુટરના વિષયને યોગ્ય રીતે ન્યાય આપી શકાય તે માટે



૧૫મી ઓગષ્ટ ધ્વજ વંદન કાર્યક્રમમાં જાહેરાતનાં પ્રતિસાદ રૂપે પૂ. રમજુબાપુ-સાંગાણાં, પડસાળા રમેશભાઇ, સ્વ. કાતરિયા ચતુરભાઇનો પરિવાર ગ્રામ પંચાયતના સભ્યોએ એક એક નવા કોમ્પ્યુટરની શાળાને દાનની જાહેર થતા જ (ચાર) નવા કોમ્પ્યુટરોની શાળાને ભેટ મળી છે. સુરતના એક દાતા મારફત રાષ્ટ્રીય પર્વની શાખે વોટર ફિલ્ટર પ્લાન્ટ શાળાને ભેટ મળ્યા છે. જે અંતર્ગત દાતાશ્રી ધર્મેશભાઇએ પોષણક્ષમ મળતાં તાજા બટુક ભોજનની સાથે શાળાના બાળકોને પીવાનું પાણી પણ ફિલ્ટર થયેલુ મળે તે હેતુથી આ ઉમદા ભેટ આપી હતી. આ ઉપરાંત ગ્રામજનો મારફત શૈક્ષણિક તથા ભૌતિક સુવિધાની જરૂરિયાતો વખતો વખત સંતોષીને શિક્ષણકાર્યને વેગ અને બળ પુરૂ પાડવાનું કાર્ય થયા જ કરે છે. ■

## મોડાસા ખાતે

# સેન્ટર ઓફ એક્સલન્સ (ઓટોમોબાઈલ સેક્ટર)નું લોકાર્પણ



૨૧મી સદીમાં ઉદ્યોગ જગતે કુશળતાને સૌથી વધુ પ્રધાન્ય આપ્યું છે. તેથી જ ઉદ્યોગક્ષેત્રની માંગ અનુસાર શૈક્ષણિક અભ્યાસક્રમોમાં પણ ફેરફારો થયા છે. ગુજરાત આજે સૌથી ઝડપથી વિકસતું રાજય છે. દેશ અને દુનિયાના ઉદ્યોગકારો ગુજરાતમાં આવવા તત્પર બન્યા છે ત્યારે રાજયમાં કુશળ માનવબળ તૈયાર કરી આ ઉદ્યોગોને પૂરું પાડવું તે સમયની માંગ છે અને રાજય સરકાર તે માટે તમામ પ્રયાસો હાથ ધર્યા છે તેમ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી વજુભાઈ વાળાએ જણાવ્યું હતું કે, આ પ્રયાસોથી રાજયના યુવાનો માટે રોજગારીની તકો પણ વધશે.

તાજેતરમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મોડાસા ખાતે સેન્ટર ઓફ એક્સલન્સ (ઓટોમોબાઈલ સેક્ટર) યોજના અંતર્ગત નવનિર્મિત ભવનનું મંત્રીશ્રીએ લોકાર્પણ કર્યું હતું. સેન્ટર ઓફ એક્સલન્સનું આ મકાન સંપૂર્ણ સુવિધાયુકત છે જેમાં તાલીમને સુદઢ કરવા માટે સિલેબસને ધ્યાને રાખી અદ્યતન મશીનરી, ફંટેજ ડેવલપમેંન્ટ અન્ય ટ્રેડના અપગ્રેડેશન, લાયબ્રેરી વગેરેનો સમાવેશ કરાયો છે. સેન્ટર ઓફ એક્સલન્સ (ઓટોમોબાઈલ સેક્ટર) યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૨૯૮ તાલીમાર્થીઓએ બ્રોડબેઈઝ બેઝીક ટ્રેનીંગ લીધી છે જયારે એડવાના મોડ્યુલમાં ૧૭૮ તાલીમાર્થીઓએ તાલીમ મેળવી છે. આ પૈકી અનેક તાલીમાર્થીઓને જનરલ મોટર્સ- ટાટા મોટર્સ તથા અન્યત્ર રોજગારી પ્રાપ્ત થઈ છે.

શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ITIમાં સેન્ટર ઓફ એક્સલન્સમાં NCVT-GCVT પેટના કોર્સ ચલાવાય છે. આ કોર્સ બાદ મેળવેલું સર્ટિફીકેટ રાષ્ટ્રીય કક્ષાએ પણ રોજગારી મેળવવામાં ઉપયોગી બનશે. આજે જ્ઞાન અને ગુણની જરૂરિયાત હોવાનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે, યુવાનો ટૅક્નૉલૉજીએ આત્મસાત કરે તે જરૂરી છે. આજે ગુજરાતમાં ITI ન હોય તેવા ૩૬ તાલુકામાં ITI કેન્દ્રો કાર્યરત કરાયા છે. મોડાસાના ધારાસભ્ય શ્રી દિલીપસિંહ પરમારે જણાવ્યું હતું કે, ગુજરાત એ દેશનું ગ્રોથ એન્જિન છે ત્યારે રાજયમાં અનેક ઉદ્યોગો આવી રહ્યા છે. આ ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર કુશળ-કૌશલ્યપૂર્ણ કારીગરો મળી રહે તે માટે રાજયનો શ્રમ વિભાગ કાર્યરત છે. સેન્ટર ઓફ એક્સલન્સ મોડાસાની આસપાસના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી અને રોજગારીનું માધ્યમ બનશે.

રોજગાર અને તાલીમના સંયુકત નિયામક શ્રી એસ. એ. પાંડવે જણાવ્યું હતું કે, આઈ.ટી.આઈ મોડાસામાં કુલ ૨૯ જેટલા વ્યવસાયો અંતર્ગત ૨૧૦૦ તાલીમાર્થીઓ તાલીમ મેળવી





રહ્યા છે. રાજયમાં ૪૭ જેટલા આઈ.ટી.આઈ કેન્દ્રો કાર્યરત છે. ઉદ્યોગોને મલ્ટીસ્કીલ માનવબળ મળી રહે તે માટે આ સેન્ટર ઓફ એક્સલન્સ કાર્યાન્વિત કરાયું છે. તેમણે વિભાગ દ્વારા કાર્યાવિત યોજનાઓની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રી શૈલેશભાઈ ભોઈ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, જિલ્લા-તાલુકાના અન્ય પદાધિકારીઓ, નાયબ નિયામક શ્રી એ.સી.મુલિયાણા, આઈ.ટી.આઈ.ના આચાર્યશ્રી આર.આર.પટેલ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચંદનનાં વૃક્ષો જીવનમાં સુગંધ અને આર્થિક સધ્ધરતા બક્ષી શકે

ભરૂચ જિલ્લાના વટારીયા ખાતે કેમીકલ ટેક્નૉલૉજી શૈક્ષણિક સંકુલ ખાતે ૬૨ મા વનમહોત્સવનો વૃક્ષારોપણ કરી રાજ્યના સહકાર અને યુવા સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રી ઈશ્વરસિંહ અને ધારાસભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલે મહિલા આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ શ્રીમતી સીતાબહેન નાયક અને કલેકટરશ્રી રૂપવંતસિંહના હસ્તે તાલુકા પંચાયત ભરૂચને ₹ ૨૧.૪૨ લાખ અને તાલુકા પંચાયત ઝઘડીયાને ₹ ૯.૬૯ લાખના પટ્ટી વાવેતરની વન વિભાગની સહાય ચુકવવામાં આવી હતી. આ ઉપરાંત ૫૪ જેટલી મહિલા જૂથોને ઊર્જા બચત ઉકરણોનું પણ વિતરણ કરાયું હતું.

મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, સાત વૃક્ષો ૪૭ કરોડની કિંમતનો પ્રાણવાયું માનવજીવને પુરો પાડે છે. એટલું જ નહી એક દિકરીનો લગ્ન સહિતનો તમામ ખર્ચ પણ એક વૃક્ષ દ્વારા મળી શકે છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ચંદનના વૃક્ષ વાવવાથી ઘણી સમૃધ્ધિ આવે છે અને સૌને એક વૃક્ષ વાવવા અનુરોધ કર્યો હતો.

આ વિસ્તારના ચંદનના ૯૦૦ વૃક્ષનું વાવેતર કરનાર અલ્કેષભાઇ પટેલ અને



બાલુભાઇ પટેલનું મંત્રીશ્રીએ જાહેર અભિવાદન કરી સન્માન કર્યુ હતું. ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઇ પટેલે સામૂહિક વૃક્ષારોપણને આવકારતાં જણાવ્યું કે, 'પ્રજાતિઓ ગણી ધરા એક અને ભાવિ એક' ગ્લોબલ વોર્મીંગના સમયમાં જીવનને જીવવું દોહલ્યું કરવા કરતાં વૃક્ષ એ જ આપણું હવેનું ભાવી જીવન રક્ષક છે. સાત વૃક્ષો ૪૭ કરોડનો ઓકસીજન પુરો પાડે છે. મનુષ્ય જીવન શકય હોય તેવો બીજો કોઇ ગ્રહ નથી. હવે સહારો માત્ર વૃક્ષ છે. નહી તો આવનારો સમય મુશ્કેલી ભર્યો છે. કલેકટરશ્રી રૂપવંતસિંહે વૃક્ષારોપણનું કાર્ય આપણા સૌના જીવનના સાર્થકતા માટેનું કાર્ય ગણાવી આ વિસ્તારમાં પર્યાવરણની જાળવણી કરવા અનુરોધ કર્યો હતો.

ભરૂચ વન વર્તુળ વિભાગના વનસંરક્ષક શ્રી એસ.એસ.પટેલે જણાવ્યું હતુ કે, વાવે ગુજરાત અંતર્ગત ભરૂચ જિલ્લામાં ૩૫ લાખ જેટલાં વૃક્ષોનું વાવેતર કરાયું છે. સામાજીક વનીકરણ વિભાગના નાયબ વનસંરક્ષકશ્રી આર.એલ.પટેલે સૌનું સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે વનઅધિકારીશ્રીઓ સર્વશ્રી એન.પી. મેવાડા, શ્રી પંડયા સહિત ઝઘડીયા-વાલીયા-ભરૂચના વનવિભાગના તમામ કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. આભાર દર્શન નાયબ વનસંરક્ષક શ્રી અનિલ વસાવાએ કર્યુ હતું. ■

# કચ્છનું કલ્પવૃક્ષ ખારેક વિશ્વનું માર્કેટ સર કરશે

કચ્છના કલ્પવૃક્ષ ખારેકમાં વિશ્વના ગ્રાહકોને આકર્ષવાની અદભૂત ક્ષમતા ધરબાયેલી હોવાથી સુનિયોજિત માર્કેટિંગ કરાશે તો ધાર્યા પરિણામો આવશે. શરત છે સમયની સાથે ખેડૂતોએ ચાલવું પડશે અને આમાં રાજય સરકારની નીતિ સોનામાં સુગંધ ભળે તેવી હોવાથી, ધરતીપુત્રો સંપૂર્ણ લાભ ઉઠાવે તે જરૂરી છે. રાજય મંત્રી શ્રી વાસણભાઇ આહિરની ઉપસ્થિતિમાં કચ્છી ખારેકના વિકાસ માટે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ અને રાજયના બાગાયત વિભાગ આયોજિત વિચાર ગોષ્ઠિમાં



તજજ્ઞો, અધિકારીઓ, ખેડૂતો અને આગેવાનોએ કચ્છની બંદરીયા સુવિધાઓનો ભરપુર ઉપયોગ કરી કચ્છી મેવો વિશ્વનું માર્કેટ સર કરે તેવા પ્રયત્નો કરવા કૃષિપુત્રોને અનુરોધ કરવામાં આવ્યો હતો.ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મનસુખભાઇ માંડવીયાએ કહયું કે, કચ્છની ખારેક સાચા અર્થમાં કલ્પવૃક્ષ છે, તેથી ખારેકનું મૂલ્ય સમગ્ર વિશ્વ સમજે તેવું કરી બતાવવાનો ખરો સમય આવી ગયો છે. ગ્લોબલ માર્કેટને ખેડૂતો કેમ પહોંચી વળે તે માટે રાજય સરકારે પ્રયત્નો શરૂ કર્યા છે, પરંતુ કૃષિપુત્રોએ સંજોગો પરિસ્થિતિને અનુકુળ બનીને ચાલવું પડશે. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ત્રિકમભાઇ છાંગાએ કહ્યુ કે વર્તમાન સંજોગોમાં કચ્છની ખારેક વૈશ્વિક ક્ષેત્રે મહત્વનો પાક બને તેવા તમામ પરિબળો મોજૂદ હોવાથી કૃષકોએ તેનો ભરપુર ફાયદો ઉઠાવવો જોઇએ. પ્રારંભમાં સ્વાગત પ્રવચન ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના અધિક જનરલ મેનેજરશ્રી સુધીર દવેએ કર્યુ હતું. આ પ્રસંગે માંડવીના ધારાસભ્ય શ્રી ધનજીભાઇ સેંધાણી, મુન્દ્રા વિસ્તારના ધારાસભ્ય શ્રી રમેશભાઇ મહેશ્વરી પ્રવાસનના ડાયરેકટર શ્રી કેશુભાઇ પટેલ, તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂત અગ્રણી ધ્રબના હુશેનભાઇ તુર્ક તેમજ પ્રગતિશીલ ખેડૂત રાહુલ ગાલાએ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. ■

# ગૌરક્ષા-ગૌસંવર્ધન માટે અવિરત કાર્યરત ગુજરાત ગૌ સેવા આયોગ



ગાયમાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે એવી આપણે ત્યાં માન્યતા છે. આયુર્વેદમાં તો ગૌમૂત્રને ઔષધિનો દરજ્જો આપવામાં આવ્યો છે. આપણા દેશમાં ૪ હજાર જેટલી ગૌશાળાઓ છે, અને લાખોની સંખ્યામાં ગાયો છે, જે પૈકી ૮૦ ટકા જેટલી ગાયો તો સ્વસ્થ છે પરંતુ તેમ છતાં પૂરતી માહિતીના અભાવે લોકો ગાયોને ઘરમાં રાખતા નથી. તેમને ગાયના મહત્ત્વ અંગે સમજાવવા જોઈએ કે ગાય ઉત્પાદક ન હોય તો પણ પોસાઈ શકે છે.

તાજેતરમાં ગૌસેવા આયોગ, ગુજરાત રાજ્યના અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. વલ્લભભાઇ કથીરિયાએ વડોદરા જિલ્લાના કવાંટ તાલુકાના ગામડામાં ખેતી લાયક ૧૪ બળદોનું નાના સિમાંત ખેડૂતોમાં વિના મૂલ્યે વિતરણ કર્યું હતું.

ગૌસેવા આયોગ દ્વારા ગૌ રક્ષા, ગોપાલન, ગૌસંવર્ધન અને ગૌ આધારિત આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક ઉત્થાન માટે અનેકવિધ પગલાંઓ લેવાઈ રહ્યાં છે. ગાય અને ગાયોના વંશ એટલે કે બળદ તો જ બચી શકશે, જો બળદ આધારિત ખેતીને પ્રોત્સાહન મળશે. મોરબીમાં "ગૌકથા" ના સફળ આયોજન બાદ પ્રખર ગૌભક્ત શ્રી મનોજભાઇ પનારાએ ગૌરક્ષા અને ખાસ કરીને વાછરડાંનાં

**દરેક આદિવાસી કુટુંબને એક બળદ અને બે આદિવાસી કુટુંબ-દીઠ એક બળદની જોડી મળતા તેઓ તેમની ટૂંકી ખેતી આરામથી આ બળદો દ્વારા કરી શકશે.**



રક્ષણ અને ઉછેર માટે અભિયાન શરૂ કર્યુ છે. ગૌવંશ બચાવ અભિયાન અંતર્ગત તાજેતરમાં મોરબી વિસ્તારનાં ગામોમાંથી ગીર ગાયોના ૧૪ વાછરડાંઓ પસંદ કરવામાં આવ્યા. આ વાછરડાંઓ મોટા બળદ બનતાં ખેતીમાં ઉપયોગમાં લેવાના હેતુથી વડોદરા જિલ્લાનાં કવાંટ તાલુકાના આદિવાસી ગામડાઓમાં આપવામાં આવ્યા. દરેક આદિવાસી કુટુંબને એક બળદ અને બે આદિવાસી કુટુંબ-દીઠ એક બળદની જોડી મળતા તેઓ તેમની ટૂંકી ખેતી આરામથી આ બળદો દ્વારા કરી શકશે.

ગૌ સેવા આયોગનાં અધ્યક્ષશ્રી ડૉ. વલ્લભભાઇ કથિરીયાએ ગુરૂપૂર્ણિમાંના પ્રથમ દિવસે આ વાછરડાંઓને વિદાઇ આપી હતી અને તાજેતરમાં કવાંટ તાલુકાનાં ગામડાંમાં જઇ હેમખેમ પહોંચી ગયેલા અને સારી રીતે માવજત સાથે સચવાઇ રહેલા વાછરડાંઓનું ગામ લોકો વચ્ચે લોકાર્પણ કર્યુ હતું. આ સમયે આદિવાસી ખેડૂતોમાં આનંદનો માહોલ હતો. આ બળદોથી ખેતી દ્વારા તેમની આર્થિક સમૃધ્ધિમાં વધારો થશે અને ગીર વાછરડાં બાદ ભવિષ્યમાં ગીર ગાયોનો પણ ઉછેર કરી આર્થિક ઉપાર્જનની નવી દિશા ખૂલશે.

સૌરાષ્ટ્રમાં બળદ આધારીત ખેતી ઓછી થતી જાય છે. આ સંજોગોમાં આવનાર દિવસોમાં હજુ વધુને-વધુ વાછરડાઓ આ રીતે એકત્ર કરી આદિવાસી ખેડૂત પરિવારોને આપવાનો દૃઢ સંકલ્પ કરવામાં આવ્યો હતો. 'ગૌ સેવા દ્વારા રાષ્ટ્રસેવા' અને ગૌ સંસ્કૃતિના પુનઃસ્થાપન દ્વારા ગ્રામ્ય વિકાસની વિભાવનાને સાર્થક કરવાં સામાજિક સમરસતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડનાર આ ઐતિહાસિક ઘટના આવનાર દિવસોમાં એક ક્રાંતિકારી બીજા રોપણ બની રહેશે. આ પ્રસંગે વધુ ૫૦૦ વાછરડાં-બળદો આપવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

## ઉદ્યોગો સાહસિકોને એવોર્ડ એનાયત

# નાના અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતનું ૨૦ ટકા યોગદાન



મૂડીરોકાણકારોનું ગુજરાત માટેનું આકર્ષણ શ્રેષ્ઠ સાનુકૂળ વાતાવરણની પ્રતીતિ પૂરી પાડે છે. ગુજરાતના મધ્યમ અને નાના ઉદ્યોગોએ મેન્યુફેકચરીંગ ક્ષેત્રની પોતાની શાખ ઉંચી રાખી છે તેનો વૈશ્વિક અર્થતંત્ર અને બજારમાં મહત્તમ લાભ લેવા સતત નવતર પહેલ કરવી જ પડશે. તેમ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. તાજેતરમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ઉપક્રમે નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસિકોને જી.સી.સી.આઇ.- એમ.એસ. એમ.ઇ. એવોર્ડ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ એનાયત કર્યા હતા.

નાના-મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે તો ગુજરાતનું ૨૦ ટકા યોગદાન રહ્યું છે. ગુજરાતમાં આર્થિક પ્રવૃત્તિ અને ઔદ્યોગિક વિકાસના સંયોજનથી દેશની ૫૬ ટકા રોજગારી એકલું ગુજરાત પુરું પાડે છે. નાના-મધ્યમ ઉદ્યોગો અનેક રીતે મોટા ઉદ્યોગોનો સહારો બને છે. સૌથી વધુ રોજગારી અને અનેકવિધ ઉત્પાદનો કરે છે ત્યારે નાના અને મોટા ઉદ્યોગોના વિકાસનો સમન્વય થાય તો ગુજરાતની સર્વાધિક શક્તિ ભારતને પણ ઉપયોગી બનશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે "ઝીરો ડિફેક્ટ પ્રોડકશન" અને પ્રોડકશન પેકેજિંગ સ્ટ્રેટેજી અપનાવીશું તો વૈશ્વિક બજારમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરવું પડશે. આની સાથોસાથ ઉદ્યોગ ઉત્પાદનો માટે ટેક્નૉલૉજી અને રીસર્ચના નવા આયામો ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું પડશે. આગામી યુગમાં હવે એન્વાયર્નમેન્ટ ટેક્નૉલૉજી પ્રભાવ સર્વત્ર રહેવાનો છે. ગુજરાતે યુવાશક્તિના હુન્નર આર્થિક પ્રવૃત્તિના કૌશલ્ય વિકાસ માટે માનવજીવનની યાત્રામાં સેવા પ્રકારના ૯૭૬ સ્કીલ ડેવલપમેન્ટના કોર્સીસ શરૂ કરી દીધા છે અને નારીશક્તિને પણ હુન્નર કૌશલ્યમાં જોડી છે, એમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યના ઉદ્યોગપતિ વસા ગ્રૂપના શ્રી જૈમિન વસાએ પ્રાસંગિક ઉદબોધનમાં રાજ્ય કે દેશના આર્થિક વિકાસમાં માઇક્રો, સ્મોલ અને મીડિયમ કક્ષાના ઉદ્યોગોને સૌથી મહત્વના લેખાવી જણાવ્યું હતું કે, આજ ઉદ્યોગો દેશ કે જે તે રાજ્યના વિકાસનું ગ્રોથ એન્જિન છે., રાજ્યમાં આવા ૩ લાખ જેટલા નાના, મધ્યમ કક્ષાના ઉદ્યોગો છે. આ ઉદ્યોગો દ્વારા ૨૦ લાખથી વધુ લોકોને રોજગારી મળે છે. રિદ્ધિ-સિદ્ધિ ગુલ્કો બાયઝ લિમીટેડના શ્રી ગણપત ચૌધરીએ ઔદ્યોગિક સફળતા માટે જાત પર વિશ્વાસ અને આત્મવિશ્વાસને સૌથી મહત્વના લેખાવ્યા હતા.

જ્યૂરી તરીકે સેવા આપનાર પદ્મશ્રી તથા આઇ.આઇ.એમ.ના પૂર્વ નિયામક શ્રી બકુલ ધોળકિયાએ એવોર્ડ માટે પસંદગીની પ્રક્રિયા અને નિયત કરાયેલા માપદંડોની છણાવટ કરી હતી. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી મહેન્દ્ર પટેલે સ્વાગત કરી સૌ મહાનુભાવોને આવકાર્યા હતા. આ પ્રસંગે ઉદ્યોગ ક્ષેત્રના મહાનુભાવો સર્વશ્રી શંકરભાઈ પટેલ, શ્રી કે. ટી. પટેલ, શ્રી નિલેશ શુકલ, શ્રી નિલેશ દેસાઇ તથા નાના, મધ્યમ ઉદ્યોગ સાથે સંકળાયેલ ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જીસીસીઆઇ - એમએસએમઇ એવોર્ડ - ૨૦૧૧

*રાજ્યના ત્રણ શ્રેષ્ઠ લઘુ-મધ્યમ ઔદ્યોગિક એકમોની ભૂમિકા અને કાર્યક્ષમતા માટે (૧) શ્રી જયંતિભાઈ ઉકાણી-વાસુ હેલ્થકેર, વડોદરા, (૨) શ્રી રફી અબ્દુલ રહીમ મણિયાર-મણિયાર ગ્રૂપ અને (૩) શ્રી ભાનુપ્રસાદ પટેલ-ઓમની લેન્સ લિમીટેડનો સમાવેશ થાય છે. જીસીસીઆઈ તરફથી મુખ્ય મંત્રીશ્રીની પ્રેરણાથી રાજ્યના લઘુ, મધ્યમ ઉદ્યોગ સાહસિકોના આ શ્રેષ્ઠ એમ.એસ.એમ.ઇ. એવોર્ડ આ વર્ષથી જ શરૂ કરવામાં આવ્યા છે. આ પ્રસંગે જી. સી.સી.આઇ. અને ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ વચ્ચે સેન્ટર ફોર એન્ટર પ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ શરૂ કરવાના સમજૂતિના કરાર સંપન્ન થયા હતા.*



## શાસનની દૂરંદેશી ઉપર ભવિષ્યની પેઢીનો વિકાસ જોડાયેલો છે

જામનગરનાં કાલાવડમાં ₹ ત્રણ કરોડનાં ખર્ચે ઔદ્યોગિક તાલીમ સંસ્થાનાં નવા બિલ્ડીંગનું નાણા મંત્રી શ્રી વજુભાઈ વાળા અને ભાજપ પ્રમુખ શ્રી આર.સી.ફળદુનાં હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી વાળાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રનાં વિકાસમાં દેશની આવનારી શિક્ષિત પેઢી ફાળો આપી રહી છે. ત્યારે ગુજરાતમાં ટેકનિકલ શિક્ષણ પ્રાપ્ત કરેલાં વિદ્યાર્થીઓ ઝડપથી પગભર થાય તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. શ્રી આર.સી.ફળદુએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ સ્વાવલંબી થાય તેની સાથે સંસ્કારિતા કેળવશે તો રાજ્યની આવતીકાલ સુવર્ણ બનશે. આ કાર્યક્રમમાં જામનગર ગ્રામ્યનાં ધારાસભ્ય શ્રી લાલજીભાઈ સોલંકી સહિત આઈટીઆઈનાં શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતા.

જિલ્લા માહિતી બ્યુરો, જામનગર



## અમરેલી સબ જેલમાં પુસ્તકાલયનો શુભારંભ

કેદીઓને પોતાના વિચારોને નવી દિશા આપવાની તક પુસ્તકોના વાંચનથી મળી રહેશે. રાજયભરમાં કેદીઓ માટે વાંચન પ્રવૃત્તિ વેગવાન બની છે ત્યારે અમરેલી સબ-જેલમાં પુસ્તકાલયને કૃષિ, જેલ અને કાયદા વિભાગના મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીએ ખુલ્લું મુકયું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જેલમાં જ પુસ્તકાલય હોવાથી કેદીઓને વિવિધ પ્રકારના પુસ્તકો મળી રહેશે. આ પુસ્તકાલયમાં ૧૦૦૦ જેટલા પુસ્તકોથી શરૂઆત કરવામાં આવી છે. આ પ્રસંગે ગીરનારી આશ્રમના મહંતશ્રી, પૂ. ગીતાદીદી, જેલ સુપ્રિટેન્ડન્ટ શ્રી પાટિલ, ડી.સી. લખધારિયા, મનોજ ભટ્ટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા માહિતી બ્યુરો, અમરેલી



## ભરૂચ જિલ્લામાં ૩૫૭ વિદ્યાસહાયકોને નિમણૂકપત્ર અર્પણ

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ભરૂચ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભરૂચ અને અંકલેશ્વરના સંયુકત ઉપક્રમે યોજાયેલ ઓમકારનાથ કલાભવન ભરૂચમાં જિલ્લાના ઉચ્ચ પ્રાથમિક શાળા ધો-૬ થી ૮ના કુલ ૩૫૭ વિદ્યાસહાયકોને તાજેતરમાં શિક્ષણ વિભાગનાં રાજ્ય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે નિમણૂક પત્રો આપ્યા હતા. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે સરકારે ખૂબ ટૂંકાગાળામાં જ ૧૩ હજાર વિદ્યાસહાયકોની ભરતી કરી છે. આ પ્રસંગે ભરૂચના ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઈ પટેલ, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના ચેરમેન શ્રીમતી સીતાબહેન નાયક, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી આદ્રા અગ્રવાલ તેમજ અન્ય મહાનુભાવોના હસ્તે નિમણૂક પત્રો અર્પણ કરાયા હતા.

જિલ્લા માહિતી બ્યુરો, ભરૂચ



### માંગરોળમાં જરૂરતમંદોને શ્રવણયંત્રનું વિતરણ

જરૂરતમંદોને મદદ પહોંચાડવી એ સરકારની પ્રાથમિક ફરજ છે. માંગરોળ તાલુકામાં કાનમાં સાંભળવાની તકલીફ ધરાવતાં બધિર વ્યક્તિઓને વિધાનસભા અધ્યક્ષ શ્રી ગણપતભાઇ વસાવાએ શ્રવણયંત્રનું વિતરણ કર્યું હતું. જિલ્લા અપંગ પુનવર્સન કેન્દ્ર, નવી સિવિલ હોસ્પિટલ અને મહાવીર ઈન્ટનેશનલના સંયુકત ઉપક્રમે યોજાયેલી શિબિરમાં શ્રી વસાવાએ જણાવ્યું હતું કે આવા આયોજનો દ્વારા ગરીબ માનવીઓના આરોગ્યની કાળજી લે છે. આ ઉપરાંત શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત નાના બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નવી સિવિલના તબીબી અધિક્ષક ડૉ. એમ.કે.વાડેલ, ડૉ.આર.સી.ગુપ્તા, તથા દર્દીઓ અને નાગરિકો હાજર રહ્યા હતા.

જિલ્લા માહિતી બ્યુરો, સુરત



### ચાલો ચરોતરના પ્રવાસે પુસ્તકનું વિમોચન

સ્વાતંત્ર્ય પર્વના ૬૫માં રાજ્ય ઉત્સવ પ્રસંગે ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના પ્રવાસનધામો ઉપર એક પુસ્તક તૈયાર કરવામા આવ્યું હતું. ''ચાલો ચરોતરના પ્રવાસે'' પુસ્તકનું વિમોચન મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેડા જિલ્લાના એન્સાઇક્લોપીડિયા રૂપ આ પુસ્તક લોકોને ખૂબ ગમશે તથા ઉપયોગી થશે. આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરા, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલા તથા વિધાનસભાના મુખ્ય દંડક શ્રી પંકજભાઇ દેસાઇ, મુખ્ય સચીવ શ્રી એ. કે. જોતિ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાકેશ રાવ સહિત અધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા માહિતી બ્યુરો, ખેડા



### અંકલેશ્વર તાલુકામાં વિકાસ કાર્યોનું લોકાર્પણ

રાજયમાં આંતરમાળખાકીય સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં ₹ ૬૯.૭૫ લાખનાં ખર્ચે અંકલેશ્વર તાલુકામાં વિકાસનાં કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત રમતગમત, યુવા સાંસ્કૃતિક વિભાગનાં રાજયકક્ષાનાં મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાઓ, પાણી, વીજળી, આરોગ્ય અને શિક્ષણ જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવી છે. મંત્રીશ્રીએ તેલવા, માટીયેડ, તરીયા, સજોદ, નવીદીવી, સામોર અને સાપરામાં વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી શ્રી આર.કે.ભગોરા, અધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા માહિતી બ્યુરો, ભરૂચ

દિનેશ દેસાઈ

# આરાસુરી મા અંબાના સ્થાનકે શ્રદ્ધા-ભક્તિનો મેળો







વેદોમાં કહેવાયું છે કે 'ધર્મ એ શ્રદ્ધા-આસ્થાનો વિષય છે અને ધર્મને નહીં માનવાનું કોઈ કારણ નથી.' આપણે ત્યાં ભક્તિ માર્ગમાં શક્તિ ઉપાસનાનું મહાત્મ્ય ખૂબ વર્ણવાયું છે. પૌરાણિક ગ્રંથો અનુસાર દેશમાં કુલ ૫૧ શક્તિપીઠ આવેલી છે. અરવલ્લીની ગિરિકંદરાઓની ટોચે આવેલી મા અંબાની આરાસુરી શક્તિપીઠ એમાંની એક છે.

અરવલ્લી પર્વતમાળાઓમાં ભૂતળ સ્તરથી ૧,૫૮૦ ફૂટની ઊંચાઈ ઉપર આવેલું મા અંબાનું મંદિર કરોડો લોકોની ધર્મ, આસ્થા અને શ્રદ્ધાનું પ્રતીક છે. ભાદરવી પૂનમ નિમિત્તે અહીં નોમથી પૂનમ સુધીનો લોકમેળો યોજાય છે અને ભાદરવી પૂનમનાં લોકમેળામાં ભાગ લઈને માતાનાં પૂણ્યદર્શન કરીને સૌ માઈભક્તો પોતાના ઘર તરફ પાછાં ફરે છે. હૈયે હૈયું દળાય





એવી દર્શનાર્થીઓની ભીડ જામે છે.

અમદાવાદથી ૧૭૯ કિલોમીટરના અંતરે આવેલા બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના આરાસુરી મા અંબેના મંદિરે મુખ્ય કળશ ૧૦૩ ફૂટ ઊંચું છે. એ સાથે કુલ મળીને ૩૫૮ શિખરોથી નિજમંદિર શોભાયમાન છે. માતાના ધામમાં અદ્દભૂત 'શ્રી વિસા યંત્ર'ની પૂજા કરવામાં આવે છે. એટલે કે અહીં માતાજીની કોઈ પ્રતિમા નથી. પરંતુ આ શ્રી યંત્રને જ સાજ-શણગાર કરીને દર્શનાર્થે રખાય છે. અહીં ઘીનો અખંડ દીવો પ્રજ્વળતો રાખવામાં આવ્યો છે. અહીંનું શ્રી વિસા યંત્ર એ 'શ્રીયંત્ર' હોવાનું જ કહેવાય છે. જે ઉજ્જૈન અને નેપાળનાં શક્તિસ્થળોએ રખાયેલાં મૂળ યંત્ર પ્રમાણેનું જ છે. એ તમામ મૂળ યંત્રમાં ૫૧ અક્ષર છે. દર મહિનાની આઠમના દિવસે આ યંત્રની શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અનુસાર બ્રહ્મદેવો દ્વારા પૂજા-અર્ચના કરવામાં આવે છે.

સ્ટેટના સમયની પરંપરા અનુસાર મંદિરમાં ત્રણ સમય આરતી થાય છે એ આરતી પૂર્વે સોનાની છડી અને રૂપાની મશાલ લઈને મંદિરની પ્રદક્ષિણા પછી જ આરતીનો ઘંટારવ શરૂ કરવામાં આવે છે. આ મશાલવિધિ પરંપરા અનુસાર દાંતાના ભાટિયા પરિવારના સભ્યો જ નિભાવે છે. તો, ભાદરવી પૂનમ પછી મંદિરની પ્રક્ષાલનવિધિ પાટણનાં સુવર્ણકાર પરિવારના સભ્યો જ પરંપરાગત રીતે કરતા આવ્યા છે. જેમાં માતાજીનાં શૃંગાર-આભૂષણો અને રત્નાલંકારોની સફાઈનો સમાવેશ થાય છે. નવરાત્રિની આઠમે ચાચર ચોકમાં જે વિશેષ પૂજાવિધિ અને યજ્ઞ થાય છે એમાં પરંપરા અનુસાર દાંતાના રાજવી પરિવારના સભ્યો ભાગ લેતાં હોય છે.

રાજ્ય સરકારે યાત્રાધામ અંબાજીમાં આંતરમાળખાકીય વિકાસ કરીને જાણે સમગ્ર સ્થળની કાયાપલટ જ કરી નાખી છે. અહીં બહારના રસ્તાથી મંદિર સુધીના બે ફ્લાય ઑવરબ્રિજ છે. ગબ્બર પર્વત સુધી ૯૯૯ પગથિયાં ચઢીને જઈ શકાય છે. એ માટે પણ સુવિધાજનક રસ્તા બનાવવામાં આવ્યા છે. અંબાજીમાં ૭૦ બેડની અદ્યતન હૉસ્પિટલનું નિર્માણ થયેલું છે. ગબ્બર પર્વતની નજીકમાં જ સનસેટ પૉઈન્ટ વિકસાવવામાં આવ્યો છે. અંબાજી સુધીના તમામ માર્ગોનું નવીનીકરણ કરાયું છે, એટલું જ નહીં, અંબાજીમાં પ્રવેશતાં જ શક્તિદ્વારનું પણ નિર્માણ કરાયું છે. મંદિર સમીપે યજ્ઞશાળા તૈયાર કરવામાં આવી છે. અહીં વર્ષ દરમિયાન કરોડો ભક્તો માના દર્શન કરીને ધન્ય થાય છે.

# સુવર્ણજયંતિ શહેરી રોજગાર યોજનાના (બી.પી.એલ.) કાર્ડ વિતરણ

ગરીબી રેખા નીચે જીવન જીવતાં કુટુંબોના ગરીબી નિર્મૂલન માટે રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધર્યા છે. બી.પી.એલ. કાર્ડધારકોને ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે લાભ આપવામાં આવી રહ્યો છે ત્યારે બી.પી.એલ. કાર્ડ ગરીબો માટે પાસપોર્ટની ગરજ સારશે.

તાજેતરમાં ભાવનગર જિલ્લા પ્રભારી અને ઊર્જા રાજ્ય મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આયોજીત સુવર્ણજયંતિ શહેરી રોજગાર યોજનાના (બી.પી.એલ.)કાર્ડનું વિતરણ કર્યું હતું. છેલ્લા એક દાયકાથી ગુજરાતે અસાધારણ વિકાસ કર્યો છે. ગુજરાતનો તંદુરસ્ત આર્થિક વિકાસ દર નોંધપાત્ર પ્રમાણમાં વધ્યો છે તેનો નિર્દેશ આપતાં ઉર્જામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય અર્થતંત્ર અને શહેરી અર્થતંત્ર વચ્ચે સમતુલિત વિકાસનું ધ્યેય રાજ્ય સરકારે રાખ્યું છે. રાજયની વિકાસયાત્રામાં જનભાગીદારીને આવકારતાં સ્વૈચ્છિક સંગઠનોના પ્રયાસોને તેમણે આવકાર્યા હતા.

ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી સાચા લાભાર્થીઓને સાચા અર્થમાં લાભ મળે તેવા ઉદાત્ત હેતુસર ગુજરાત સરકારે ગરીબીના ખપ્પરમાંથી ગરીબોને બહાર કાઢવા માટે પ્રયાસો કર્યા છે. નારી સશકિતકરણ દ્વારા આર્થિક ઉત્કર્ષ સાધવાના પ્રયાસોને બિરદાવ્યા હતા. ગરીબી રેખા નીચે જીવન જીવતાં કુટુંબો અને વ્યકિતઓને ગરીબી રેખાથી ઉપર લાવવા માટેના પ્રયાસોમાં પોતે વ્યકિતગત રીતે પુરતી મદદ કરશે તેમ પણ શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું.






મહાનગરપાલિકાના મેયર શ્રી સુરેશભાઇ ધાંધલીયાએ જણાવ્યું હતું કે, ભાવનગર મહાનગરપાલિકાએ ૩૨,૩૪૪ બીપીએલ કાર્ડ તૈયાર કર્યા છે. તેમણે સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજનાના અનેકવિધ પાસાઓની માહિતી પૂરી પાડી હતી.

મહાનગરપાલિકાના કમિશ્નર શ્રી એ.એસ. પટેલે જણાવ્યું હતું કે, ગરીબી નિર્મૂલન માટે કાર્યરત સ્વૈચ્છિક સંગઠનોની મદદથી મહાનગરપાલિકાએ વિવેકાનંદ કોલેજની સહાય મેળવીને ગરીબી રેખા નીચે આવતાં કુટુંબોનો સર્વે કરાવ્યો છે. ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમા અનુ.જાતિના ૪૩૭૧, અનુ.જનજાતિના ૧૦૬૬ સહીત કુલ ૩૨,૩૪૪ લોકોને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવશે. સ્માર્ટશીપ યોજના નીચે સ્લમ ફ્રી સિટી બનાવવાનું આયોજન છે. તેમણે બી.પી.એલ.કાર્ડ ધારકોને આરોગ્યવિષયક યોજનાઓ નીચે આપવામાં આવતી વિવિધ સવલતોની વિગતો આપી હતી.

ધારાસભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આયોજીત સુવર્ણજયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ ₹ ૨.૦૦ લાખ સુધીની લોન આપવામાં આવે છે. આ યોજના અન્વયે પુરૂષ લાભાર્થીને લોનના ૨૫ ટકા અને મહિલા લાભાર્થીને લોનના ૩૫ ટકા સબસીડી આપવામાં આવે છે. તથા સેલ્ફ હેલ્પ ગ્રુપમાં નિયમિત બચત કરનાર મહિલાઓને ગ્રુપને રીવોલ્વીંગ ફંડની સભ્યદીઠ ₹ ૨૦૦૦ની સહાય આપવામાં આવે છે. તદ્‌નુસાર, ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આ પ્રસંગે પ્રતિકાત્મક રૂપે કુલ - ૫૧ લાભાર્થીઓને બી.પી.એલ.કાર્ડનું વિતરણ કર્યું હતું. ભાવનગર મહાનગરપાલિકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ■

## આરોગ્ય ક્ષેત્રે વધુ એક સોપાન

# જી.સી.એસ. મેડિકલ કોલેજ, હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટરનું લોકાર્પણ




વિશ્વના સૌથી યુવા દેશ તરીકે ભારતની ૬૫ ટકા વસ્તી યુવાશક્તિ છે . ૨૧મી સદી હિન્દુસ્તાનની સદી બને તે માટે યુવાશક્તિના સામર્થ્યને પ્રોત્સાહન આપવું પડશે. ગુજરાતે આ દિશામાં યુવાશક્તિને પ્રેરિત કરી માનવસંસાધન વિકાસમાં મેડિકલ કોલેજોની બેઠકોની સંખ્યા છેલ્લા એક જ દશકામાં અગાઉના ૪૦ વર્ષમાં હતી તેના કરતાં પણ વધારે બેઠકોનો ઉમેરો કર્યો છે. આ દિશામા અન્ય એક પહેલરૂપ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત કેન્સર સોસાયટી સંચાલિત આધુનિકત્તમ જી.સી.એસ. મેડિકલ કોલેજ, હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદની સિવિલ હોસ્પિટલના આધુનિકરણનો વિશાળ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ₹ ૧૦૦૦ કરોડના ખર્ચે ઝડપથી સંપન્ન કરીને ગરીબોની આરોગ્ય સેવા માટે સમર્પિત કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

જાહેર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને જનસહયોગથી જાહેર આરોગ્ય સેવાઓનું ઉત્તમ સંકુલ ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા ૨૫ એકરમાં નિર્માણ પામ્યું છે અને પ્રથમ તબક્કે આ હોસ્પિટલમાં ૩૦૦ પથારીઓની ક્ષમતા સાથે ૧૦૦૦ પથારીઓની આધુનિક હોસ્પિટલ સહિતની મેડિકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર ગુજરાતની આરોગ્ય સેવાઓનું એક પ્રેરક સીમાચિહ્ન છે. ગુજરાતની પબ્લિક હોસ્પિટલોમાં પ્રથમ એવું પી.ઈ.ટી. સીટી સ્કેનનું પણ મુખ્ય મંત્રીશ્રીએ ઉદ્દઘાટન કર્યું હતું.



ગુજરાતના દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ શરૂ કરવાનો નિર્ધાર વ્યકત કરતાં મુખ્ય મંત્રીશ્રીએ નર્સિંગ અને પેરામેડિકલ સહિત સમગ્રતયા આરોગ્ય સેવા સ્વાસ્થ્યનું સશક્તિકરણ અને આધુનિકરણની રૂપરેખા આપી હતી. જીનેટીક સાયન્સથી લાઈફ સાયન્સ સુધીની આરોગ્ય સેવાઓમાં ગુજરાત વૈશ્વિક કક્ષાની સવલતો સાથે હેલ્થ ટુરિઝમની દિશામાં પણ આગળ વધે તે ક્ષેત્રે પણ ગુજરાત સરકાર પ્રયાસ કરી રહી છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જયનારાયણભાઇ વ્યાસે જણાવ્યું કે, રાજ્યમાં તબીબી શિક્ષણની સવલતો વિશેષ પ્રમાણમાં ઉપલબ્ધ કરાવીને રાજ્યના તેજસ્વી અને પ્રતિભાવંત વિદ્યાર્થીઓને ઊંચા ડોનેશન આપી અન્ય રાજ્યોમાં તબીબી શિક્ષણ મેળવવા જવું ન પડે તેવી સુદૃઢ વ્યવસ્થા ઊભી કરી છે.

પ્રારંભમાં ગુજરાત કેન્સર સોસાયટીના ચેરમેન શ્રી પંકજ પટેલે રાજ્યના સામાન્ય માનવીને ઉત્તમ અને અદ્યતન સારવાર પરવડે તેવા ઉદ્દેશથી આ સંકુલનું નિર્માણ થયું છે તેમ જણાવ્યું હતું. ગુજરાત કેન્સર સોસાયટીને ₹ ૧ કરોડથી વધુ દાન આપનાર જુદા જુદા ૧૪ દાતાઓનું મુખ્યમંત્રીશ્રીએ સન્માનપત્ર એનાયત કરી બહુમાન કર્યું હતું. કેન્સર સોસાયટી દ્વારા તેની સ્વર્ણિમ જયંતિની ઉજવણી પ્રસંગે પ્રકાશિત કરવામાં આવેલ કોફીટેબલ બૂક ફીફટી યર ઓફ કેન્સર કેરનું વિમોચન મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના અગ્રસચિવ શ્રી રાજેશ કિશોર, ગુજરાત કેન્સર સોસાયટીના નિયામક શિરિન શુકલ સહિત નિયામક મંડળના હોદ્દેદારો, દાતાઓ તથા મેડિકલ કોલેજના ફેકલ્ટી તબીબો, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ■



## "મમતા વિજ્ઞાન" પુસ્તકનું વિમોચન

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ રાજભવન ખાતે ડૉ. સુવીણા ચિતળીયા દ્વારા ગુજરાતી ભાષામાં લિખિત "મમતા વિજ્ઞાન" પુસ્તકનું તાજેતરમાં વિમોચન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે સ્ત્રીરોગ અને બાળ ઉછેર વિષયોના પુસ્તકો અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે તે માતૃભાષામાં પણ સરળતાથી ઉપલબ્ધ બને તેની જરૂરિયાત સમજીને ડૉ. સુવીણા ચિતળીયાએ "મમતા વિજ્ઞાન" પુસ્તક ગુજરાતી ભાષામાં તૈયાર કર્યું છે, જે નર્સીંગ સ્કૂલ અને કૉલેજોની વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં ઉપયોગી થશે. રાજ્યપાલશ્રીએ ડૉક્ટર દંપતિની નિઃશુલ્ક ચિકિત્સા સેવાઓને બિરદાવી હતી. બવાસીર રોગ સારવારની શિબિરનું આયોજન કરી દેશમાં લગભગ એક લાખ પચીસ હજારથી વધુ દરદીઓને ચિકિત્સા સેવા પૂરી પાડી છે.

## કેનેડાના ડેલીગેશનનું કન્યા કેળવણી નિધિમાં ડોનેશન



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની સૌજન્ય મુલાકાતે આવેલા કેનેડાના ડેલીગેશને તાજેતરમાં કન્યા કેળવણી માટે મુખ્યમંત્રીશ્રીને ૨૧૦૦૦ ડોલરનો ચેક ભંડોળરૂપે અર્પણ કર્યો હતો. ઈન્ડિયા કેનેડા પાર્લામેન્ટરી એસોસિયેશન અને કેનેડીયન ફ્રેન્ડઝ ઓફ ગુજરાતના ૧૬ સભ્યોનું ડેલીગેશન અમદાવાદમાં મુખ્યમંત્રીશ્રીને મળ્યું હતું અને ગુજરાત તથા કેનેડા વચ્ચે વિકાસના નવા ક્ષેત્રો વિકસાવવા માટેની તકોની ચર્ચા કરી હતી. કેનેડાના સાંસદ શ્રીયુત પેટ્રીક બ્રાઉન્ડ શ્રી મુકુંદ પુરોહિત સહિતના અન્ય સભ્યોએ ગુજરાતના વિકાસને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે ગૌરવ મળ્યું છે તેનું શ્રેય મુખ્યમંત્રીશ્રીના યશસ્વી નેતૃત્વને આપ્યું હતું.

## વીજ ગ્રાહકોની ફરિયાદોના તાત્કાલિક નિકાલ

**PGVCL**-પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. દ્વારા રાજ્યના સ્થાપના દિનથી તેના લાખો વીજ ગ્રાહકો માટે - તેમની વીજળી સંબંધી ફરિયાદોના ત્વરિત નિકાલ હેતુ એક હેલ્પ લાઈન શરૂ કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં સૌ પ્રથમ સૌરાષ્ટ્રના રાજકોટમાં ઝોનલ મથક ધરાવતી પી. જી. વી.સી.એલ. દ્વારા સુરક્ષાની ફરિયાદો મેળવીને, તેના ત્વરિત પ્રતિભાવરૂપે ફરીયાદી / અરજદારની રજૂઆતનો સત્વરે નિકાલ લાવવામાં આવે છે. જુના પાવરહાઉસ, કનકપુરા - રાજકોટ સ્થિત પી.જી.વી.સી.એલ.ની કચેરીમાં એક સાથે ૬૦ ગ્રાહકો આ હેલ્પ લાઈન પર ફરિયાદો અંગે ફોન કરે તો તુરત જ તેને એટેન્ડ કરી શકાય તેવી ૬૦ એક્ષ્ટેન્શન લાઈનો અહીં સતત ૨૪ કલાક માટે કાર્યરત છે. વીજ ગ્રાહકની ફરિયાદ મળતાં જ, કોમ્પ્યુટર પર તેની ચાલુ લાઈને નોંધ કરી, તે પછી તેના ખાસ રજીસ્ટરમાં ગ્રાહક નંબર, ગ્રાહકનું નામ, સરનામું, ફોન નંબર, ફરિયાદની વિગત સઘળું અંકે કરી, જે સબ સ્ટેશનને લગત તે ફરિયાદ હોય તેને તેની જાણ કરી, ફરિયાદનો નિકાલ કરી, ગ્રાહકને પણ તેની જાણ કરવામાં આવે છે. ગ્રાહકને તેનો કસ્ટમર કેર નંબર પણ આપવામાં આવે છે, જેથી તેની ફરિયાદના નિકાલ માટે શી કાર્યવાહી થઈ રહી છે, તે પણ તે જાણી શકે છે. રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર અને કચ્છ એમ આઠ જિલ્લાઓના વીજ ગ્રાહકોની ફરીયાદો અહીં સીધા રાજકોટ કચેરીના હેલ્પલાઈન કાર્યાલયમાં રિસિવ થાય છે, જે દ્વારા પી.જી.વી.સી.એલ.ના ૪૦ લાખ જેટલા વીજ ગ્રાહકોને ત્વરિત ફરિયાદ નિકાલની સેવા આપવાનો આશય છે. આ હેલ્પ લાઈન નિઃશુલ્ક છે, તેના માટે ગ્રાહકને કોઈ ફોનચાર્જ લાગતો નથી. પી.જી.વી.સી.એલ.ની હેલ્પલાઈન શરૂ થયાને હજુ ૧૫ માસ થયા છે ત્યારે સૌરાષ્ટ્ર પછી આજ રીતે આખા રાજ્યમાં આ હેલ્પલાઈન સેવાને વિસ્તારવાનો નિર્ધાર છે.

## ખેડા જિલ્લાના ત્રણ તાલુકાઓમા જળસ્ત્રાવ વિકાસના કાર્યો

ખેડા જિલ્લામાં છેલ્લા દસ વર્ષમાં આઇડબલ્યુડીપી (ઇન્ટ્રીગ્રેટેડ વેસ્ટલેન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ) યોજના હેઠળ વિરપુર, કપડવંજ તથા કઠલાલ તાલુકામાં કુલ ૨૬૦૦૦ હેકટર વિસ્તાર માટે બાવન વોટર શેડ પ્રોજેકટ ₹ ૧૫.૬૦ કરોડના મંજૂર થયેલ છે. જેના માટે કેન્દ્ર સરકારશ્રી તરફથી ₹ ૧૨.૭૮ કરોડ તથા રાજય સરકારશ્રી તરફથી ₹ ૧.૪૭ કરોડ જુન-૨૦૧૧ સુધીમાં મળ્યા હતા. જે પૈકી ₹ ૧૩.૫૧ કરોડનો ખર્ચ થયો છે. આ તમામ પ્રોજેકટ હેઠળ ચેકડેમ, બોરીબંધ, ખેત તલાવડી, સીમ તલાવડી, તળાવ ઉંડા કરવાની કામગીરી, અર્ધન વોટર હાર્વેસ્ટીંગ, નાળા પ્લગ તથા ગલી પ્લગ મળી કુલ ૧૫૭૭ કામો હાથ ધરાયાં છે. ઉપરોકત બાવન પૈકી ૩૨ પ્રોજેકટ સને ૨૦૧૦-૧૧માં પૂર્ણ થયેલ છે. જયારે બાકીના ૨૦ પ્રોજેકટ ૨૦૧૨-૧૩ના અંત સુધીમાં પૂર્ણ થનાર છે. ■

## તરણેતર લોકમેળામાં પશુ પ્રદર્શન - હરિફાઇ



સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ખાતે ભાતીગળ લોકમેળો યોજાયો હતો. મેળાના બીજા દિવસે રાજયના કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ પશુપાલન વિભાગ દ્વારા આયોજિત પશુમેળો અને પશુ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકારે તરણેતરના લોકમેળામાં પશુ પ્રદર્શન - હરિફાઇના આયોજન દ્વારા મેળામાં આવતાં લોકો શ્રેષ્ઠ પશુઓને નજરોનજર નિહાળીને પશુપાલકો સાથે પરામર્શ થકી શુધ્ધ ઓલાદના ઉચ્ચ ગુણો ધરાવતા જાતવાન પશુઓ રાખવા પ્રેરાય તે માટેનું સંનિષ્ઠ કાર્ય કર્યુ છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ભરતભાઇ ખોરાણી, પશુપાલન વિભાગના નિયામકશ્રી ડૉ. એ.જે. કાછીયા સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ તથા પશુપાલકો અને ગ્રામયજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા. તરણેતર ખાતે યોજાયેલા આ પશુ મેળામાં ૭૪ ગીરગાય, ૩૪ કાંકરેજ ગાય, ૧૩ બન્ની ભેંસ, ૨૧ જાફરાબાદી ભેંસ અને ૩૬ કાઠીયાવાડી અશ્વો સાથે રાજયભરમાંથી પશુપાલકો ઉપસ્થિત રહયાં હતાં. ■

## અરજદારોને રૂબરૂમાં જ એન.એ.ના આદેશ

અમદાવાદ જિલ્લા કલેકટર કચેરીમાં એન.એ.ની પ્રક્રીયામાં સંપૂર્ણ પારદર્શિતા લાવવા માટે જિલ્લા કલેકટર શ્રી વિજય નહેરા દ્વારા અરજદારને રૂબરૂ જ સમય મર્યાદામાં એન.એ. નાં આદેશ આપવાનો ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા કલેકટર કચેરીમાં જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૬૫ હેઠળ ખેતીની જમીનની બિનખેતીના ઉપયોગ કરવા માટે મોટી સંખ્યામાં અરજીઓ આવે છે. જિલ્લા કલેકટર શ્રી વિજય નેહરાનાં હસ્તે એન.એ. નાં આદેશો અરજદારોને રૂબરૂ આપવા માટેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તે સાથે અમદાવાદ જિલ્લાનાં ૨૦૦ અરજદારોને રૂબરૂ આદેશો આપવામાં આવ્યા હતા. જિલ્લા મહેસૂલી કામકાજમાં વચેટિયાઓને કાયમી વિદાય આપીને અરજદારની સામે જ એન. એ. ની પ્રક્રિયા કરવામાં આવશે. જિલ્લા કલેકટર કચેરીનાં આ નવતર પ્રયોગને અરજદારોએ ઉત્સવના માહોલની જેમ સ્વીકારીને જિલ્લા કલેકટરશ્રીને અભિનંદન પાઠવીને આભાર વ્યકત કર્યો હતો. જિલ્લા કલેકટર શ્રી વિજય નેહરાએ જણાવ્યું હતુ કે, રેગ્યુલર એન.એ પ્રક્રિયામાં ઓછામાં ઓછા ૯૦ દિવસની સમય મર્યાદા છે. અને તત્કાલ પ્રક્રિયાની ૧૫ દિવસની મર્યાદા નકકી કરવામાં આવી છે. હવે પછીથી અરજદારને કોઇ વચેટિયાઓને મળવાની જરુરત નહિ રહે કે કોઇ વિલંબ નહિ વેઠવો પડે. કાયદાની જોગવાઇ હેઠળ જ અરજદારની અરજી મંજૂર કે નામંજૂર કરવામાં આવશે. એન.એ. નાં આદેશો અરજદારને ઓળખકાર્ડ દર્શાવ્યા બાદ જ આપવામાં આવશે તેમ જિલ્લા કલેકટર શ્રી વિજય નેહરાએ જણાવ્યુ હતુ.



અધિક કલેકટર શ્રી કિરીટ દૂધાત તથા મહેસૂલી અધિકારીઓએ ૨૦૦ અરજદારોને એન.એ. નાં આદેશો ઓળખકાર્ડ ચકાસ્યા બાદ આપ્યા હતા. ■

# રવિવાર કે રજા, શિક્ષણ કાર્ય નિરંતર ચાલે છે...

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાનું આંકલવા ગામ ગામની પ્રાથમિક શાળાના શિક્ષણ કાર્ય અને રકત જ્યોતિ યુવક મંડળની સેવાભાવી પ્રવૃત્તિઓના કારણે સૌનું પ્રિય બન્યુ છે. આ ગામે સરકારી અધિકારીઓ પણ હોશે હોશે મુલાકાત લે છે અને ગૌરવ લે છે. પહેલાં આ ગામે આજે છે. એવી સક્રીયતા ન હતી. પ્રાથમિક શાળા જર્જરીત હતી. શિક્ષકો હાજર રહેતા ન હતા અને યુવાનો અને ગામ લોકો પણ એટલા ઉત્સાહી ન હતા.

આજે આ ગામની શાળા રવિવાર હોય કે રજા હોય શાળામાં શિક્ષણ કાર્ય ચાલે છે. બી.એડ અને પીટીસી યુવક-યુવતિઓ અહી માનદ્ સેવા આપે છે. અંકીત પટેલ નામના યુવાને પોતાનું કોમ્પ્યુટર શાળામાં ગોઠવીને બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય શરૂ કર્યુ છે. શાળા માટે અથવા ગામમાં કંઇ સારાકામ માટે ગમે ત્યારે માંગો ત્યારે નાંણાકીય ભંડોળ એકત્ર થઇ જાય છે. યુવાનોએ ભેગા થઇ અને ગામના તમામ વડીલોનું પણ સન્માન જાહેર કાર્યક્રમ કરીને કર્યુ હતું.

આ ગામની પ્રાથમિક શાળા હજુ તો હમણાં હમણાં ૨૦૦૭ સુધી જર્જરીત હતી. બાળકો બેસી શકે તેવી સ્થિતિ ન હતી અને એમાં શિક્ષકો પણ કંટાળીને ગેરહાજર રહે આવા વાતાવરણમાં માત્ર વીસ વર્ષની ઉંમરના યુવાન વિદ્યાસહાયક હિરેન પટેલની આ ગામે નિમણૂક થઇ અને તેમની એન્ટ્રી પડી બસ પછી તો આ ગામની સુંદરતા અને કાર્ય ક્ષમતામાં વધારો થયો. ગામ આખુ એક થયું જર્જરીત શાળાને ટી.ડી.ઓ હાંસોટ



“રકત જ્યોતિ” યુવક મંડળે શિક્ષણ કાર્યની જવાબદારી ઉપાડી.

જે ગામે જવુ ગમતુ ન હતું તે ગામે હવે સૌ જાય છે.

આ પરિવર્તન ૨૦ વર્ષની ઉંમરના એક વિદ્યાસહાયકે લાવી બતાવ્યુ

ખાનગી શાળાઓનું આકર્ષણ ઘટ્યું અને બાળકો સરકારી શાળામાં દાખલ થયા.

શ્રી પી.ડી.કોસમીયાએ જરૂરી રકમ મંજુર કરાવી શાળા માટે અદ્યતન મકાન બનાવડાવ્યું. આજે આ શાળા જોવા જેવી બની છે. અંકીત પટેલ, હીના પટેલ, નૂતન પટેલ, શિક્ષક, યુવક-યુવતીઓ એ શાળામાં વિના વેતને ભણાવવાની જવાબદારી લીધી છે. રકત જ્યોતિ યુવક મંડળના ૬૦ સભ્યોએ શાળાના બે બે બાળકો ભણાવવા માટે દત્તક લીધા અને શિક્ષણ કાર્ય એટલું શ્રેષ્ઠ બન્યું કે આજ ગામનાં જે બાળકો હાંસોટ ખાનગી શાળામાં ભણવા ગયાં હતાં તે તમામ પાછાં આવી આંકલવા શાળામાં દાખલ થઇ ગયાં.

રકત જ્યોતિ યુવક મંડળના સભ્યો ગામમાં નેત્ર ચિકિત્સા, રકતદાન કે આરોગ્ય કેમ્પ કરાવે છે. ગામની ખેતી યુવાનોએ સંભાળી છે. આ ગામની જમીન ‘ખારલેન્ડ’ હતી. આ જમીનને નવસાધ્ય કરી શ્રેષ્ઠ ઉત્પાદન મેળવવામાં આવી રહ્યું છે. ભીંડા, પરવર, કારેલા, ગલકાનું મબલખ ઉત્પાદન આ ગામના યુવા ખેડૂતો મેળવી રહ્યા છે. આજ ગામના યુવાન ખેડૂત ઉદય પટેલે પોતાની સાવ નકામી બની ગયેલી





ખારલેન્ડ જમીનને નવસાધ્ય કરી મબલખ ઉત્પાદન મેળવી રાજ્ય સરકારનું શ્રેષ્ઠ ખેડૂત તરીકે બહુમાન પ્રાપ્ત કર્યુ એટલું જ નહી ₹ ૫૦ હજારનો રોકડ પુરસ્કાર પણ મેળવ્યો.

થોડાક વર્ષોમાં જ ગામમાં આટલું બધુ પરિવર્તન લાવવા માટે ગામના લોકો આંકલવા ગામની પ્રાથમિક શાળાના એક વિદ્યાસહાયક શિક્ષકને શ્રેય આપે છે. ૨૦૦૭માં હિરેન પટેલ નામના યુવાન-માત્ર ૨૦ વર્ષની ઉંમરના વિદ્યાસહાયકની આ ગામે શિક્ષક તરીકે નિમણુક થઇ અને પછી તો ગામમાં જબરજસ્ત પરિવર્તન આવ્યું અને ગામમાં શાળાનું મકાન નવું બન્યું એટલું જ નહી આ શાળા જિલ્લામાં શ્રેષ્ઠ શાળાની તમામ સુવિધાઓથી સજ્જ શાળામાં રજાના દિવસે પણ ચાલતા શિક્ષણ કાર્યથી આકર્ષાઇને તાલુકા મથકની શાળામાં ભણતાં ૨૦ જેટલાં બાળકો આ શાળાએ ભણવા દાખલ થયાં છે. એક શિક્ષક ખરેખર પરિવર્તન લાવી શકે છે. તેનો ઉત્તમ દાખલો આંકલવા ગામ છે.

જોરાવરસિંહ જાદવ

# કાષ્ઠશિલ્પનો કલા વારસો

ગુજરાતનાં ગ્રામ અને નગરજીવનમાં ખીલેલી કળાઓમાંની એક કળા કાષ્ઠ શિલ્પ સ્થાપત્ય અને કાષ્ઠ કોતરણીની છે.લાકડાં પર નકશી કામ કરવાની કલાનું પગેરું ,વેદ, પુરાણ, રામાયણ, મહાભારત, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, બૃહત્સંહિતા, બૌધ્ધ સાહિત્ય અને પરદેશી મુસાફરોની નોંધપોથીમાંથી સાંપડે છે. સૂર્યના રથને સુંદર સુશોભિત કોતરણીવાળા હજાર સ્તંભ હોવાનો ઉલ્લેખ ઋગ્વેદમાંથી મળે છે. મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તનાં કાષ્ઠ મંડિત મહાલયની નોંધ મૅગસ્થનિસે લીધી છે.

ભારતમાં અને ગુજરાતમાં જૂનાકાળે મંદિરોનાં બાંધકામમાં કાષ્ઠનો ભરપટે ઉપયોગ થતો. ભગવાન શ્રીકૃષ્ણએ બંધાવેલું પ્રભાસપાટણનું ત્રીજું મંદિર લાકડાંનું બનેલું હતું એમ કહેવાય છે. પાષાણની જેમ લાકડું પ્રકૃતિ અને માનવબળોની સામે ઝાઝું ટકી શકતું નથી. આપણે ત્યાં પરાપૂર્વથી ચાલી આવતી કાષ્ઠ અર્થાત્ દારુ શિલ્પની પ્રથાના ગુજરાતનાં અવશિષ્ટ રહેલાં પ્રાચીનતમ નમૂનાઓ સાડા ત્રણસો વર્ષ કરતાં ભાગ્યેજ પુરાણાં હશે.

સુથારીકામનાં અલંકારપૂર્ણ કાષ્ઠ સ્થાપત્યનો ઉપયોગ અગાઉ નગરોના શ્રીમંતો અને શ્રેષ્ઠીઓનાં ઘરોમાં મોટેભાગે થતો.આવા ઘરો નાગરિક સભ્યતાનાં અંગો ગણાતાં. ગુજરાતમાં કાષ્ઠ સ્થાપત્યની અપાર સમૃધ્ધિ પાટણ, અમદાવાદ, ખંભાત, સુરત, ભરૂચ, સિધ્ધપુર, ઇડર, નડિયાદ, મહુવા, સંખેડા, જામનગર, રાજકોટ, માંગરોળ, હળવદ, ધોળકા, ઉમરેઠ, વિરમગામ, વીછિયા, જસદણ, પોરબંદર, રાજુલા, ડભોઇ, છોટા ઉદેપુર અને કચ્છના નગરોમાં હાંફતી પડી છે.

શ્રી જયેન્દ્ર નાણાવટી અને ડૉ. મધુસૂદન ઢાંકી ગુજરાતનાં કાષ્ઠ સ્થાપત્યના સાડા ત્રણસો વર્ષના ઇતિહાસના ત્રણ તબક્કા ગણાવે છે. સૌથી પ્રાચીન લગભગ અઢીસો ત્રણસો વર્ષ જેટલા જૂના નમૂનાઓમાં કોતરકામ ખૂબ ઝીણું, ઊંડું, સ્વચ્છ અને રેખાની અવર્ણનીયતા ધરાવે છે. ત્યારપછીના તબક્કામાં સૌરાષ્ટ્રનુ કાષ્ઠ કામ સ્થૂળ થતું જતું હોવા છતાં મૂળ નિયમોને વળગી રહેવા પ્રયત્ન કરે છે. જ્યારે તળ ગુજરાતમાં મુઘલાઇ,મારવાડી અને મરાઠી ઢંગોનું મિશ્રણ જોવામાં આવે છે.



આપણે ત્યાં કાષ્ઠ શિલ્પના મુખ્ય ત્રણ પ્રવાહો નજરે પડે છે. મંદિરો અને રહેઠાણનાં મકાનો અને ગૃહ મંદિરની વપરાશી ચીજ-જણસો. આ બધામાં કારીગરોએ ઉપયોગિતાની સાથે કલાકારીગરીનો સમન્વય શિલ્પ શાસ્ત્રનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ કર્યો છે. પથ્થરની કલાકોતરણીને આપણાં ગુર્જર સુથારો કાષ્ઠમાં આબેહૂબ કંડારે છે. ગુજરાતનાં કાષ્ઠ કોતરણીનાં



કારીગરોની રીતે જૂના કાળે વિદેશો સુધી પ્રસરી હતી. અમદાવાદની એક હવેલીનો આગળનો આખો ભાગ લંડનના સંગ્રહ સ્થાન સુધી પહોંચ્યો છે.

કાષ્ઠ કલાકારીગરીની કલા આપણે ત્યાં માત્ર મંદીરો કે ઘર પુરતી મર્યાદીત ન રહેતા જીવન જરૂરીયાતની તમામ ચીજ જણસ સુધી પ્રસન્ન પણે વિહરી છે. પછી તે કબુતરો માટેના ચબૂતરા-પરબડી હોય, ઘર વપરાશના મજૂસ, ઘોડીયા, પાટ-પટારા, પેટીઓ, બાજઠ, પાણીયારા, સાંગામાંચી,ભગવાનની સુખ શૈય્યાં, પલંગ ઢોલિયા કે હીંડોળા ખાટ હોય કે મુસાફરીના રથ, વેલડાં,ગાડાં, મ્યાના, પાલખી કે સીગરામ હોય, દીપ સ્થંભો હોય કે માતાજીની માંડવડીઓ હોય : કારીગરોએ આ ક્ષેત્રમાં અજોડ તેજ રેખાઓ ઉપસાવી છે.

ગુજરાતમાં વૈશ્ય, મેવાડા, ગુર્જર અને પંચોળી આ ચાર જાતિઓ વંશ પરંપરાથી કાષ્ઠ કામમાં પ્રવીણ ગણાય છે. તેઓ પોતાને વિશ્વકર્માના પુત્રો માને છે. અમદાવાદ એક કાળે કાષ્ઠ કોતરણી માટે ખૂબ જાણીતું કેન્દ્ર હતું. જર્નલ ઓફ ઇન્ડિયન આર્ટની નોંધ મુજબ દસકાઓ પૂર્વે અમદાવાદમાં કાળુપુર પાંચ પટ્ટીમાં રહેતા ચંદુ ભુદર અને સોમનાથ ભુદરનો કાષ્ઠ કોતરકામમાં ડંકો વાગતો એમના પિતા ભુદર મિસ્ત્રી પાસે કવિ શ્રી દલપત રામે રાસ માળાના ચિત્રો વુડકટ કરાવ્યાં હતા. અમદાવાદના કાળુપુર સ્વામીનારાયણ મંદીરની કોતરણી કરઢગામના સુથાર કારીગરોએ કરી હતી. એ રીતે વડોદરા લક્ષ્મીવિલાસ પેલેસની લાકડાની કોતરણીનું કામ ડભોઇના સુથારોએ કર્યું હતું. આજના પટારાનો શોધક ભાવનગરનો કાળો સુથાર હતો. આમ આ અભણ અને ભલા ભોળા સુથાર કારીગરોની કાષ્ઠ કળાએ સૌંદર્ય અને કલાના પરિમાણોની એક નવી દિશા ઉઘાડી આપી હતી. ■

જિલ્લા માહિતી બ્યુરો, પોરબંદર







# સુદામાની તપોભૂમિ, મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ અને સ્વામી વિવેકાનંદની કર્મભૂમિ... પોરબંદર

***પોરબંદર - ઐતિહાસિક અને પૌરાણિક મહત્ત્વ ધરાવતો જિલ્લો છે. પરિવર્તનને ઝીલી રહેલા આ જિલ્લામાં વિકાસના નવા નવા કાર્યો થઈ રહ્યા છે. અહીં આ જિલ્લા વિશેની માહિતી સંકલિત રૂપે પ્રસ્તુત છે.***

અરબી સમુદ્રના કાંઠે આવેલી સુરખાબી નગરી પોરબંદર એ આ જિલ્લાની આગવી ઓળખ છે. પોરબંદર એ ભગવાન શ્રીકૃષ્ણના સખા સુદામાજીની તપોભૂમિ, રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ અને યુવાનોના પથદર્શક સ્વામી શ્રી વિવેકાનંદજીની કર્મભૂમિ છે.

પોરબંદરને તા. ૨જી ઓક્ટોબર ૧૯૯૭ના રોજ અલગ જિલ્લાનો દરજ્જો પ્રાપ્ત થયો છે. કુલ ૨૨૭૨૦ ચોરસ કિ.મી.નું ક્ષેત્રફળ ધરાવતા અને ૨૧.૧૫ થી ૨૧.૫૦ અક્ષાંશ તથા ૬૯.૫૫ થી ૭૦.૨૫ પૂ. રેખાંશ પર આવેલા આ જિલ્લામાં ૩ તાલુકા પોરબંદર (૭૩ ગામ), રાણાવાવ (૩૦ ગામ ૩૨ નેસ), અને કુતિયાણા (૪૬ ગામ)નો સમાવેશ થાય છે. આમ ૧૮૩ ગામડા અને નેસ વિસ્તારના બનેલા આ જિલ્લામાં ૪ શહેરો જેવા કે પોરબંદર, છાયા, રાણાવાવ અને કુતિયાણા આવેલા છે. ૬૭૫ મી.મી. થી ૮૦૦મી.મી.નો સરેરાશ વરસાદ ધરાવતા આ વિસ્તારમાં મગફળી અને ઘઉં જેવા મુખ્ય પાક ઉપરાંત બાજરી, તલ, કપાસ, જુવાર, ચણા અને બાગાયતી પાકો લેવાય છે.

ખમીરવંતી, શૌર્યવાન છતાં સાદાઇ અને નીતિવાન જીવન માટે સુપ્રસિધ્ધ એવી મેર જાતિ ઉપરાંત, ખારવા, કોળી, લોહાણા, રબારી અને બરડાઇ બ્રાહ્મણની મુખ્ય વસ્તી ધરાવતા આ પ્રદેશનું લોકજીવન ભાતીગળ છે. કુલ ૫ લાખ ૮૬ હજારની વસતી ધરાવતા જિલ્લામાં રાજયમાં ભાગ્યે જ જોવા મળતી રહેણી કરણી મુજબ લોકો વાડી વિસ્તારમાં પણ વસવાટ કરવાનું પસંદ કરે છે, જે અહીંની વિશિષ્ટતા છે.

પોરબંદરને લગતા ઐતિહાસિક ઉલ્લેખો ઉત્તરકાલીન જોવા મળે છે. એનો જૂનામાં જૂનો ઉલ્લેખ જામનગરના ભાણવડ તાલુકામાં આવેલા ઘૂમલીના ઇ.સ.૯૮૮ના તત્કાલિન વર્ષના બાલ્કન દેવના તામ્રશાસનમાં જોવા મળે છે. એક બ્રાહ્મણને આપેલા તામ્રપત્રમાં


પૌરવેલા કુલ એટલેકે પોરબંદરનો ઉલ્લેખ જોવા મળે છે. વાઘેલા સમયના ચાર ઉત્કીર્ણો પણ જોવા મળે છે. જેમાં ૨૫૦ વર્ષનું અંતર જોવા મળે છે. ઋગ્વેદ અને ઉત્તરકાલીન વૈદિક સાહિત્યમાં પોરબંદરનો નામ પુરતો પુર શબ્દનો ઉલ્લેખ છે. આમ પોરબંદર પ્રાચીન સમયનું હોવાનું અનુમાન થઇ શકે છે. પોરબંદરમાં દીર્ઘકાલીન શાસન કરનાર જેઠવા વંશ નવમા સૈકામાં આવ્યા હોવાનું જણાય છે. મોરબીના નાગના બંદર (નવા નગર)થી બેટ દ્વારકા થઇ પોરબંદરથી આઠ માઇલ દૂર આવેલા શ્રીનગરમાં સૌપ્રથમ જેઠવા વંશના વંશજો સ્થાયી થયા બાદ સીમિત બરડો અને હાલારનો પણ કેટલોક ભાગ તેઓના શાસન હેઠળ હોવાનું કહેવાય છે. તેઓના સમયમાં સ્થાપત્ય, કલા અને સંસ્કૃતિનો સુવર્ણકાળ હોવાનું તે સમયના પ્રાપ્ય અવશેષોથી પુરવાર થાય છે.

**ઔદ્યોગિક વિકાસ :** પોરબંદર ખનીજ ક્ષેત્રે સમૃધ્ધ છે. અહીના જેઠવા વંશના રાજા રાણો, પ્રખ્યાત બરડાના ઘીને વૈશ્વિક ઓળખ અપાવનાર ભાણજી લવજી ઘી વાળા ભાણો અને બાંધકામ માટે સુવિખ્યાત પત્થર એટલે કે પાણો પ્રસિધ્ધ છે. આ ઉપરાંત લાઇમ સ્ટોન, બોકસાઇટ આધારિત સિમેન્ટ અને કેલ્સાઇન બોકસાઇટના ઉદ્યોગો, ફિશીંગ નેટ અને ફિશ પ્રોસેસીગ પ્લાન્ટના મોટા તથા મધ્યમ કદના ૫ ઉદ્યોગો આવેલા છે. જયારે ૯ જેટલા મોટા ઉદ્યોગોના કરારો થયેલા છે. આ વિસ્તારમાં ધરમપુર, મિયાંણી અને વનાંણામા ઔદ્યૌગિક વસાહતો આવેલી છે. જેમાં કોલ્ડ સ્ટોરેજ, બરફ બનાવવાના કારખાના, સીમેન્ટ ઉદ્યોગ આધારીત મોઝેક ટાઇલ્સ બનાવવાના કારખાના, ઉપરાંત નેટ અને બેરીંગ્સ તથા પ્લાસ્ટીક આર્ટીકલ બનાવવા અને મસાલા બનાવવાના કુલ ૨૫૪ લઘુઉદ્યોગો આવેલા છે. સૌરાષ્ટ્રભરમાં માત્ર અહીં મળતો ચોક તેની ગુણવત્તા માટે ખાસ્સી લોકપ્રિયતા ધરાવે છે.

**કૃષિ :** ભારત કૃષિ પ્રધાન દેશ છે. મોટા ભાગની વસ્તી ખેતી પર નિર્ભર હોવા મુજબ પોરબંદરમાં પણ ખેતી મુખ્ય વ્યવસાય છે. ૨૨૨૯૦ હેકટરનો પિયત વિસ્તાર ધરાવતા આ જિલ્લામાં મગફળી અને ઘઉં મુખ્ય પાક છે. આ ઉપરાંત બાજરી, તલ, કપાસ, જુવાર, ચણા અને બાગાયતી પાકો પણ લેવાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી સરકાર દ્વારા ચલાવાતા કૃષિ મહોત્સવ જેવા કૃષકોને લાભદાયી કાર્યક્રમોને કારણે ગુજરાતની સાથેસાથે પોરબંદરનો ખેડૂત પણ આર્થિક સમૃધ્ધ થયો છે. અહીના મહેનતકશ ખેડૂતોનો પરિશ્રમ તેઓની ખેત સમૃધ્ધિને જોતા ઉડીને આંખે વળગે તેવો નોંધપાત્ર રહયો છે.



પરંપરાગત ખેતી પધ્ધતિને સ્થાને ડ્રીપ ઈરીગેશન, ફુવારા પધ્ધતિ, ટપક સિંચાઇ અને નેટ ફાર્મિંગના ફાયદાઓ અહીના ખેડૂતો લેવા લાગ્યા છે. કૃષિ અને બાગાયતી વિભાગની યોજનાઓના લાભથી રાણાવાવના છગનભાઇ રાણાવિયા મહારાષ્ટ્રના ખેડૂત પ્રવાસમાંથી પ્રેરણા લઇને પોતાની ૨૪ વિઘા જમીનમાં યુ.એસ.-૦૪ અને યુ.એસ.-૭૩૦ જાતના મરચાંનું વાવેતર કરેલું છે. જેમાં વીઘે ૧૦૦ જેટલા બાચકાનો ઉતારો આવે છે. એક વીઘામાં માત્ર ૩૦ હજાર ના ખર્ચ સામે ₹ ૧ લાખનું ઉત્પાદન મેળવી શકાય છે. આમ ૧૨ વીઘાની આ મરચાની ખેતીમાં તેઓ ₹ ૧૦ થી ૧૨ લાખનું વળતર મેળવી સારી આવક પ્રાપ્ત કરી શકયા છે. બરડાની પ્રખ્યાત કેસર કેરીમાં રાણાવાવ તાલુકાના હનુમાનગઢના પ્રગતિશીલ ખેડૂત સવદાસભાઇ ખૂંટી દ્વારા ગ્રેડિંગ અને બ્રાન્ડ નેમ પદ્ધતિથી માર્કેટીંગનો સફળ પ્રયોગ થકી ગત વર્ષે તેઓની S.K. બ્રાન્ડ નેમની પ્રખ્યાત કેરીને લંડનની બજારોમાં મોકલી કેસર કેરીને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં નામના અપાવવામાં સફળ થયા છે. તેઓ પોરબંદર ઉપરાંત રાજય અને દેશના અન્ય રાજયોમાં પણ એસ.કે. બ્રાન્ડથી કેસર કેરી નિકાસ કરે છે. આ રીતે તેઓએ ગત વર્ષે ₹ ૧૦ લાખ ૫૦ હજારની આવક સામે આ વર્ષે ૧૨ થી ૧૩ લાખની વિક્રમી આવક મેળવી છે. આવા અનેક પ્રગતિશીલ ખેડૂતો આધુનિક ખેતી પદ્ધતિથી ખેતી કરી આર્થિક સમૃધ્ધિ મેળવી શકયા છે.













**પશુપાલન :** બરડા ડુંગરની તળેટીમાં વસતા રબારી લોકોનો મુખ્ય વ્યવસાય જ પશુપાલન અને દૂધ ઉત્પાદન છે. તેઓ દ્વારા ઉત્પાદિત ઘી એ બરડાના ઘી તરીકે સુવિખ્યાત છે. પ્રખ્યાત બરડાના ઘી ને વૈશ્વિક ઓળખ અપાવનાર ભાણજી લવજી ઘી વાળાનું બી.એલ માર્કાનું ઘી દેશના સીમાડા ઓળંગી દેશ વિદેશમાં પ્રખ્યાત છે. તત્કાલીન રાજવી દ્વારા તેઓને રાજરત્નનો એવોર્ડ આપવવામાં આવેલો. ઉલ્લખનીય છે કે, સૌરાષ્ટ્રભરમાં ઘીની ગ્રેડીગ લેબોરેટરી સૌપ્રથમ પોરબંદરમાં સ્થપાઇ હતી. હાલ પોરબંદરમાં ૨ લાખ ૪૧ હજારનું પશુધન આવેલું છે. જેમાં દૂધાળા પશુઓમાં ભેંસ અને ગાય અનુક્રમે ૧ લાખ ૫ હજાર અને ૧ લાખ ૩૫ હજાર છે. ગત સાલ પણ પશુપાલન વિભાગ દ્વારા ૭૧ લાભાર્થીઓ માટે ₹ ૯ લાખથી વધુની રકમના ખર્ચે કેટલ શેડ, બકરા એકમ, ગમાણ, પશુ ચિકિત્સા શિબિર, ચાફ કટર, પશુ ઉત્પાદકતા વૃધ્ધિ શિબિર, પશુ સંવર્ધન, શિક્ષણ શિબિરના લાભો અપાયા છે.

**શિક્ષણ :** શિક્ષણ ક્ષેત્રે પણ પોરબંદરે અનેક ગણો વિકાસ સાધ્યો છે હાલ અહીં ૧ પોલીટેકનીક, બે બી.એડ. કોલેજ અને એક પી.ટી.સી કોલેજ ઉપરાંત ત્રણ આર્ટસ અને કોમર્સ કોલેજો સાથે એક સાયન્સ કોલેજ પણ આવેલી છે. પૂ. બાપુની કન્યા કેળવણીની હિમાયતને આવકારી શ્રેષ્ઠી શ્રી નાનજી કાળીદાસ મહેતાએ કાઠીયાવાડની સૌપ્રથમ માત્ર કન્યાઓ માટે જ શરુ કરેલી આર્ય કન્યા ગરૂકુળ એ ગુરુ શિષ્ય પરંપરાની સંસ્કૃતિને ઉજાગર કરતી શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થા પોરબંદરમાં આવેલી છે.

હાલ પણ પોરબંદરમાં સરકારી અને બિન સરકારી એવી કુલ ૪૬૧ પ્રાથમિક શાળાઓ આવેલી છે. જયારે ૧૦૨ જેટલી માધ્યમિક શાળાઓ આવેલી છે. સરકાર દ્વારા કેળવણીને મહત્વ આપતા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથ જેવા કાર્યક્રમો અન્વયે ચાલુ વર્ષે અઢી હજાર થી વધુ કુમાર અને અઢી હજાર કન્યા મળીને કુલ પાંચ હજારથી વધુ બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું. પોરબંદરમાં હવે ૧૦૦ ટકા નામાંકન સિધ્ધ થઇ રહયું છે. પ્રાથમિક શાળાઓમાં વર્ગ ખંડો, કમ્પાઉન્ડ વોલ, નવી શાળા માટે ઇમારતો, સી.આર.સી., બી.આર.સી. માટે કાર્યાલયો, સ્ટાફ કવાટર્સ, આંગણવાડીના મકાનો જેવી આધુનિક ભૌતિક સુવિધા માટે ૫.૨૦ લાખનો ખર્ચ કરાયો છે. પોરબંદર શહેરમાં વનાણાં ખાતે અંદાજે ₹ ૧.૯૦ કરોડના ખર્ચે ઔદ્યોગિક તાલીમ સંસ્થાનું નવનિર્મિત ભવન નિર્માણ થયું છે. જેમાં ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોરમાં કુલ ૨૦૯૮ ચો.મીનું બાંધકામ છે. પોરબંદર તાલુકાના વિસાવાડા ગામે સાગરખેડૂ યોજના અંતર્ગત જૂના હાઇસ્કુલના ગ્રાઉન્ડમાં સરકારી માધ્યમિક શાળાનું મકાન ₹ ૧૪૦ લાખથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યું છે.

**વંચિતોનો વિકાસ :** જિલ્લા પંચાયતની સમાજ કલ્યાણ શાખા દ્વારા ગરીબોના ઉત્થાન અને પછાત વર્ગોના કલ્યાણની જુદી-જુદી સમાજ સેવાઓની યોજનાઓ હેઠળ ₹ બે કરોડના ખર્ચે વિવિધ યોજનાકીય લાભો પહોંચતા કરવામાં આવ્યા છે. રાજયના સમાજ કલ્યાણ ખાતા દ્વારા છાયા વિસ્તારમાં અતિ આર્થિક અને સામાજિક પછાત એવા ભોઇ સમાજના ૯૨ લાભાર્થીઓને સમાજ કલ્યાણ વિભાગની પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત મકાનની સહાય વ્યકિતગત ધોરણે આપવામાં આવી છે. લાભાર્થીઓ માટે એક સરખી ડિઝાઇનના મકાનો બાંધવામાં આવ્યા છે જેમાં મકાનની અંદાજે ૮૫ હજાર ₹ કિંમત નક્કી કરી હતી. જેમાં સરકારી સહાય ₹ ૪૦ હજાર અને વધારાની ₹ ૪૫ હજારની રકમ સમાજના આગેવાનો દાતાઓ તરફથી અને લાભાર્થીના શ્રમફાળાથી મેળવવામાં આવ્યું છે. આ ઉપરાંત સમાજ કલ્યાણ ખાતા દ્વારા આદર્શ નિવાસી શાળાઓ અને છાત્રાલયો પણ ચલાવવામાં આવી રહયા છે. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ લાભ લઇ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહયા છે. સમાજ સુરક્ષા વિભાગ દ્વારા વર્ષ દરમિયાન સંત સુરદાસ યોજના હેઠળ ૮૩, સાધન સહાય યોજના હેઠળ ૧૦૦ લાભાર્થીઓને, અપંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૬૨, અને વિધવા તાલીમ યોજના હેઠળ ૭૮ લાભાર્થીને આવરી લેવામાં આવ્યા છે.





**રસ્તાઓ અને જાહેર બાંધકામ :** પોરબંદર શહેરમાં પોરબંદર - મીયાણી રોડ ઉપર જ્યુબિલી બ્રીજ વિથ એપ્રોચીઝનું બાંધકામ બે વર્ષની અંદર પૂર્ણ થયું છે. ૧૧૫ વર્ષ જૂના નબળા બ્રીજને સ્થાને આ નવો બ્રીજ ₹ ૧૦.૨૯ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. પોરબંદર તાલુકાના વિસાવાડા ગામે સાગરખેડૂ યોજના અંતર્ગત જૂના હાઇસ્કુલના ગ્રાઉન્ડમાં સરકારી માધ્યમિક શાળાનું મકાન ₹ ૧૪૦ લાખથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યું છે. ₹ ૫૨ લાખના ખર્ચે ગ્રાહક સુરક્ષા ફોરમના નવા મકાનનું કામ પૂર્ણ થયુ છે. નવી કલેકટર કચેરીનું કામ પ્રગતિમાં છે. બગવદર - મીયાણી રસ્તાનું કામ ₹ ૩ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. પોરબંદરમાં પોરબંદરથી સિલચરનો પૂર્વ પશ્ચિમ કોરીડોર સમો ફોરલેન નેશનલ હાઇવે આવેલો છે. આ ઉપરાંત ઓખા થી ભાવનગર સુધીનો કોસ્ટલ હાઇવે સહિત ૧૨૮.૮૦ કિ.મી.ના મેટલ અને ૪૭૫.૫૭ કિ.મી.ના ડામર રસ્તાઓ વડે ગ્રામ્ય વિસ્તાર શહેર સાથે જોડાયેલો છે.

**સિંચાઇ :** જિલ્લામાં ભાદર અને મીણસાર બે મુખ્ય નદીઓ આવેલી છે. આ ઉપરાંત ઓઝત, બીલગંગા, મહિસાર, મધુવંતી, વર્તુ, સોરઠી જેવી નાની નદીઓ પણ આવેલી છે. પોરબંદર જિલ્લો બન્યા પછી સિંચાઇની સુવિધામાં અનેક ગણો વિકાસ નોંધાયો છે. પંચાયત સિંચાઇ વિભાગ દ્વારા પોરબંદર તાલુકામાં છેલ્લા ૧૦ વર્ષમાં (૨૦૦૧ થી ૨૦૧૧) સુધીમાં કુલ ૩૮ ગ્રામ્ય તળાવો/ અનુશ્રવણ તળાવો નવા બાંધવામાં આવેલ છે. જેનાથી ૩૮ ગામોને પીવાના પાણીનો લાભ મળ્યો છે. તેમજ સિંચાઇનો પરોક્ષ રીતે ૩૮૦ હેકટરનો લાભ થયો છે. રાણાવાવ તાલુકામાં સરદાર પટેલ સહભાગી યોજના હેઠળ બે તળાવો જયારે સરદાર પટેલ સહભાગી ચેકડેમ યોજના ૮૧ ચેકડેમોનું નિમાર્ણ થયું છે. એક મોટા ચેકડેમ સહિત ૮૪ કામો ₹ ૩૭૫ લાખના ખર્ચે થયા છે. આ ઉપરાંત રાણા ખીરસરા વીયર જળસંપત્તિ યોજના અંદાજિત ૧૩ કરોડ ૫૦ લાખના ખર્ચે સાકાર થશે. રાજય સિંચાઇ વિભાગ દ્વારા કુલ ₹ ૧૬૪૫.૨૬ લાખના સિંચાઇના કામો ૪૭ ગામોમાં થયા છે. સિંચાઇના ૧૪૭ કામો થયા છે. જેમાં સારણ જળસંપત્તિ યોજના ₹ ૬૦૭ લાખના ખર્ચે, સરદાર પટેલ સહભાગી યોજનાના તળાવો, નાના-મોટા ૧૪૧ ચેક ડેમો ₹ ૫૨૧.૨૫ લાખના ખર્ચે અને ૪ મોટા ચેકડેમ ₹ ૪૭૦.૨૪ લાખના ખર્ચે બાંધવામાં આવ્યા છે. જેનો ખર્ચ ૨૭.૮૭ લાખ થયો છે. જેનાથી ૧૦ ગામોને પીવાના પાણીનો લાભ મળ્યો છે. ૪ તળાવોને ઊંડા ઉતારવાની કામગીરી કરવામાં આવી છે. જેમાં કુલ ₹ ૧૨.૩૮ લાખનો ખર્ચ થયો છે. ૧૪ નવા ચેકડેમો/તથા ચેકડેમ કમ કોઝવે બાંધવામાં આવ્યા છે. જેમાં અત્યાર સુધીમાં ₹ ૭૩.૭૧ લાખનો ખર્ચ થવા પામ્યો છે.

**મત્સ્ય પેદાશ :** પોરબંદર જિલ્લામાં ૧૦૬ કિ.મી. લાંબો દરિયાઇ પટ્ટી ધરાવતો વિસ્તાર આવેલો છે. આ દરિયામાંથી પામ્ફલેટ, છાપરી, ચારાકી, ધોલ, મગરા, ઝીંગા વગેરે સારીજાતની માછલીઓ મળે છે. અહીં ૭૦ માછીમારીની સહકારી મંડળીઓ કાર્યરત છે. જેમાં ૮૫૦૦ જેટલા સભ્યો છે. વાર્ષિક ઉત્પાદન ૮૩,૯૨૩ મેટ્રિક ટન છે. જેમાં ઝીગા અને પામ્ફલેટ જેવી કિમતી મત્સ્ય પેદાશોની ઊંચી કિંમત વિદેશોમાં મળતી હોવાથી નિકાસ કરવામાં આવે છે. આ માટે અહીં પ્રોસેસીગ પ્લાન્ટ પણ ચાલી રહયા છે. કાનાભાઇ ચમ અને કરસનભાઇ ચામિડીયા જેવા સાહસીક માછીમાર ઉદ્યોગપતિઓએ આ ઉદ્યોગમાં પરિશ્રમ વડે રાજય બહાર પણ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે.

**બંદર ઉદ્યોગ :** પોરબંદરમાં બારમાસી બંદર છે. માધવપુરથી મિંયાણી સુધીની દરિયાઇ પટ્ટીમાં અનેક નાના બંદરો આવેલા છે. પોરબંદર બંદર પરથી કોલસો, મચ્છી, પ્લાસ્ટીક મટિરિયલ્સ, પ્લાસ્ટીક દાણા, ખોળ, લોખંડ અને સ્ટીલની આયાત થાય છે. જયારે સીમેન્ટ, મગફળી ખોળ, બોકસાઇટ, તથા ડુંગળી, લસણ, બાંધકામમાં વપરાતો પત્થર તથા સોયાબીન ખોળની નિકાસ થાય છે. ઉલ્લેખનીય છે કે આ બંદર પરથી અનેક સાહસિક વેપારીઓએ દરીયાપારનો વેપાર કરી નામના મેળવી છે જેમાં નાનજી કાળીદાસ મહેતાનું નામ







અગ્રીમ હરોળમાં છે. તેઓએ આફ્રીકન દેશોમાં ઉદ્યોગોની સ્થાપના કરી આર્થિક તેમજ સામાજિક સમૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. પોરબંદરમાં પણ તેઓએ સીમેન્ટ ઉદ્યોગની સ્થાપના કરી છે.

**ક્ષાર અંકુશ માટે થયેલા નોંધનીય કાર્યો** સૌરાષ્ટ્રની ચોતરફ દરિયો આવેલો હોવાથી જમીનમાં ક્ષારનું અતિક્રમણ સતત વધતું અટકાવવા અને ભૂગર્ભ જળ ક્ષારયુક્ત અને જમીન બીન ઉપજાઉ બનતી અટકાવવા ક્ષાર અંકુશ વિભાગ, પોરબંદર દ્વારા પોરબંદર જિલ્લાના દરિયા કિનારા વિસ્તારમાં ઉચ્ચ કક્ષાની સમિતિ-૨ દ્વારા સૂચવવામાં આવેલા ક્ષાર નિયંત્રણના કામો જેવા કે, ભરતી નિયંત્રકો, બંધારાઓ, પુનઃપ્રભરણ જળાશય, ચેકડેમ, વિસ્તરણ નહેર, તેમજ સોરઠી ઘેડ તથા બરડા ઘેડ વિસ્તારમાં નદીઓ ઊંડી-પહોળી કરવાના, નાલા-પુલીયાના, પૂર સંરક્ષણના તેમજ રેકલેમેશનનાં કામો હાથ ધરવામાં આવે છે. ઘેડ વિસ્તારમાં આ વિસ્તારની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિના કારણે ચોમાસા દરમ્યાન ભરાતા પાણીના ઝડપી નિકાલ માટે નદીઓ ઊંડી-પહોળી કરવાના તેમજ ખેતરનું ધોવાણ અટકાવવા પૂર સંરક્ષણના અને નાલા-પુલીયાનાં કામો ચાલુ વર્ષોમાં કરવામાં આવ્યા છે, જેનો અત્યાર સુધીનો ખર્ચ ₹ ૪૭.૦૦ લાખ થવા જાય છે. આ વિભાગ દ્વારા ક્ષાર નિયંત્રણ અંતર્ગત વિસ્તરણ નહેરના કામો ચાલુ વર્ષમાં હાથ ધરવામાં આવ્યા છે. જેનો અત્યાર સુધીમાં ₹ ૩૩.૪૦ લાખનો ખર્ચ થયો છે. ઉપરોક્ત કામો પૂર્ણ થવાથી આ વિસ્તારને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સિંચાઇનો લાભ મળતો થયો છે. તેમજ ઘેડ વિસ્તારમાં ચોમાસા દરમ્યાન ભરાતા પાણીનો નિકાલ ઝડપી થશે. હાલ પણ આ કેનાલોમાં વરસાદી પાણી ભરાવાથી જમીનમાં મીઠા પાણીના તળ ઉંચા આવ્યા છે. અને ખેતીમાં ઉત્પાદન પણ વધ્યું છે.

**આરોગ્ય ક્ષેત્રે કામગીરી :** આરોગ્યક્ષેત્રે અનન્ય સિદ્ધિઓ હાંસલ કરી છે. વર્ષ ૨૦૦૮-૦૯માં ટી.બી. ક્ષેત્રે શ્રેષ્ઠ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીનો એવોર્ડ, વર્ષ ૨૦૦૮-૦૯માં સમગ્ર રાજયમાં કોપર-ટીની કામગીરીમાં પોરબંદર જિલ્લાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. જયારે પોરબંદર બ્લોક પ્રથમ અને કુતિયાણા બ્લોકે દ્વિતિય ક્રમાંક મેળવ્યો હતો. આ જ વર્ષ દરમિયાન પોરબંદર જિલ્લાએ આરોગ્યલક્ષી પ્રચાર પ્રસારની કામગીરીમાં રાજય કક્ષાએ દ્વિતિય ક્રમાંક મેળવ્યો હતો. વર્ષ ૨૦૧૦-૧૧માં પોરબંદર જિલ્લાએ આરોગ્યલક્ષી પ્રચાર પ્રસારની કામગીરીમાં રાજય કક્ષાએ તૃતિય ક્રમાંક મેળવ્યો.

જિલ્લામાં આરોગ્યલક્ષી સેવાઓમાં પોરબંદરમાં એક જનરલ સિવિલ હોસ્પિટલ, એક મહિલા હોસ્પિટલ અને એક ટ્રસ્ટની હોસ્પિટલ જયારે કુતિયાણા અને રાણાવાવમા એક - એક સામુહિક આરોગ્ય કેન્દ્ર આવેલા છે. આ ઉપરાંત જિલ્લામાં ૧૧ પી.એચ.સી. સેન્ટરો આવેલા છે. ચાર જેટલી ૧૦૮ ઇમરજન્સી સારવાર એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે. જનજાગૃતિ કેળવીને સ્ત્રી પુરૂષના રેશિયોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. પોરબંદર જિલ્લો રાજયમાં જાતિય પ્રમાણની સાપેક્ષમાં ૧૦૦૦ પુરૂષે ૯૪૭ સ્ત્રીનું ઉંચું જાતિય પ્રમાણ ધરાવે છે. ચિરંજીવી યોજના હેઠળ ૪૬૨ સગર્ભા બહેનોને ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાત ડોકટરોને ત્યાં નિઃશુલ્ક પ્રસૂતિ કરી આપવામાં આવી છે. બાળસખા યોજના હેઠળ ૩૫૮ શિશુને ખાનગી બાળરોગ નિષ્ણાત ડોકટરોને ત્યાં મફત સારવાર આપવામાં આવી છે. જનની સુરક્ષા યોજના હેઠળ ત્રણ હજાર જેટલી સગર્ભા બહેનોને લાભ આપવામાં આવ્યો છે. પોરબંદરની સિવિલ હોસ્પિટલમાં સાડા સાત





હજારથી વધુ મોતીયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા. બે હજાર જેટલા ચશ્મા વિતરણ કરવામાં આવ્યા છે. પોરબંદરની સરકારી શ્રી ભાવસિંહજી હોસ્પિટલમાં વર્ષ દરમિયાન બે લાખ જેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી હતી અને નાના મોટા સાડા છ હજારથી વધુ ઓપરેશનો કરવામાં આવ્યા હતા. તેમજ બે હજાર સર્ગભા સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી હતી.

**જોવાલાયક દર્શનીય સ્થળો : કીર્તિમંદિર**

સમગ્ર વિશ્વને સત્ય અને અહિંસાના પાઠ શીખવનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ સ્થળ અને તેની સમીપે સ્મારક મંદિર કીર્તિમંદિર અદમ્ય આકર્ષણરૂપ છે. માત્ર ભારતમાં જ નહીં વિશ્વભરમાંથી લોકો પોરબંદર








આવીને પૂ.બાપુના આ જન્મસ્થળ કિર્તીમંદિરની મુલાકાત લઇને અહીં ગાંધી વિચારધારાને મૂર્તસ્વરૂપ આપવાના થઇ રહેલાં કાર્યો અને પ્રવૃતિઓ નિહાળી ધન્યતા અનુભવે છે. યુગપુરૂષ મહાત્મા ગાંધીના જન્મ સ્થળને અડીને લગોલગ ૭૫૦ ચો.મી.ના ક્ષેત્રફળમાં ઉભા કરાયેલા પૂ. ગાંધીજીના સ્મારક મંદિરને મહાત્મા ગાંધી કીર્તિમંદિરને નામે ઓળખવામાં આવે છે. ભારતના મહાન સપૂત, લોખંડી પુરૂષ સ્વ. સરદાર વલ્લભભાઇ પટેલે તા.૨૭-૫-૧૯૫૦ના રોજ કીર્તિમંદિર વિશ્વના દર્શન માટે ખુલ્લું મુકયું હતું.

કળાકારીગીરીના આકર્ષક નમૂનારૂપ કીર્તિમંદિરની શિખર સુધીની ૭૯ ફૂટની ઊંચાઇ પૂ.ગાંધીજીના ૭૯ વર્ષના જીવનકાળના પ્રતિકરૂપ છે. કીર્તિમંદિરની શિલ્પકલામાં જગતના છ મહાન ધર્મના અંશો વણી લેવામાં આવ્યા છે. હિન્દુ, બૌધ્ધ, અને જૈન મંદિરોની રચના સાથે દેવળ અને પારસીની અગીયારી અને મસ્જિદની કળાના અંશોને પણ મિશ્રિત કરવામાં આવેલ છે. જે પૂ.ગાંધીજીની સર્વધર્મ સમભાવની ભાવનાને ચરિતાર્થ કરે છે.

**સુદામા મંદિર :** ગૃહસ્થ જીવનમાં લાંબો હાથ કર્યા વગર નીતિમત્તાથી સંસારની નાવ પાર કરવાનું દિવ્ય મહાત્મ્ય આપનાર ભગવાન કૃષ્ણના મિત્ર સુદામાજીનું પવિત્ર યાત્રાધામ પોરબંદરમાં છે. આજીવન અકિંચન અવસ્થામાં સાત્ત્વિક જીવન જીવવા અને ઈશ્વરની મૈત્રીના અતૂટ નાતાથી સુદામાજીએ વિશ્વના નકશામાં સૌરાષ્ટ્રનો મહિમા અંકિત કર્યો છે.

**માધવપુર :** ભગવાન શ્રીકૃષ્ણે મથુરા છોડયા પછી વસવાટ માટે સૌરાષ્ટ્રને પસંદ કર્યુ હતુ. સૌરાષ્ટ્રની નૈઋત્ય દિશામાં માંગરોળની વાયવ્યે ત્રીસેક કિ.મી અને કેશોદથી ૪૨ અને પોરબંદરથી ૫૭ કિ.મી ના અંદાજીત અંતરે આવેલું માધવપુર-ઘેડ મહાભારત કાળની








ઘટનાઓ સાથે સંકળાયેલું પૌરાણિક અને ઐતિહાસિક ગામ છે. આ ગામે માધવરાયજીનું મંદિર છે. ભગવાન શ્રીકૃષ્ણે ૠક્ષ્મણીજી સાથે કરેલા વિવાહની સાક્ષી પુરતું આ યાત્રાસ્થળ દ્વારકા અને સોમનાથ વચ્ચેના લાંબા અંતરની મધ્યે યાત્રિકો માટે વિશ્રામ, વિરામ અને સાથોસાથ ભગવાન શ્રીકૃષ્ણની સાથે સંકળાયેલા વિવિધ સ્થળોના મંગલમય પાવનકારી દર્શનનો લ્હાવો આપનારું આસ્થા સ્થળ છે.

**પક્ષી અભયારણ્ય :** પોરબંદર પાસે કુછડી અને અન્ય ઘેડ વિસ્તારોમાં તથા પોરબંદરના પક્ષી અભયારણ્યમાં દેશ વિદેશના અનેક પક્ષીઓ આવતા હોઇ આ સ્થળો પક્ષીવિદો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. પોરબંદરને બર્ડ સીટી તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ ઉપરાંત ભારત મંદિર, તારા મંદીર (પ્લેનેટોરીયમ)માં સમગ્ર તારામંડળનો પરીચય કરાવાય છે. અહીંની સુંદર ચોપાટી અને ઘુઘવતા અરબી સમુદ્રના મોજાઓ માણવા લાયક છે. બરડો ડુંગર અનેક વનૌષધિઓથી ભરપૂર છે. અહી ચિતલ ઉછેર કેન્દ્રમાં અનેક ચિતલોનું

સવંર્ધન કરવામાં આવે છે. આ ઉપરાંત દીપડા, રીછ અને કાળીયાર તેમજ નીલગાય જેવા વન્ય જીવોની અહીં વસ્તી છે. રાણાવાવની જાંબુવતી ગુફા એ પુરાણ પ્રસિધ્ધ સ્થળ છે. કૃષ્ણાવતારમાં જાંબુવન નામના શિવભકત રીછે શ્રીકૃષ્ણ લાલ મણિ અને પોતાની પુત્રીના વિવાહ કરાવ્યા હતા. અહીં આપોઆપ અમરનાથની જેમ પાણી ટપકવાથી શિવલીંગ બને છે અને અદ્રશ્ય પણ થઇ જાય છે. જાંબુવતી ગુફા શિવભકતો માટે આસ્થાનું પ્રતિક સમાન સ્થળ છે.





**નાનજીભાઇ કાળીદાસ મહેતા**

સૌરાષ્ટ્રની ભૂમિ મૂળત : સાહસિક અને વેપારી પ્રજાની ભૂમિ. દરીયા પારના વેપારમાં તેઓનો ઇતિહાસ સુવર્ણાક્ષરે લખાયેલો છે. પોરબંદરને કર્મભૂમી બનાવેલા અને રાવલ પાસેના ગોરાણામાં જન્મેલા નાનજીભાઇ કાળીદાસ મહેતા બચપણથી જ દરીયાપાર વેપાર કરવાની તમન્ના ધરાવતા હતા. સને ૧૯૦૦માં તેઓએ આફ્રીકાની વાટ પકડી હૈયે હામ અને વેપારી કુશળતાએ તેઓને આફ્રીકામાં સફળતા અપાવી. તેઓએ યુગાન્ડા, જાપાન સહિત અનેક દેશોમાં તેઓનો વ્યાપાર વધાર્યો. કૃષિ મુલક ઉદ્યોગોમાં તેઓએ નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી આફ્રીકન રૂ ને જગવિખ્યાત બનાવ્યું. આફ્રિકન દેશોમાં ચાના બગીચાઓ, કોફીના ઉછેર ક્ષેત્રો, રબર પ્લાન્ટો અને ખાંડના કારખાનાઓ સ્થાપી ત્યાં વ્યાપાર ઉદ્યોગને જીવંત અને સમૃધ્ધ બનાવ્યું હતું. તેઓએ આર્થિક સમૃધ્ધિને સમાજીક સેવા કાર્યોમાં વાપરી સ્વદેશ અને વિદેશમાં ગુજરાતીઓને ગૌરવ અપાવ્યું છે. કળા અને સાહિત્ય ક્ષેત્રે ઉત્તેજન આપવાનું ઉમદા કાર્ય તેઓએ કર્યુ છે.

**રાજરત્ન શેઠશ્રી ભાણજી લવજી ઘી વાળા**

પોરબંદરના રાણો, ભાણો અને પાણો પ્રસિધ્ધ છે. રાણો એટલે કે પોરબંદરના પ્રજાવત્સલ રાજવીશ્રી નટવરસિંહજી, ભાણો એટલે પોરબંદરના પ્રખ્યાત બરડાને ઘીની સોડમ દેશ દેશાવરમાં ફેલાવી નામના મેળવનાર રાજરત્ન શેઠ શ્રી ભાણજીભાઇ અને પાણો એટલે બાંધકામ માટે વપરાતો ઉત્કૃષ્ટ પોરબંદરનો પત્થર આ ત્રણેય બાબતે પોરબંદર દેશ વિદેશમાં વિખ્યાત બન્યું છે.

પોરબંદરની આગવી ઓળખ સમા ભાણજી લવજી ઘી વાળાની પેઢીના સ્થાપક દાનવીર શેઠશ્રી ભાણજીભાઇનો જન્મ કલ્યાણપુર તાલુકાના સતાપર ગામે થયેલો ૧૯૮૫માં નાના પાયે ઘીનો ધંધો શરૂ કરનાર ભાણજી ભાઇએ સ્વબળે વ્યાપારમાં વિકાસ કરી ઘીની અધિકૃત પેઢી તરીકે અનેક દેશોમાં નામના મેળવેલી. છેલ્લા ૧૨૫થી પણ વધુ વર્ષથી કાર્યરત તેમની પેઢી દ્વારા ઉત્પાદિત બી.એલ. માર્કાનું ઘી શુધ્ધતાના પર્યાય સમુ બની રહયુ છે.

**કલાપ્રેમી રાજવી સરતાનજી :** પોરબંદરના સુદામા મંદિરની પાછળ એક ખંડેર જેવી ઇમારત “સરતાનજીનાં ગ્રીષ્મ ઘર” તરીકે ઓળખાતી આ ઇમારતમાં રાજાશાહી સમયમાં સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃતિનાં બીજ વવાયાં હતાં મોટાભાગે સાહિત્યકાર -કવિની કલમ એના ઘરના ટેબલ ખુરશી અથવા અધ્યયન ખંડના એકાંતમાંજ ચાલતી હોય છે. પરંતુ રાજાશાહી વખતમાં છાયા વિસ્તારમાંથી પોતાની રાજધાની પોરબંદરમાં ફેરવનાર સંસ્કારી રાજવી રાણા સરતાનજીએ એમની કાવ્ય યાત્રા પોતાના દરબારગઢમાંથી નહીં પણ એક ખાસ ગ્રીષ્મ ભવનની રચના કરાવીને કુદરતના ખોળે મા સરસ્વતીની અર્ચના કરી વ્રજ ભાષામાં “કાવ્ય પ્રકાશ”ની રચના કરી.

**ચિત્રકારશ્રી નારાયણ ખેર :** પોરબંદરમાં જેઠવા વંશના શાસન દરમિયાન કલા અને સાહિત્યના ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો હતો. કલાપારખું રાજવી દ્વારા કલાના ઉપાસકોને પૂરતું પ્રોત્સાહન મળતું. પોરબંદરના રાજવી નટવરસિંહજી કલાપારખું હોવાથી અનેક








ચિત્રકારો અને કલાકારોને રાજયાશ્રય મળેલો હતો. રાજયના પેલેસ આર્ટીસ્ટ નારાયણભાઇ ખેરને રાજવીએ યુરોપિયન ચિત્રકલાને શીખવા માટે ખાસ ફ્રાન્સ મોકલાવેલ. તેઓના બનાવાયેલા તૈલચિત્રો દેશ વિદેશની અનેક આર્ટગેલેરીમાં મોજૂદ છે. કીર્તિમંદીરમાં તેઓએ બનાવેલા ગાંધીજીના પિતા અને માતાના તૈલચિત્રો તેમની કલાશ્રેષ્ઠતાનું નિદર્શન કરાવે છે.તો માલદેવજી રાણા નામના પ્રસિધ્ધ ચિત્રકારે જે.જે. સ્કૂલ ઓફ આર્ટસમાં ભારતીય ચિત્રકલાના પ્રોફેસર તરીકે કામગીરી બજાવી અનેક કલાકારોને તૈયાર કર્યા છે.

**રાજવી નટવરસિંહજી :** પોરબંદરના જેઠવા વંશના પ્રજાવત્સલ અને કલાપારખું રાજવી નટવરસિંહજીનો જન્મ ૩૦મી જુન ૧૯૦૧માં પિતા ભાવસિંહજી અને માતા રામબાના ઘરે થયો. ઇ.સ.૧૯૨૦માં તેઓ ગાદીનશીન થયા. તેઓએ રાજકોટની પ્રખ્યાત રાજકુમાર કોલેજ અને ત્યારબાદ સિનિયર કેમ્બ્રીજ ખાતે ઉચ્ચાભ્યાસ પ્રાપ્ત કર્યો. તેઓ લોર્ડ્ઝ ખાતે એમ.સી.સી. ટીમ સામે રમનાર ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન હતા. ક્રિકેટ પ્રેમી રાજવીએ રમતગમતના ઉત્તેજન માટે પોરબંદર ખાતે ૧૯૪૫-૪૬માં વિખ્યાત દુલીપ સ્કુલ ઓફ ક્રિકેટની સ્થાપના કરી. જે આજ પર્યંત યુવાન ક્રિકેટરોને તૈયાર કરી રહી છે. તેઓ ન્યાયપ્રિય હોવાથી તેઓ સૌ કોઇને કોઇપણ સમયે ફરીયાદ કરવા ઉપલબ્ધ થતા હતા. તેઓએ સીમેન્ટ ફેકટરી અને મહારાણા મીલ જેવા મોટા તથા ખાદીના વણકરોને ઉત્તેજન આપતી ખાદી વણાટ સંસ્થા,જેવા અનેક નાના ઉદ્યોગોને ઉત્તેજન આપી પોરબંદરનો ઔદ્યોગિક વિકાસ કરવામાં સિંહફાળો આપેલો હતો. તેઓની દિર્ઘદ્રષ્ટી પોરબંદરની નયનરમ્ય અને નમૂનેદાર નગરરચનામાં સુસ્પષ્ટ રીતે જણાઇ આવે છે. ■






### વડીલ વાત્સલ્ય ભવનનું લોકાર્પણ

# સમાજમાં મહિલા કલ્યાણ અને વડીલ સારસંભાળ કેન્દ્રો જરૂરી બન્યાં છે

> *રાજનીતિમાં સુધાર માટે ભણેલીગણેલી બહેનો તેમાં જોડાય એ સમયની માંગ છે. પરિવાર ભાવના અને વડીલોની સેવાની વૃત્તિ ક્ષીણ થતી જાય છે ત્યારે સમાજમાં મહિલા કલ્યાણ અને વડીલ સારસંભાળ કેન્દ્રો જરૂરી બન્યાં છે.*

આપણી સંસ્કૃતિમાં સામાજિક, આર્થિક ક્ષેત્રે મહિલાઓનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. ઘરકામની સાથે સમય કાઢીને પણ આર્થિક પાર્જન માટે તે સતત પ્રયાસ કરતી રહી છે. આવી મહિલાઓના ઉત્કર્ષ માટે રાજ્ય સરકારે ઘણી યોજનાઓ દ્વારા તેમને સમાજની મુખ્યધારામાં લાવવા પ્રયાસો હાથ ધર્યા છે. આ માટે લોકભાગીદારી પણ મહત્વપૂર્ણ બની રહી છે.

તાજેતરમાં વડોદરા ખાતે સખાવતી દાતાઓના દોઢ કરોડ રૂપિયા કરતાં પણ વધુ રકમના દાનથી મહિલા ઉત્કર્ષ કેન્દ્રે બનાવેલા વડીલ વાત્સલ્ય ભવનનું લોકાર્પણ મહિલા



અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કર્યું હતું.આ પ્રસંગે મુખ્ય દાતા શ્રીમતી પ્રભાબેન પટેલ, સહદાતા ડૉ. પ્રેરક પટેલ, ગોરધનભાઇ પટેલ ટ્રસ્ટ તેમજ સંસ્થાધ્યક્ષ બકુલાબેન પટેલ અને સંસ્થાના કર્મયોગીઓનું સન્માન કરી સંસ્થાના સ્થાપક સ્વ. શોભનાબેન પટેલના નારી કલ્યાણના ઉત્કર્ષ માટેના કર્મયોગ તેમજ વાત્સલ્ય ભાવને આદરાંજલિ આપી હતી.

વડીલ ભવનથી સ્વ. શોભનાબેનનું સ્વપ્ન સાકાર થયું છે. એવી લાગણી વ્યકત કરતા શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે રાજનીતિમાં સુધાર માટે ભણેલીગણેલી બહેનો તેમાં જોડાય એ સમયની માગ છે. પરિવાર ભાવના અને વડીલોની સેવાની વૃત્તિ ક્ષીણ થતી જાય છે ત્યારે સમાજમાં મહિલા કલ્યાણ અને વડીલ સારસંભાળ કેન્દ્રો જરૂરી બન્યાં છે.

મંત્રીશ્રીએ મહિલાઓના નામે સંપત્તિ હોવી જોઇએ તેવું મંતવ્ય વ્યકત કરતા મહિલાના નામે સંપત્તિ ખરીદનાર કુટુંબોને નોંધણીની રકમમાંથી મુકિતની રાજય સરકારાની મહત્ત્વપૂર્ણ જોગવાઇની માહિતી આપતાં જાણાવ્યું હતું કે ત્રણ વર્ષમાં રાજયની તિજોરીએ ₹ ૨૦૯ કરોડનો વેરો ગુમાવ્યો છે, પણ ૧૧ લાખ બહેનોને નામે સંપત્તિ ઊભી થઇ છે.

એક લાખથી વધુ વિધવાઓને રાજય સરકાર પેન્શન આપે છે અને તે પૈકીની ૫૦ હજારથી વધુ બહેનોને રોજગારલક્ષી તાલીમ આપી છે. મહિલાને શિક્ષિત બનાવવાથી જ સમાજની પ્રગતિ થશે તેવી લાગણી તેમણે વ્યકત કરી હતી. સયાજીરાવના ફરજિયાત સ્ત્રી શિક્ષણના કાયદાને કારણે મારી માતા ભણેલી હતી તેવી સૂચક ટકોર તેમણે કરી હતી. મહિલા અને બાળ વિભાગને રાજય સરકાર બે હજાર કરોડ રૂપિયાનું બજેટ ફાળવે છે, તેવી માહિતી તેમણે આપી હતી.

ઉચ્ચ શિક્ષણ રાજયમંત્રી વસુબેન ત્રિવેદીએ સંસ્થા મહિલા ઉત્કર્ષની સાથે વડીલોની સારસંભાળમાં નવી ઊંચાઇઓ સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. મેયર ડૉ. જયોતિબેને વડીલ ભવનને શોભનાબેન અને તેમના સાથીદારોના સંકલ્પને કર્મયોગનું પ્રતીક ગણાવ્યું હતું.

નારી કલ્યાણ પ્રેરક આ કાર્યક્રમમાં મેયર ડૉ. જયોતિ પંડયા, પ્રવાસન રાજય મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ સુખડિયા, ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રભાઇ લાખાવાળા, એજ કેર ફાઉન્ડેશનના અધ્યક્ષશ્રી અંબુભાઇ ડી.પટેલ, વુડાના અધ્યક્ષશ્રી નારણભાઇ, સહિત નગર સેવકો મહિલા ઉત્કર્ષ કેન્દ્રના ટ્રસ્ટીઓ અને સદસ્યો ઉપસ્થિત રહયા હતા. ■

# અંધારાની આદત થઇ ગઇ છે, રોશનીનો હવે ડર લાગે છે


ક્ષણિક આવેશમાં આવી જઇ અથવા કોઇ મજબૂરીમાં અપરાધની દુનિયામાં પ્રવેશનારાઓ અને તે અપરાધ બદલ જેલમાં જીવન વ્યતિત કરનારા કેદીઓની એક અનોખી દુનિયા છે. કેદમાં રહી સજા કાપી રહેલા આવા ઘણા કેદીઓની સર્જનવૃત્તિનો સમાજને પરિચય નથી. ઘર પરિવારથી દૂર કેદમાં રહેતા આવા કેદી કવિઓ અને લેખકોના સર્જનમાં એક ઉંડાણ, વ્યથા અને જીવનની ફિલસૂફીના દર્શન સહેજેય થઇ જાય છે. આવા કેદી કવિઓ લેખકોને પ્રોત્સાહન મળે અને તેમનામાં જીવન પ્રત્યે નવી આશાનો સંચાર થાય તે હેતુથી ગુજરાત પાક્ષિકના અંકોમાં કેદી કવિઓની સાહિત્યિક સર્જનવૃત્તિને સ્થાન આપવામાં આવ્યું છે. ગુજરાત પાક્ષિકના વાચકોને આ કવિતાઓ ગમશે. આપના પ્રતિભાવો કેદીઓના સર્જનને પ્રોત્સાહન આપશે...

## હવે ડર લાગે છે

અંધારાની આદત થઇ ગઇ છે.
રોશનીનો હવે ડર લાગે છે.
એકલા રહેતા શીખી ગયા અમે,
મહેફિલનો ડર લાગે છે.
ઝાકળ બનીને ઉડી જવું ગમે,
બિંદુ બનવાનો ડર લાગે છે.
મુશ્કુરાહટ કાફી છે મારા માટે,
હસવાનો ડર લાગે છે.
સાદગીને અપનાવી લીધી છે,
શૃંગારનો હવે ડર લાગે છે.
વિશ્વાસ તૂટ્યો એકવાર હવે,
બંધન પણ આટલુ ગમે છે,
બાકી સ્વાર્થી દુનિયાથી હવે ડર લાગે છે...

**મહેશ ફતેહસિંહ ઝાલા**
પાકા કેદીનં.૩૭૧૫૩
જિલ્લા જેલ જૂનાગઢ

## "ફ્લેવરઝ ઓફ લાઇફ" એક અનોખું પુસ્તક



આ પુસ્તકને ખરા અર્થમાં ૨૧મી સદીનું પુસ્તક કહી શકાય તેમ છે, કારણ કે જે રીતે આ સદીના લોકોને સરળતાથી મળેલી ચીજ વસ્તુઓ વધુ ગમે છે. આ વાતને ખાસ ધ્યાનમાં રાખીને લખાયેલા "ફ્લેવરઝ ઓફ લાઇફ" માં તદ્દન સરળ અંગ્રેજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેના લેખક છે ૨૨ વર્ષના યુવાન રિકેન પટેલ. કોઇપણ માધ્યમનો વિદ્યાર્થી તેને સરળતાથી વાંચી અને સમજી શકે તેમ છે. પુસ્તકનાં નામ અનુસાર "ફ્લેવરઝ ઓફ લાઇફ" માં જીવનનાં ગંભીર અને સમજવાં જેવાં મુદ્દાઓ ખૂબ સરળ અને અનોખી રીતે અભિવ્યક્ત કરવામાં આવ્યા છે. આ પુસ્તકની ખાસ વાત એ છે કે કોઇપણ ઉંમરની વ્યક્તીને સમજવું સરળ છે અને પોતાના જીવન-પ્રસંગો સાથે સરખાવી ખૂબ આનંદ લઇ શકે તેમ છે.

જીંદગી એ રેસ છે જે ક્યારેય ખતમ થતી નથી અને થાય છે ત્યારે એની ઉજવણી કરવા આપણે હોતા નથી.

સફળતાની ઉડાન ભરવા માટે હાર્ડવર્કએ બળતણ છે.

પાંજરામાં હોય તોયે સિંહ એ સિંહ છેને જંગલમાં હોય તોયે કૂતરો એ કૂતરો છે.

પૈસાદાર માટે પૈસા એ સામાન્ય બાબત છે અને ગરીબ માટે પૈસા એ મહત્ત્વની ઘટના છે. આ અને આવા હૃદય સ્પર્શી વાક્યોથી પુસ્તકનો આરંભ થાય છે. પુસ્તકના પાને પાને વિવિધ પાત્રો છે- ઘટનાઓ-સ્થળો વિશે ભાવવાહી પંક્તિઓમાં હૃદયની લાગણીઓ ખીલતી રહે છે. સીધા-સાદા અંગ્રેજીમાં જીવનના વિવિધ રંગો સુંદર રીતે ઝીલાયા છે. ■

## સિંગાપોર ઓપન શૂટીંગ ચેમ્પિયનશીપમાં ગુજરાતને રજત ચંદ્રક

સિંગાપોરમાં યોજાયેલી સિંગાપોર ઓપન શૂટીંગ ચેમ્પિયનશીપ-૨૦૧૧માં ગુજરાતને રજત ચંદ્રક મળ્યો છે. સિંગાપોરના ૯૯૦ ઓલ્ડ ચાઉ-ચુ-કંગ રોડ સ્થિત નેશનલ શૂટીંગ સેન્ટરમાં ૭૦ દેશોના ૨૦૦ શૂટર્સ વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં સ્ટેટ ચેમ્પીયન અને રાષ્ટ્રીય સ્તરના શૂટર કૃષ્ણકુમાર બાઝે ૦.૨૨૫ માલ બોર ફ્રી રાઇફલ થ્રી પ્રૉઝીશન ટીમ ઇવેન્ટમાં ભાગ લઇ ૧૨૦૦માંથી ૧૦૮૦ પોઇન્ટ મેળવી બીજા સ્થાને વિજેતા થયા હતા અને રજત ચંદ્રક જીત્યો હતો. તેઓ અમદાવાદ મિલીટરી એન્ડ રાઇફલ ટ્રેઇનીંગ એસોસીએશન અને ગુજરાત સ્ટેટ રાઇફલ એસોસિએશનના સભ્ય છે. તેમની આ સિદ્ધિ બદલ રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલાએ અભિનંદન પાઠવી આ ક્ષેત્રે વધુ ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા આપી હતી. ■

### ૧૩૦૦૦ નવનિયુક્ત વિદ્યાસહાયકોને નિમણૂક પત્રો એનાયત

# પારદર્શી ધોરણે માત્ર ગુણવત્તાના આધારે ભરતી ગુજરાતમાં શક્ય છે...

**- મુખ્યમંત્રીશ્રી**



સંપૂર્ણ પારદર્શી પધ્ધતિથી ગુણવત્તાના ધોરણે ભરતી આ ગુજરાતમાં જ શકય છે અને પારદર્શીતા કોને કહેવાય તે ગુજરાત સરકારે પુરવાર કરી છે તેટલું જ નહીં શિક્ષકને પોતાની શાળા પસંદગીનો અવસર આપ્યો છે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં એક સાથે ૧૩૦૦૦ નવનિયુક્ત વિદ્યા સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરતાં રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની સરકારી શાળાઓ વિષે સમાજમાં પ્રવર્તમાન છાપનું નિદર્શન કરવા આહ્‌વાન આપતાં શિક્ષકોને જણાવ્યું હતું કે, સરકારી શાળાઓનું શિક્ષણ ગુણવત્તાવાળું અને જીવન ઘડતરનું સામર્થ્ય ધરાવે છે તેવી સુખદ સ્થિતિની સમાજને પ્રતીતિ કરાવજો.ગુજરાતમાં સર્વશિક્ષણ અભિયાન અન્વયે ધોરણ-૮ના વર્ગોનો સમાવેશ પ્રાથમિક શિક્ષણમાં કરીને રાજ્ય સરકારે ગત વર્ષે દસ હજાર જેટલાં ગણિત, વિજ્ઞાન અને ભાષાના વિદ્યા સહાયકોની પારદર્શી નિમણૂકો કરી હતી અને આ વર્ષે બીજા ૧૩,૦૦૦ વિદ્યા સહાયકોની ઓનલાઇન ભરતીની પ્રક્રિયા ગુણવત્તાના ધોરણે માત્ર બાર જ દિવસમાં પૂરી કરી હતી.

શિક્ષણ વિભાગ, અમદાવાદ જિલ્લા પંચાયત, પ્રાથમિક શિક્ષણ સમિતિ અને અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ આયોજિત સમારંભમાં ૧૩,૦૦૦ વિદ્યાસહાયકોએ મુખ્યમંત્રીશ્રીના વરદ્‌હસ્તે




નિયુક્તિ પત્રો મેળવીને પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓના ભાગ્યવિધાતા તરીકે કાર્યારંભ કર્યો હતો, જેમાં ૬૫૦૦ વિજ્ઞાન, ગણિતના અને ૬૫૦૦ ભાષા વિષયોના વિદ્યાસહાયકોનો સમાવેશ થાય છે. આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ ગુજરાતમાં જી-સ્વાન ટેક્નૉલૉજીથી કરવામાં આવ્યું હતું. શિક્ષકોના હાથમાં માત્ર નિયુક્તિ પત્ર જ નહીં પણ ગુજરાતની આવતીકાલની જવાબદારી સરકારે સોંપી છે તેમ તેમણે જણાવ્યું હતું.મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે કોઇ પણ રાજ્યનો વિકાસ રસ્તા કે બીજી ભૌતિક સુવિધાના વિકાસના આધારે જ નહીં પણ શિક્ષણ ઉપર જ નિર્ભર છે. શિક્ષક ગર્વથી તેજસ્વી વિદ્યાર્થીને તૈયાર કરતો થયો હોય છે. તેને ગૌરવ મળે ત્યારે શિક્ષક તરીકેનું જીવન સાર્થક ગણાય, કારણ શિક્ષક માત્ર જ્ઞાન નથી આપતો જીવનનું ઘડતર કરે છે તેમ ભાવવાહી શબ્દોમાં તેમણે શિક્ષકની ભૂમિકા આપતાં જણાવ્યું હતું.

શિક્ષકમાં ઇચ્છાશકિત, સંકલ્પશકિત, પુરૂષાર્થશકિત હોય તો મજબૂત રાષ્ટ્રનો પાયો બાંધવાની સફળતા મળે જ. શિક્ષક નિત્યનૂતન હોવો જોઇએ. સ્થગિતતા અને લઘુતાગ્રંથીથી પીડાય નહીં તેની સતત ખેવના રાખવા પણ તેમણે અનુરોધ કર્યો હતો. ભૂતકાળમાં ભરતી પ્રક્રિયામાં ગેરરીતિઓ ચાલતી હતી તેવા દિવસો ફરીથી લાવવા નહીં દેવાનો આ સરકારનો નિર્ધાર છે અને ગુજરાતની છ કરોડની જનતા પણ આ જ ઇચ્છે છે તેમ તેમણે માર્મિક શબ્દોમાં જણાવ્યું હતું.સમગ્ર રાજ્યમાં એક સાથે ૧૩,૦૦૦ વિદ્યાસહાયકોને નિમણૂક પત્રો એનાયત કરાયા હતા. પ્રારંભમાં અમદાવાદ મહાનગરપાલિકાના આયુક્ત શ્રી મહાપાત્રાએ સૌને સ્વાગત પ્રવચનથી આવકાર્યા હતા. પ્રાથમિક શિક્ષણ સચિવ શ્રી આર.પી.ગુપ્તાએ વિદ્યાસહાયકોને આ પારદર્શી નિમણૂકની પ્રક્રિયાની રૂપરેખા આપી હતી. આભારદર્શન અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મંછાનીધિ પાનીએ કર્યું હતું.

આ અવસરે અમદાવાદ મહાનગરપાલિકાના મેયર શ્રી અસિતભાઇ વોરા, સાંસદ શ્રી કિરીટભાઇ સોલંકી, ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તથા મહાનગરપાલિકાના પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ■

વૈદ્ય પારુલ જોશી



# બાલમુકુન્દને વહાલી ચણોઠી ફક્ત કેશવર્ધક નથી...

સાતમ આઠમના તહેવારમાં કુટુંબના સભ્યોએ ભેગા મળીને ભોજન લીધું અને નિરાંતે બેઠા એટલે બનેવી બોલ્યા, "આપણે તો રાજેશને ત્યાંનું જ પાન ખાઈશું."

"કેમ કેમ ભાઈ ? રાજેશના પાનમાં એવી શી વિશેષતા છે ?"

"અરે એ ચણોઠીના પાન નાંખે છે એટલે સ્વાદ તો અનેરો આવે જ સાથે ખાધેલું સારી રીતે પચે છે."

"શું કહો છો !" "ચણોઠી ખવાય ?" "અરે, પણ ગુંજામાળા તો લાલજીને ખૂબ પ્રિય, વળી એ તો ઝેરી, એ ના ખવાય. અરે ચણોઠી પાયેલા બાણથી તો દુશ્મનને ઢાળી દેતા."

ચણોઠીના બીની વાતો સાચી છે તો પાન વગેરેની વૈજ્ઞાનિક વાતો પણ જાણવા જેવી છે.

ચણોઠીની વેલના પાન દેખાવમાં આમલી જેવા છે અને ખરેખર સ્વાદિષ્ટ છે. મોંમાં શોષ પડતો હોય, મોં આવી ગયું હોય, મોંમાં ચાંદી પડી હોય, ઉધરસ આવતી હોય, બોલવામાં કે ગાવામાં તકલીફ પડતી હોય, અવાજ તરડાતો હોય, તેઓ ચણોઠીના તાજા અથવા સૂકા પાનને મોંમાં રાખી તેનો રસ ધીમે ધીમે ઉતારે. સ્મરણ રાખવું કે ચોવીસ કલાકમાં ત્રણ ગ્રામથી વધારે ન ખવાય. ઉલટી થશે. કોઈ ઔષધની જરૂર પડતી નથી.

ચણોઠીની ત્રણ પ્રજાતિ તેના બીના રંગ પ્રમાણે છે - સફેદ, કાળી અને લાલ. સફેદમાં ઔષધિય ગુણ વધારે છે. તેનું લેટીન નામ છે Abrus precatorius, કુળ છે Leguminosae અને Papilionoidae. ચણોઠીના બી ઝેરી છે તો બાલમુકુન્દને પ્રિય કેમ છે ? બીમાં રહેલું Abrin ઝેરી તત્ત્વ છે. બી સારી રીતે ડૂબે એટલા પ્રમાણમાં ગાયના દૂધમાં રાખી તેને ધીમી આંચે ઉકાળવું દૂધ બધું બળી જાય એટલે બીને બહાર કાઢી, સૂકવી, ચૂર્ણ કરી ઔષધમાં વપરાય છે. છતાં સાવચેતીરૂપે ચોવીસ કલાકમાં ૧૮૦ mgmથી વધુ ન વપરાય તે ધ્યાન રાખવું.



શુદ્ધ કર્યા વગરનાં બીને વાટી આમવાત કે સાંધાના દુઃખાવાની સ્થિતિમાં લેપ કરાય છે. બકરીના દૂધમાં લસોટી તેનો ઉંદરી પડી હોય કે ટાલ પડી હોય તેમાં લેપ કરાય છે. ગુંજાતેલ વાળની માવજત માટે જાણીતું છે. શુદ્ધ કરેલી ચણોઠીનું ચૂર્ણ ચોખાના બે દાણા જેટલું ગંઠોડાનું ચૂર્ણ નાંખેલા તાજા દૂધ સાથે સવાર સાંજ લેવાથી મગજશક્તિ વધે છે. જ્ઞાનતંતુઓને તાકાત આપે છે. પક્ષઘાતની ચિકિત્સારૂપ છે.

ચણોઠીની વેલ ચોમાસામાં વાડ પર, ઝાડી ઝાખરામાં સરળતાથી ઊગે છે. તેને શીંગો બેસે અને પાકે એટલે તે દૂરથી ધ્યાન ખેંચે એટલી સુંદર દેખાય છે આથી તેને અંગ્રેજીમાં Bird's eye, Crab's eye, Luck bean, prayer beans કહે છે. તેના સુંદર દેખાવને કારણે બગીચામાં વવાય છે. રમતમાં બાળકોના કાન, નાકમાં કે ગળામાં તે ફસાય નહીં તેની તકેદારી રાખવી પડે. તેના મૂળને Indian lizuorice કહે છે. પાન અને ડાળીને ધોઈ, તેમની ચટણી બનાવી સવાર-સાંજ અડધી ચમચી પાણી સાથે લેતા પાચન સુધરે, અશક્તિ દૂર થાય, ગાંઠો દૂર થાય છે. વિશ્વમાં તે કેન્સરની ગાંઠ દૂર કરનાર ગણાય છે. તે ઝાડા અને મરડો મટાડનાર છે. લોહીને શુદ્ધ કરે છે. તેનો ઉકાળો કરી, ગાળી તેનાથી ઘા ધોતા સુઝ સારી રીતે આવે છે, સંક્રમણ લાગતું નથી, દુઃખાવો થતો નથી.

પાન અને મૂળની ચટણી પાણી સાથે લેવાથી શ્વાસપથ, ફેફસામાં ભરાયેલા, કફને દૂર કરી શ્વાસ કષ્ટ દૂર કરે છે. પાન, ડાળ અને મૂળને ધોઈ એક સાથે વાટી ચટણી બનાવી સવાર સાંજ લેવાથી પેશાબની આસપાસ થતી ફોલ્લી, ગુમડા મટાડે છે. પેશાબ છૂટથી ખુલાસે લાવે છે. પ્રમેહના રોગીને પેશાબમાં પરું જતું હોય તેના પાનને દૂધમાં ઉકાળી તે દૂધ પાવું. ઘા, ધારામાં કીડાં પડે, ઘણાંને ચામડી પર કીડા વળગે છે, જેમ માથામાં જૂ લીખ થાય તે રીતે, તેમાં ચણોઠીના પાનને પાણીમાં ઉકાળી તેનાથી તે જગ્યા ધોવી, પાન વાટી તેનો રસ લગાવવો.

ખેતરમાં ઉગતા નિંદામણને રોકવા માટે ચણોઠીના બીને પાણીમાં પલાળી રાખે. અંકુર ફૂટે એટલે તેને તે પાણીમાં જ ઉકાળી ગાળી લે અને તે પાણીનો છંટકાવ નિંદામણ પર કરે છે. આમાં એ ધ્યાન રાખવું પડે કે વાવેતર પર કે તેના મૂળ આ પાણીના સંપર્કમાં ન આવે નહીંતર તેમનો વિકાસ અવરોધાશે.

મઝાની વાત એ છે કે ગર્ભરક્ષક પણ છે અને ગર્ભપ્રતિબંધક પણ છે. ભારત સહિત વિશ્વના દેશોમાં બાલમુકુન્દને તો ધરાવાય છે જે પણ નજરીયા તરીકે વપરાય છે. બનેવીની વાતમાં દમ હતો. ■

## ટ્રેક્ટર સહાય માટે ₹ ૬૨.૬૪ કરોડ મંજૂર

રાજયના ખેડૂતોને ટ્રેક્ટર સહાય આપવાના હેતુથી આ વર્ષે રાજય સરકારે ૧૩,૧૮૬ ટ્રેક્ટરો માટે ₹ ૬૨.૬૪ કરોડની માતબર રકમની સહાય મંજૂર કરી છે. રાજયમાં પશુચિકિત્સા અધિકારીની અને નિરીક્ષકની જગ્યાઓ જી.પી.એસ.સી. અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફતે ભરવાની કાર્યવાહી હાથ ધરાતાં આ જગ્યાઓ સત્વરે ભરાઇ જશે તેમ પણ કૃષિમંત્રીશ્રીએ શ્રી દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું. ગાંધીનગર ખાતે કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન, જેલ, કાયદો, ન્યાય તંત્ર અને વૈધાનિક સંસદીય બાબતના વિભાગોની સંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓની સ્થાયી પરામર્શ સમિતિની બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી મંત્રીશ્રીએ આ વિભાગને લગતા પ્રશ્નો સંદર્ભે ધારાસભ્યશ્રીઓ સાથે પરામર્શ કર્યો હતો. મંત્રીશ્રીએ કૃષિ લક્ષી વિવિધ યોજનાઓ ઘનિષ્ઠ પશુ સુધારણા કાર્યક્રમ, ઝીંગા ઉછેર ફાર્મમાં સુવિધાઓ, મત્સ્યઉદ્યોગ વિકાસ, ગામ તળાવ ઊંડા કરવાની કામગીરી ઉપરાંત જેલોના આધુનિકરણ અંગે પણ વિસ્તૃત સમીક્ષા કરી હતી. આ બેઠકમાં કૃષિ રાજયમંત્રી શ્રી કનુભાઇ ભાલાળા, કાયદા રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, સહકાર વિભાગના રાજય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, ધારાસભ્યો ઉચ્ચ અધિકારીશ્રીઓ એ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો. ■

## બાલાસિનોર નગરપાલિકાને ₹ ૧૫૦ લાખ ફાળવાયા

સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રીશ્રી શહેરી વિકાસ યોજનાના સંદર્ભમાં જિલ્લા કક્ષાની તાંત્રિક સમિતિ દ્વારા બાલાસિનોર નગર પાલિકા દ્વારા રજૂ કરેલ કુલ ૧૩૫ કામો માટે કુલ ₹ ૩૩૯.૪૯ લાખની રકમ માટે સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે જેના અનુસંધાને નગરપાલિકા તરફથી સંબંધિત લાઇન ડિપાર્ટમેન્ટની તાંત્રિક મંજૂરી મેળવ્યા બાદ વહિવટી મંજૂરી માટે દરખાસ્ત કરેલ કુલ ૬૧ કામોની કુલ ₹ ૧૫૦.૯૨ લાખની રકમ સામે વહીવટી મંજૂરી કુલ ₹ ૧૫૦.૯૨ લાખની આપવામાં આવી છે અને કુલ ₹ ૧૫૦.૦૦ લાખની ફાળવણી કરી આપવામાં આવી છે. ■

## રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાની શરૂઆત

મહેસાણા જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના સફળ અમલીકરણ માટે મહેસાણા કલેકટરશ્રી રાજકુમાર બેનીવાલની અધ્યક્ષતામાં બેઠક રાખવામાં આવી હતી.જેમાં યોજનાનું કેવી રીતે સફળતાપૂર્વક અમલીકરણ કરી શકાય તે અંગે કલેકટરશ્રીએ સૂચનો કર્યા હતા. ઓ.પી.ડી માટે આ યોજનાનો લાભ મળતો નથી પરંતુ સરકારશ્રી દ્વારા સમગ્ર ભારતમાં મહેસાણા જિલ્લામાં આ યોજનાને પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરુ કરાશે. મહેસાણામાં ઓ.પી.ડી આર.એસ. બી.વાય યોજનાને સફળતા મળશે તો ત્યાર બાદ સમ્રગ ગુજરાતમાં અને દેશમાં તેનું અમલીકરણ થશે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના શહેરી વિસ્તારમાં સફળ અમલીકરણ બેઠકમાં જાહેર આરોગ્ય સમિતિના ચેરમેને શ્રી ગોવિંદભાઇ પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી દિનકર રાવલ સહિત અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. ■

## પશુપાલન - ડેરી ઉદ્યોગના વિકાસ થકી સ્થળાંતર ઘટ્યું

ચક્કરગઢ દૂધ ઉત્પાદક સહકારી મંડળી-અમરેલી ખાતે સરદાર મિલ્ક કલેકશન દ્વારા મિલ્ક ફેસ્ટીવલની ઉજવણી કૃષિ-સહકાર તથા પશુપાલન મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. કાર્યક્રમને ખુલ્લો મૂકતાં મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ જણાવ્યું હતું કે, જાહેરજીવનમાં લોકોને સ્થાનિક કક્ષાએ જ રોજગારી મળી રહે અને સ્થળાંતર કરવાની ફરજ ન પડે તે માટે પશુપાલન અને ડેરી ઉદ્યોગ ખૂબ ઉપયોગી સાબિત થઇ છે. રોજગારી માટે ગામડાથી શહેર તરફનું સ્થળાંતર થતું ઘટ્યું છે. જિલ્લામાં ડેરી બન્યા પૂર્વે દૂધ પાણીના ભાવે વેચાતુ હતું આજે દૂધ ઉત્પાદકોને પૂરતા ભાવો મળતા થયા છે. પશુ આરોગ્ય મેળાઓને લીધે પશુઓને થતાં અનેક રોગો નાબૂદ પણ થયા છે અને પશુઓના આરોગ્યમાં નોંધપાત્ર સુધારો થયો છે. ■

## આઇ.સી.ઝેડ.એમ.પ્રોજેક્ટ અંતર્ગત કાર્યશાળા

આઈ.સી.ઝેડ.એમ.પ્રોજેકટ વિશે માહિતગાર કરવા ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા એકદિવસીય કાર્યશાળા તાજેતરમાં યોજાઇ હતી. આ પ્રસંગે ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન રીસર્ચ ફાઉન્ડેશનના નિયામક શ્રી ભરતભાઇ પાઠક અને ગુજરાત ઈકોલોજી કમિશનના સભ્ય સચિવ શ્રી એ.કે.વર્માએ આઇ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટ અંગે વિગતવાર જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય વન સંરક્ષકશ્રી આર.ડી.કમ્બોજે સૌનું સ્વાગત કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ગુજરાત ઈકોલોજી કમિશનના ડાયરેકટરશ્રી સી.એચ.પંડયા એ કર્યુ હતુ. મરીન નેશનલ પાર્ક ના નાયબ વન સંરક્ષકશ્રી પી.એચ.સાતા એ મરીન નેશનલ પાર્ક વિશે પ્રેઝેન્ટેશન રજૂ કર્યુ હતુ. ■



## ડ્રેનેજની કામગીરીનું ખાત મુહૂર્ત

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામે રૂર્બન પ્રોજેકટ અંતર્ગત ₹ ૬.૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ડ્રેનેજની કામગીરીનું ખાત મુહૂર્ત જિલ્લા પ્રભારી અને શિક્ષણ રાજય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું આ પ્રસંગે જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં પણ શહેર જેવી સુવિધાઓ આપવા માટે રાજય સરકાર દ્વારા રૂર્બન પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો છે. રૂર્બન પ્રોજેકટ અંતર્ગત ₹ ૧૩ કરોડની ફાળવણી કરવામાં આવે છે. હાલમાં ₹ ૬.૨૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ડ્રેનેજની કામગીરી આગામી એક વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. ડ્રેનેજનું કામ પૂર્ણ થયા બાદ ₹ ૧.૨૫ કરોડના ખર્ચે ઘરે ઘરે નળ કનેકશન આપી ૧૦૦ લિટર જેટલું પાણી આપવાના પ્રોજેકટનું કામ હાથ ધરવામાં આવશે. આ ખાત મુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધીએ કરી હતી. ■

## નવનિર્મિત ઓડીટોરીયમનું ઉદ્‌ઘાટન

પોરબંદર ખાતે આવેલી ડૉ. વી.એમ.ગોઢાણીયા મહિલા કાલેજમાં કોલેજ કક્ષાના કાર્યક્રમો માટે ઉપયોગી નવનિર્મિત ઓડિટોરીયમનું પ્રસિધ્ધ ભાગવતકાર શ્રી રમેશભાઇ ઓઝાના હસ્તે મંગલદીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરાયું. કોલેજમાં ચલાવવામાં આવતા મૂલ્ય નિષ્ઠ શિક્ષણ અને સંસ્કૃત અભ્યાસ વર્તુળના સંયુકત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન કરતાં પૂ. ભાઇશ્રી રમેશભાઇ ઓઝાએ સંસ્કૃત ભાષાના મહત્ત્વ વિશે જણાવતાં કહયું હતું કે સંસ્કૃત ભાષાએ વારસામાં મળેલી સંસ્કૃતિને ઉજાગર કરતી ભાષા છે તે હજુ પણ જીવે છે. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહેમાનોનું કાલેજના પ્રિન્સીપાલશ્રી નાગરે શાબ્દીક સ્વાગત કર્યુ હતું.જયારે કાર્યક્રમની પૂર્ણાહૂતિ રાષ્ટ્રગાન સાથે કરાઇ હતી.સમગ્ર કાર્યક્રમનું સંસ્કૃત ભાષામાં સફળ સંચાલન કોલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડૉ. ગીતાબેન ઉનડકટે કર્યુ હતું. આ કાર્યક્રમમાં કોલેજના ટ્રસ્ટીશ્રી ભરતભાઇ ઓડેદરા, શાંતાબેન ઓડેદરા, ડો. ગઢવી સહિત કોલેજના પ્રાધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

## પામોલીન જથ્થો બફર સ્ટોક કરાયો

પ્રવર્તમાન મુક્ત બજારમાં ખાદ્યતેલના વધતા જતા ભાવોને ધ્યાને લઇને રાજયના ગરીબીરેખા હેઠળ જીવતા પરિવારને વાજબી ભાવે પામેલીન તેલ ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકારે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન આર.બી.ડી. પામોલીન તેલનો ૧૨,૦૦૦૦ મે.ટન જથ્થાને બફર સ્ટોક રાખાવાનો કરાયો છે એમ અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી શ્રી નરોત્તમભાઇ પટેલે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજય સરકાર દ્વારા ૧લી સપ્ટેમ્બરની સ્થિતિએ ૭૭૦૦મે. ટન પામેલીન તેલનો જથ્થો તાલુકા ગોડાઉન કેન્દ્રો ખાતે ઉપલબ્ધ કરાવાયો છે અને બાકીનો ૪૩૦૦ મે.ટન જથ્થો માસ દરમ્યાન ઉપલબ્ધ કરવાનું આયોજન છે. રાજય સરકાર દ્વારા બી.પી.એલ કાર્ડ ધારકોને પ્રતિકાર્ડ ૧ લીટર દીઠ પામોલીન તેલ ₹ ૪૦ના દરથી વિતરણ કરાશે. ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોને આર.બી.ડી. પામોલીન તેલના પાઉચ રાહત દરે ₹ ૪૦ના દરે પ્રતિ રેશનકાર્ડના ધોરણે ૩૦,૫૩,૧૯૦ નંગ વિતરણ કરાયું છે. ■

## મહિલા શિબિર અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગુજરાત લેબર વેલ્ફેર બોર્ડ, શ્રમ અને રોજગાર વિભાગ-ગાંધીનગર અને ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશનના ઉપક્રમે શ્રમિક મહિલા જાગૃતિ શિબિર અને સાંસ્કૃતિક કાર્યક્રમ ડાયમંડ ચિલડ્રન થિયેટર જી.આઇ.ડી.સી. અંકલેશ્વર ખાતે યોજાયો હતો.આ પ્રસંગે રાજય કક્ષાના સહકાર, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના મંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલે જણાવ્યું હતું કે, મહિલાઓના ઉત્કર્ષ માટે રાજય સરકારે ભગીરથ પ્રયાસો આદર્યા છે. ત્યારે મહિલાઓ જાગૃત્તા દાખવી રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઇ આર્થિક પગભર બનવા ભાર મૂકયો હતો. શ્રમયોગી કલ્યાણ વેલ્ફેર બોર્ડના કમિશનરશ્રી મુકેશ શાહે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૩૪ શ્રમયોગી કલ્યાણ બોર્ડ કાર્યરત્ત છે. જે મહિલાઓને જાગૃતિ, સામાજીક દૂષણો, દહેજપ્રથા, ભ્રૃણહત્યા અટકાવવા અને કન્યા કેળવણી કાર્યક્રમો યોજીને મહિલાઓમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છેઇન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રીએ મહિલાઓ જાગૃત બની સમાજનું ઋણ અદા કરવા આહવાન કર્યુ હતું. આ પ્રસંગે ભરૂચ જિલ્લા મહિલા કેળવણી મંડળના પ્રમુખ શ્રી વીણાબહેન રાણા, વકતા ક્રિષ્ણા પૂજારા, શ્રી ભરતભાઇ મહેતાએ સમાજમાં મહિલાઓની ભૂમિકાઓ વિશે જાણકારી આપી હતી. કાર્યક્રમ દરમ્યાન પંજાબ, હરિયાણા, ગુજરાતના લોકકલાકારો ધ્વારા વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમો યોજયા હતા અને શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા હતા. મંત્રીશ્રીએ પંજાબ અને હરિયાણાના કલાકારોનું સન્માન કર્યુ હતું અને શ્રમિક મહિલાઓને પ્રમાણપત્ર અર્પણ કર્યા હતા. ■

વિનોદ કોટેચા

# માતા-પિતાની જાગૃતિથી સુંદર અને તંદુરસ્ત બાળક જન્મી શકે છે

પ્રત્યેક માતા-પિતાનું સ્વપ્ન હોય છે, કે તેમને ઘરે પારણું બંધાય અને રૂડું, રૂપાળું અને તંદુરસ્ત બાળક જન્મે, આ માટે બાળક પેટમાં રહે, ત્યારથી જ માતા અને ગર્ભની સારસંભાળ જરૂરી હોય છે. આપણી પ્રાચીન વ્યવસ્થાઓમાં પણ માતાને પોષક આહાર આપવાનું મહત્વ હતું. સગર્ભા માતાની દેખભાળ વિશેષ રીતે કરવામાં આવતી, બદલતા યુગ પ્રમાણે ધીમે ધીમે આ બાબતે થોડી બેદરકારી આવવા લાગી, કૂપોષણ કે અપુરતી સારસંભાળના કારણે પ્રસૂતા અને નવજાત શિશુનું મુત્યુ પ્રમાણ વધવા લાગ્યું પરંતુ ગુજરાતમાં આ બાબતે જાગૃતિ આવી છે. તેનું કારણ છે, શાસન દ્વારા અમલમાં મૂકાયેલી વિવિધ યોજનાઓ. આ દિશામાં પોરબંદર જિલ્લામાં સાકાર થયેલી કેટલીક વિગતો પર દષ્ટિપાત કરીએ.

### સગર્ભા નોંધણી



આરોગ્ય- તંત્ર દ્વારા આંગણવાડી કાર્યકરો અને ગ્રામ્યકક્ષાના કર્મયોગીઓના સહયોગથી સગર્ભા માતાઓની નિયમિત નોંધણી થાય છે. જિલ્લામાં ચાલુ વર્ષે જુલાઈમાં સાડાચાર હજાર સગર્ભા માતાઓની નોંધણી થઇ છે.

### પ્રસૂતિ નોંધણી

જિલ્લાના અગિયાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને બે બ્લોકમાં વહેચવામાં આવ્યા છે. પોરબંદર બ્લોકમાં છ અને કુતિયાણા બ્લોકમાં પાંચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે. આ કેન્દ્રોના માધ્યમથી થયેલી નોંધણી મુજબ જિલ્લામાં ચાલુ વર્ષે જુલાઇ-૧૧ અંતિત ત્રણહજારથી વધુ પ્રસૂતિઓ નોંધાઇ છે. નોંધાયેલી ૩૨૨૬ પ્રસૂતિમાંથી ૩૧૮૫ સંસ્થાકીય પ્રસૂતિ થઇ છે. જે સંસ્થાકિય પ્રસૂતિના ક્ષેત્રે આવેલી જાગૃતિ દર્શાવે છે. હજુ પણ વધુ જાગૃતિ લાવીને તમામ પ્રસૂતિ સંસ્થાકીય એટલે કે આરોગ્ય કેન્દ્ર, પ્રસૂતિ ગૃહ કે હોસ્પિટલમાં જ થાય, તેવા સઘન સંકલિત પ્રયાસો છે.

### પ્રસૂતાના આરોગ્યનું જતન

ગુજરાત સરકાર દ્વારા ચિરંજીવી, જનની સુરક્ષા સહિતની માતૃ - બાળ કલ્યાણની અનેક યોજનાઓ ચાલી રહી છે. સગર્ભા- પ્રસૂતા માતાઓને રસીકરણ કરીને તેનું તથા ગર્ભસ્થ બાળકનું આરોગ્ય જળવાઇ રહે, તેવો ઉમદા આશય સિધ્ધ કરવામાં આવે છે. જિલ્લામાં ચાલુ વર્ષે જુલાઇ - ૧૧ સુધીમાં સાડાત્રણ હજાર જેટલી માતાઓને ટી.ટી.અને બી.સી.જી.નું રસીકરણ હેઠળ આવરી લઇને સંભવિત રોગો કે બિમારી સામે આગોતરુ આરોગ્યછત્ર પૂરુ પડાયુ છે. ઉપરાંત પોલીયો- ડી.પી.ટી.અને સંપૂર્ણ રસીકરણ હેઠળ એટલી જ માતાઓને આવરી લેવામાં આવી છે.

### પોષક આહાર



નવજાત શિશુને માતા દ્વારા કુદરતી ધાવણ મળી રહે તે માટે માતાઓને પોષક આહાર આપવો જરૂરી હોય છે.આંગણવાડીઓના માધ્યમથી માતાઓને પોષક આહારની વ્યવસ્થાનું સચોટ નેટવર્ક ગોઠવાયુ છે. તે ઉપરાંત નવજાત શિશુ થોડું મોટુ થાય, તે પછી તેને પણ પોષક આહાર પૂરો પાડવાની યોજનાઓ સરકારે સમયબધ્ધ અમલમાં મૂકી છે. તે મુજબ ફોર્ટીફાઇડ આટો, તેમાંથી બનતી વિવિધ વાનગીઓ, બાલભોગ સહિતનો પોષક આહાર તંત્ર દ્વારા પૂરો પાડવામાં આવે છે.

### શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ



બાળક મોટું થાય, અને શાળાએ જતું થાય, તે પછી પણ શાળા- આરોગ્ય તાપાસણી કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જેમાં બાળકને કોઈપણ જાતની બિમારીની સારવાર અપાય છે. આરોગ્ય તપાસણી દરમિયાન કોઇપણ ગંભીર રોગ જણાય તો સરકારી હોસ્પિટલો અને જરૂર પડયે રાજ્ય બહાર મોકલવામાં આવે છે. અંધત્વ નિવારણ કાર્યક્રમ હેઠળ પણ બાળકોની આંખોની તપાસ થાય છે.

### સમીક્ષા

આરોગ્ય વિભાગના કાર્યક્રમોની સમીક્ષા અને આયોજન માટે જિલ્લા હેલ્થ સોસાયટીની રચના કરી છે. જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને કાર્યરત આ સોસાયટી ની સમીક્ષા અને આયોજન મુજબ આ કામગીરી અવિરત ચાલતી રહે છે.

### જાગૃતિની જરૂર

પોરબંદર જિલ્લામાં સંસ્થાકીય પ્રસૂતિ માટે આવેલી જાગૃતિ જળવાઇ રહે અને માતૃ- બાળ આરોગ્ય જતન માટે વધુ જાગૃતિ આવે તે માટે વિવિધ પ્રચારાત્મક કાર્યક્રમો તંત્ર દ્વારા જનસહયોગથી યોજાય છે. ■

### જસદણમાં સરપંચોનો સંકલ્પ

# હવે ગામ બનશે શહેર સમોવડિયુ

સાંણથલી ગામના સરપંચશ્રી ધનજીભાઇ ભુવાએ તેમના ગામમા વિકાસની વાત કરતા જણાવ્યુ હતુ કે આ ગામના ₹ બે લાખના ખર્ચે આંબેડકર ભવન, પાણી પુરવઠા ઓવરહેડ ટેન્ક, સીમમાં જવાના રસ્તાઓમાં ચોમાસા દરમિયાન ખેડૂતો સરળતાથી આવી જઇ શકે તે માટે કોઝ વે કમ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. ગામમાં આંગણવાડી, પંચાયત ઘર, અને ગામમાં સી.સી. રોડનું કામ કરવામાં આવ્યું છે આ રીતે લગભગ ૩૦ જેટલા વિકાસ કામો તાજેતરમાં કરવામાં આવ્યા છે. ગામને સમરસ બનાવવાના અમારા પ્રયત્નો રહ્યા છે. ગ્રામ પંચાયતમાં ઇગ્રામની સગવડતાથી ખેડૂતોને ઘણી સરળતાથી ખેતીની નોંધો મળી શકે છે. અમારૂ ગામ સ્વચ્છ અને નિર્મળ બને તે માટે ગટર, શૌચાલય સહિત સ્વચ્છતાના પૂરતા પગલા લેવામાં આવી રહ્યા છે.

જીવાપર ગ્રામ પંચાયત કચેરીના તમામ સદસ્યશ્રીઓ સૌના સહિયારા પુરુષાર્થ દ્વારા ગામને વિકસાવવા કટીબધ્ધ છે. આ તકે કોટડાના સરપંચશ્રી રાઘવજીભાઇ રાજપરા, કાળાસરના સરપંચશ્રી ગોવિંદભાઇ દુમાદીયા તેમજ આસલપુરના સરપંચશ્રી ધીરૂભાઇ ડોડીયાએ તેમના ગામોના વિકાસની બાબતો વર્ણવી હતી.

### જ્યોતિગ્રામથી ઇ-ગ્રામ કનેક્ટીવીટી

ઝુંડાળા ગામના સરપંચશ્રી લીબાભાઇ પદમાણીએ તેમના ગામમાં થયેલા વિકાસ કામો બાબતે જણાવ્યું કે રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા છે તે પ્રમાણે શહેરમાં મળતી તમામ સુવિધાઓ અમારા ગામને મળે તેવા પ્રયાસો થયા છે. ગામમાં જ્યોતિગ્રામ યોજના આવ્યા પછી નાના વ્યવસાયને ઘણું પ્રોત્સાહન મળ્યું છે. નાના ધંધાદારીઓને શહેરમાં જવુ પડતું નથી ગામડે બેઠા જ ધંધો રોજગાર ચલાવી શકે છે. આ જ્યોતિગ્રામ યોજના આવતા અમારા ગામમાં ઇગ્રામ કનેકટીવીટી દ્વારા ખેડૂતોને ખેતીની તમામ વિગતો ગામડે બેઠા મળતી થઇ છે. જેના કારણે તાલુકા સુધી જવાની જરૂરી રહેતી નથી અમો અમારુ ગામ સતત વિકાસ કરતું રહે તેવા પ્રયાસો કરીએ છીએ.

**- સરપંચશ્રી લિંબાભાઇ, ઝુંડાળા**











### મોડેલ ગામ બનાવવાના પ્રયાસ

જસદણ તાલુકાના અમરાપુરના સરપંચશ્રી નાથાભાઇ વાસાણીએ તેમના ગામમાં થયેલા વિકાસ કામો વર્ણવતા જણાવ્યુ કે અમારા ગામમાં લાયબ્રેરી, પ્રાથમિક શાળાના રૂમો, પીવાના પાણીનો ટાંકો, સી.સી. રોડ સહિતના કામો ₹ ૨૨ લાખના ખર્ચે કરવામાં આવ્યા છે.

મારું ગામ સમગ્ર તાલુકામાં મોડલ ગામ બને તેવા પ્રયત્નો અમે કરી રહ્યા છીએ, ગામમાં જ્યોતિગ્રામ વીજળી કરણ પછીથી અવિરત વિકાસ થઇ રહ્યો છે. અમારૂ ગામ શહેર સમોવડિયું બને તેવા પણ અમારા પ્રયત્નો રહ્યા છે. ગામમાં સ્વચ્છતા, શાંતિ અને સુમેળનું વાતાવરણ સતત રહે તેવા પ્રયાસો અમારી ગ્રામ પંચાયતની ટીમ દ્વારા કરવામાં આવે છે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો વધુને વધુ લાભ મળે તેવા અમારા સતત પ્રયાસો રહ્યા છે.

**- શ્રી નાથાભાઇ વસાણી, અમરાપુર**



### વીજળી પૂરતા દબાણથી મળે છે

જીવાપરના સરપંચશ્રી રેખાબેન બોદરે તેમના ગામના વિકાસ વિષે બોલતા જણાવ્યુ કે વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૦ ના સમયગાળા દરમિયાન અમારા ગામમાં ચેકડેમો, આંગણવાડી, પીવાના પાણીની ઓવરહેડ ટેંક, રસ્તાઓ સહિતના કામો થયા છે. અમારા ગામ નજીક ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશન આવી જતા વીજળી પૂરા દબાણથી મળી રહે છે. જ્યોતિગ્રામ યોજના આવતા અમારા ગામમાં વિકાસની પ્રક્રિયા ઝડપી બની છે.

**- સરપંચશ્રી રેખાબેન બોદર, જીવાપર**

# ઝીયાંગ યાન ગુજરાતના વિકાસથી પ્રભાવિત







મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સૌજન્ય મુલાકાતે આવેલા ચીનના ભારત સ્થિત રાજદૂત શ્રીયુત ઝીયાંગ યાન (Mr. ZHANG YAN) એ ગુજરાત સાથે સાંસ્કૃતિક સંબંધોના સેતુ પ્રસ્થાપિત કરવાની સાથે ગુજરાત જેવા દેશના અગ્રીમ વિકાસશીલ રાજ્યમાં ચીનના આર્થિક સંબંધો વ્યાપક ફલક ઉપર વિકસાવવા ફળદાયી પરામર્શ કર્યો હતો.

ઇન્ડિયા-ચાઇના ઇકોનોમિક એન્ડ કલ્ચરલ કાઉન્સીલના ચોથા ચેપ્ટર તરીકે ગુજરાતમાં સાંસ્કૃતિક કેન્દ્રની સ્થાપના અને તેના સંદર્ભમાં ચીનના ભારતસ્થિત રાજદૂત શ્રીયુત ઝાંગ યાને આગામી સપ્ટેમ્બરમાં કૈલાસ માનસરોવરના યાત્રા પ્રવાસની રૂપરેખા આપી હતી અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ચીનના પ્રવાસ માટે ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું જેનો વિધેયાત્મક પ્રતિભાવ મુખ્યમંત્રીશ્રીએ આપ્યો હતો.

ગુજરાત અને ચીન વચ્ચેના બુદ્ધકાલિન પુરાતન સાંસ્કૃતિક સંબંધો, ચીન અને ગુજરાતની જનતાના ટ્રેડર્સમાંથી મેન્યુફેક્ચરીંગ કૌશલ્યની ઉદ્યમશીલતાની સામ્યતા, જહાજવાડાના કૌશલ્ય નિર્માણનું સામર્થ્ય વિશેની વિશિષ્ઠતાઓની ભૂમિકા મુખ્યમંત્રીશ્રી પાસેથી જાણીને ચીનના રાજદૂત અત્યંત પ્રભાવિત થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત અને ચીન વચ્ચે આર્થિક, ઔદ્યોગિક વાણિજ્યિક સંબંધોની વ્યાપાક ફલક ઉપર વિકાસની વિશેષ સંભાવનાઓનો વિગતવાર નિર્દેશ કરી જણાવ્યું કે ગુજરાતમાં ચીનની ભાગીદારી માટે ખૂબ જ મોટો અવસર છે. લો- કોસ્ટ મેન્યુફેક્ચરીંગ યુનિટો માટે ચીનની કંપનીઓ માટે ગુજરાત સૌથી વધુ અનૂકુળ છે કારણ કે, ગુજરાતમાં શ્રમ-રોજગાર ક્ષેત્રે સંપૂર્ણ સુમેળ અને શૂન્ય સપાટીએ માનવદિન નુકશાની, બ્રોડબેન્ડ કનેકટીવિટી, ૨૨૦૦ કિ.મી.ની. ગેસગ્રીડ, ૨૪ કલાક વીજપુરવઠો અને માળખાકીય સુવિધાઓનું સાનુકૂળ વાતાવરણ છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનમાં માળખાકીય સુવિધા વિકાસના આધુનિકતમ પ્રોજેકટમાં ચીનને ભાગીદાર થવા ઇજન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત અને ચીન વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને સુદ્રઢ બનાવવાની દિશામાં ગુજરાતના ચીન કલ્ચરલ સેન્ટરના ઉપક્રમે ચાઇનીઝ ભાષાના વર્ગોનું પ્રશિક્ષણ અને ચાઇનીઝ વેજીટેરિયન ફૂડના કુકીંગ કલાસ-વિકાસની બાબતે પણ ઇજન આપ્યું હતું, જેનો ચીનના રાજદૂતને સહર્ષ સ્વીકાર કર્યો હતો. તેમણે ગુજરાતમાં પ્રવાસન વિકાસ, પોર્ટ ડેવલપમેન્ટ, કોટન અને કેસ્ટર ઓઇલની ચીનમાં આયાત તથા ચીનની કંપનીઓ અને ગુજરાત વચ્ચે ભાગીદારીનું ફલક વિકસાવવા રાજ્ય સરકારના અભિગમની ભરપૂર પ્રસંશા કરી હતી.

આ બેઠકમાં ઇન્ડો-ચાઇના કલ્ચરલ સેન્ટરના પદાધિકારીઓ, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી એ. કે. શર્મા અને ઉદ્યોગના અગ્ર સચિવશ્રી મહેશ્વર શાહુ ઉપસ્થિત હતા. ■

# શિક્ષક દિને રાજ્ય પારિતોષિક મેળવનાર શિક્ષકો

| ક્રમ | નામ | સરનામું |
|---|---|---|
| ૧. | પ્રવિણાબેન માધવલાલ પટેલ | બાલીસણા પ્રાથમિક શાળા નં. ૨, તા.જિ. પાટણ |
| ૨. | વિમળાબેન નારણદાસ પટેલ | ઘનશ્યામનગર પ્રાથમિક શાળા, માણેકપરા, તા. માણસા, |
| ૩. | શ્રી રમેશભાઇ માધાભાઇ પરમાર | મોમાઇપુરા (વરસોડા) પ્રાથમિક શાળા, તા. માણસા, જિ. ગાંધીનગર |
| ૪. | શ્રીમતી જશીબેન વજાભાઇ બુબડિયા | ભાણપુરા પ્રાથમિક શાળા, તા. દાંતા, જિ. બનાસકાંઠા |
| ૫. | શ્રી અમૃતજી વેલાજી ઠાકોર | કમાલપુર પ્રાથમિક શાળા, તા. વડગામ, જિ. બનાસકાંઠા |
| ૬. | રમાબેન કાનજીભાઇ પટેલ | થાંભા પ્રાથમિક શાળા, પો. નશીકપુર, તા. સંતરામપુર, જિ. પંચમહાલ |
| ૭. | કલાવતીબેન વિઠ્ઠલભાઇ પટેલ | આલમગઢ પ્રાથમિક શાળા, તા. વાઘોડિયા, જિ. વડોદરા |
| ૮. | શ્રી ગોવિંદભાઇ ભાવાભાઇ ભાલિયા | સિંહાપુરા પ્રાથમિક શાળા, તા. વાઘોડિયા, જિ. વડોદરા |
| ૯. | શ્રી રમેશભાઇ જીવણભાઇ પટેલ | ખાંભડા પ્રાથમિક શાળા, તા. ચિખલી, જિ. નવસારી |
| ૧૦. | શ્રી પ્રકાશભાઇ ખુશાલભાઇ. પટેલ | સુખાલા પ્રાથમિક શાળા, તા. કપરાડા, જિ. વલસાડ |
| ૧૧. | રેવાબેન એમ. થોરાત | મગોદ મહાફળિયા પ્રાથમિક શાળા, તા. જિ. વલસાડ |
| ૧૨. | શ્રી જીતેન્દ્રભાઇ હંસરાજભાઇ ધામી | ઉજળા પ્રાથમિક શાળા, મુ. ઉજળા, તા. જામકંડોરણા, જિ. રાજકોટ |
| ૧૩. | અનિલાબેન શંભુભાઇ ગજેરા | શ્રી કન્યા શાળા, ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ |
| ૧૪. | શ્રી વિનુભાઇ ઘુસાભાઇ પદમાણી | શ્રીમતિ આર.જી. ચોવટીયા પ્રાથમિક શાળા, મોટી ખિલોરી, તા. ગોંડલ, જિ. રાજકોટ |
| ૧૫. | શ્રી હરદેવસિંહ ટપુભા ગોહિલ | ગોરીયાળી પ્રાથમિક શાળા, તા. ઘોઘા, જિ. ભાવનગર |
| ૧૬. | જાગૃતિબેન કાંતિભાઇ ઓઝા | સીતારામનગર પ્રાથમિક શાળા(નરેડી) તા. વંથલી, જિ. જુનાગઢ |
| ૧૭. | શ્રી ટંડેલ વસનાભાઇ ગુલાબભાઇ | સર્વોદય હાઇસ્કુલ મુ.પો. સેગવી, તા. જિ. વલસાડ |
| ૧૮ | શ્રી જાંજરૂકિયા રતિલાલ રવજીભાઇ, | શ્રીમતી આર. જે. કનેરીયા ગર્લ્સ હાઇસ્કુલ, જુનાગઢ |
| ૧૯ | શ્રી બારડ ઈશ્વરલાલ પરસોત્તમભાઇ | જનતા વિદ્યાલય મુ. જાળીયા, વાયા બાબાપુર, તા. જિ. અમરેલી |
| ૨૦ | ડાૅ. વર્ષાબેન ભુપેન્દ્રભાઇ પારેખ | એમ.બી. પટેલ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ, સર્વ વિદ્યાલય, સેકટર-૨૩, ગાંધીનગર |
| ૨૧ | શ્રી નિતીન એચ. જોબનપુત્રા | શ્રી ઈન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કુલ, સરકારી અને ઉચ્ચ.મા.શાળા, ભૂજ-કચ્છ |
| ૨૨ | શ્રી પટેલ અશોકકુમાર પરસોત્તમભાઇ | સર્વોદય વિદ્યામંદિર, દિવાળી પોળ, નડિયાદ, જિ. ખેડા |
| ૨૩. | શ્રી ગોહિલ મહેન્દ્રસિંહ ભારતસિંહ | શ્રીમંત મહારાણા શ્રી મોહનદેવજી હાઇસ્કુલ, ધરમપુર, તા. ધરમપુર, જિ. વલસાડ |
| ૨૪ | પન્નાબેન કે. પંડ્યા | શ્રી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ, ગર્લ્સ હાઇસ્કુલ, ભક્તિનગર, એસ. બી.આઇ.ની બાજુમા, રાજકોટ |
| ૨૫ | શ્રી ચાવડા ભરતકુમાર બેચરભાઇ | રા.શા. શ્રી ઝવેરચંદ મેઘાણી હાઇસ્કુલ, બગસરા, જિ. અમરેલી |
| ૨૬ | શ્રી પટેલ દશરથલાલ માધવલાલ | જી.ડી. હાઇસ્કુલ, વિસનગર, તા. વિસનગર, જિ. મહેસાણા |
| ૨૭ | શ્રી પંડ્યા જ્યોતિર ઉપેન્દ્રભાઇ | શ્રીમતી આઇ.એન. ટેકરાવાળા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક હાઇસ્કુલ, સુગમ સોસાયટી, ધનમોરા કોમ્પલેક્ષ પાસે, અડાજણ, સુરત |
| ૨૮ | શ્રી વઘાસિયા વિઠ્ઠલભાઇ દુદાભાઇ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય, ઢેબરભાઇ રોડ, રાજકોટ |
| ૨૯ | શ્રી ડાૅ. જોષી ભૂપેન્દ્રકુમાર નારણભાઇ | શ્રીમતિ મણિબેન કોટક હાઇસ્કુલ, , રાજેન્દ્રભુવન રોડ, સરકારી હોસ્પિટલ સામે, વેરાવળ, જિ. જુનાગઢ |

R.N.I. NO.38351/81, Regd. No. G/GNR/10 WPP No. 0099
Licensed to Post without Prepayment At Post : MBC, AHD/Surat/Vadodara/Rajkot/ on every 3 to 11 and 18 to 26 E.M.
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50/- Renewal Registration upto December-2011
**માહિતીખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. દ્વારા મુદ્રિત**
If undelivered pl. return to MBC, AHD/Surat/Vadodara/Rajkot Respectively



**BOOK POST**

**R.N.I No. 38351/81,
Regd. No. G/GNR/10
Licence No. 0099
Licensed to Post without Prepayment
Gujarat (Fortnightly)**

**To,**

**-: ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦